ઓપિનિયન

યો વૈ ભૂમા તત્ સુખમ્।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 16 • પ્રકરણ : 05 • સળંગ અંક : 185 26 ઑગસ્ટ 2010 ડિજિટલ અવતાર – પાંચ

મૂંઝવણમાંથી માર્ગ

• ઈ. એફ. શુમાખર (અનુ. જયન્ત પંડ્યા)

અર્નસ્ટ ફ્રેડરિક શુમાખર
(૧૬.૦૮.૧૯૧૧ - ૦૪.૦૯.૧૯૭૭)

શુમાખર આ જમાનાના પ્રાજ્ઞ પુરુષ હતા. પ્રાજ્ઞ એટલે દૂરનું જોઈ શકે એટલું જ નહિ પણ તેમાં રહેલા સારાસારને આપણા હાથમાં મૂકી શકે. પોતે જાણીતા અર્થશાસ્ત્રી પણ તેમણે અર્થનો અનર્થ ન થઈ જાય એ માટે વૈજ્ઞાનિક વિચારણાઓ કરી. અમેરિકાના પ્રમુખ કાર્ટર તેમના પુસ્તક 'નાનું તે રૂડું' ઉપર ફિદા હતાં. શૂમાખરનું આ પુસ્તક જીવનદર્શનનું, બુધ્ધિપૂર્વકની તત્ત્વચર્ચાનું પુસ્તક છે. આટલા નાના પુસ્તકમાં આટલું બધું અર્થવાહક સત્ય તે વળી કેમ સમાવી શક્યા તેનું આશ્ચર્ય થાય પણ તત્ત્વદર્શી ઋષિઓને શું શક્ય નથી? ભાષા વિચાર તેમની પાસે બાલવત આવીને બેસે છે. તો "નિરીક્ષક"ના પૂર્વ તંત્રી જયંત પંડ્યાનો અનુવાદ ખૂબ સુંદર છે. અને એટલે જ આ પુસ્તક એક ગુરુની ગરજ સુપેરે સારે છે. પ્રસ્તુત લેખ પુસ્તકના નિચોડ રૂપ અંત્યકથન છે અને લેખના અંતે તેની અંગ્રેજી આવૃત્તિ ઓનલાઈન વાંચી શકાય તેની લિંક આપી છે જે ઉપયોગી થશે.

•

ડિવાઈન કૉમેડીમાં, ડેન્ટી જ્યારે જાગ્યો અને પોતાની જાતને તેણે, જ્યાં જવા માગતો ન હતો એવા ભયાનક અને નિબિડ અરણ્યમાં જોઈ ત્યારે, પર્વતના શિખરે આરોહણ કરવાની તેની શુભ દાનત કશા કામમાં ન આવી; પાપીપણાની વાસ્તવિકતા પૂરેપૂરી પિછાણવા માટે પહેલાં તો તેને દોજખ – ઈન્ફર્નો – માં ઊતરવું પડ્યું. આજના આધુનિક જગતમાં 'વસ્તુઓની જે ખરેખરી હાલત છે' તેના દોજખનો સ્વીકાર કરનારા લોકોને 'વિનાશના દ્રષ્ટાઓ', 'નિરાશાવાદીઓ' એવું એવું કહીને ઉતારી પાડવામાં આવે છે. ડેન્ટીનાં, તેમ જ વર્તમાન સમાજરચનાનાં, એક સરસ વિવેચક ડોરોથી સેયર્સને જે કહેવાનું છે તે આ પ્રમાણે છે :

'ઈન્ફર્નો – દોજખ – એ પાતક અને ભ્રષ્ટાચારમાં પડેલા માનવસમાજના ચિત્ર સિવાય, અન્યથા, કંઈ નથી એ વાતમાં બહુ સંમત થશે. અને આજે જ્યારે આપણને લગભગ ખાતરી થઈ ચૂકી છે કે સમાજની સ્થિતિ વરવી છે અને તે પરિપૂર્ણતાની દિશામાં આગળ જઈ રહ્યો નથી ત્યારે, ભ્રષ્ટાચારની ઊંડી ગર્તામાં લઈ જનારો પગથિયાં ક્યાં છે તે ખોળી કાઢવાનું કામ ઘણું સહેલું છે. નિરર્થકતા, વ્યર્થતા, નૈતિક શિથિલતા, અકરાંતિયો ઉપભોગવાદ, આર્થિક – બેજવાબદારી, નિરંકુશ મિજાજ, સ્વકેન્દ્રી અને હઠાગ્રહી વ્યક્તિવાદ, હિંસા, વંધ્યતા, જીવન તથા સંપત્તિ પ્રતિ અનાદર, જાતીય વૃત્તિઓનું શોષણ, પ્રચાર તેમ જ વિજ્ઞાપન દ્વારા ભ્રષ્ટ થતી ભાષા, ધર્મનો વ્યાપાર, વહેમનો ઉછેર, ઉત્તેજના અને જાતજાતનાં 'વશીકરણો'થી લોકમાનસને બીબાંઢાળ બનાવવાની કામગીરી, જાહેર જીવનમાં માણસોની ખરીદી અને દોરી સંચારથી નચવવાની પ્રવૃત્તિ, દંભ, ભૌતિક વસ્તુઓમાં અપ્રામાણિકતા, બૌદ્ધિક નિષ્ઠાનો અભાવ, પોતાના લાભને માટે (વર્ગ સામે વર્ગમાં, રાષ્ટ્ર સામે રાષ્ટ્રમાં) દુર્ભાવનું સર્જન, પ્રત્યાયનનાં તમામ સાધનોને બોદાં કરીને તેમનો કરવામાં આવતો વિનાશ, લોકોની હીનતમ અને અણઘડ લાગણીઓનો બહેકાટ, સગપણનાં, સ્વદેશની, પસંદ કરેલી મૈત્રીનાં અને પ્રતિજ્ઞાબદ્ધ વફાદારીનાં મૂળભૂત તત્ત્વોનો દ્રોહ : આ બધાં, સમાજને ઠંડાગાર મોત તરફ અને તમામ સભ્ય સંબંધોને ટૂંપો દેવા તરફ માનવજાતને દોરી લઈ જનારાંના બહુ સહેલાઈથી જોઈ શકાય તેવાં પગથિયાં છે. (ડોરોથી એલ. સેયર્સ, ઈન્ટ્રોડક્ટરી પેપર્સ ઑન ડેન્ટી - લંડન, ૧૯૫૪)

કેન્દ્રોત્સારી સમસ્યાઓની કેવી તે હારમાળા ! છતાં હજુ પણ લોકો 'નિરાકરણો' માટે બુમરાણ મચાવ્યા કરે છે અને તેમને જ્યારે એમ કહેવામાં આવે કે સમાજની પુન:પ્રતિષ્ઠા બહારથી આયાત થવાની નથી, બલકે અંદરથી ઉગાડવાની છે ત્યારે તેઓ રોષે ભરાય છે. ઉપરનો ફકરો લખાયાને પા સદી કરતાં વધારે વખત થયો. તે દિવસથી જે પ્રગતિ થઈ રહી છે તે તો ઢોળાવ તરફની છે અને તેથી જ દોજખનું વર્ણન વધારે પરિચિત લાગે છે.



સન ૧૯૭૩માં પ્રગટ થયેલી પહેલી આવૃત્તિનું મુખપૃષ્ઠ

પરંતુ કેટલાક વિધાયક ફેરફારો પણ થયા છે: પુન:પ્રતિષ્ઠા અંદરથી થવી જોઈએ એવું કહીએ ત્યારે કેટલાક લોકો હવે ગુસ્સે નથી થતા; બધું 'રાજકારણ' છે અને સભ્યતાને બચાવવા માટે 'પ્રથા'ની ઉદ્દામ પુનર્વ્યવસ્થા કારગત નીવડશે એવી, પચીસ વર્ષ પહેલાં ઝનૂનથી પકડી રાખવામાં આવતી માન્યતા આજે એ રીતે પકડી રાખવામાં આવતી નથી; આજના જગતમાં સર્વત્ર નવી જીવનશૈલી અને સ્વૈચ્છિક સાદાઈના પ્રયોગો થાય છે. ભૌતિક વિજ્ઞાનવાદનો હુંકાર ઓસરવા માંડ્યો છે અને ઈશ્વર ઉલ્લેખ ભદ્ર સમાજમાં કેટલીક વાર સહી લેવામાં આવે છે. આમાંનું કેટલુંક પરિવર્તન આધ્યાત્મિક આંતરસૂઝમાંથી પ્રગટેલું નથી પરંતુ, પર્યાવરણની કટોકટી, બળતણની કટોકટી, અન્ન કટોકટીનો ભય અને આવનારી સ્વાસ્થ્યની કટોકટીના સંકેતો સમી ભૌતિક ભીતિઓમાંથી પ્રગટેલું છે. આ તથા આવા અનેક પડકારોની સામે, ઘણા લોકો હજુ 'ટેકનોલોજીની પકડ' માં શ્રદ્ધા રાખવાનો પ્રયત્ન કરે છે. તેઓ કહે છે કે, આપણે જો મિશ્ર - ઉર્જા વિકસાવી શકીઓ તો બળતણની સમસ્યા ઉકેલી શકાશે. તેલનો ખાદ્ય પ્રોટીનમાં ફેરવવાની પ્રક્રિયા પરિપૂર્ણ કરીએ તો દુનિયાની અન્ન સમસ્યા નિવારી

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex
HA0 2JZ [U.K.]

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue,
30, Avantikabai Gokhale Street,
Opera House,
MUMBAI - 400 004
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

શકાશે અને નવી દવાઓની શોધથી સ્વાસ્થ્યની ગમે તેવી કટોકટીને અવશ્ય ટાળી શકાશે ...વગેરે.

આમ છતાં આધુનિક માણસ સર્વશક્તિમાન છે એવી શ્રદ્ધા પાતળી પડતી જાય છે. બધી નવી સમસ્યાઓ ટેકનોલોજીની પકડથી ઉકેલવામાં આવે તો પણ નિરર્થકતાની, પરતંત્રતાની અને ભ્રષ્ટાચારની સ્થિતિ જવાની નથી. હાલની કટોકટી ઘેરી બની તે પૂર્વે પણ આ સ્થિતિ હતી, અને આપમેળે એ જવાની નથી. વધારે અને વધારે લોકોને હવે ભાન થતું જાય છે કે, 'આધુનિક પ્રયોગ' નિષ્ફળ ગયો છે. શરૂઆતમાં એ પ્રયોગને, દેકાર્તની કહેવાતી, ક્રાન્તિનું બળ મળ્યું હતું અને જેણે દુર્નિવાર તર્કથી માણસને તેની માનવતા સાચવી રાખે તેવા ઉચ્ચતર સ્તરોથી વિખૂટો પાડ્યો હતો. માણસે પોતે જ પોતાના માટે સ્વર્ગનાં દ્વાર બંધ કરી દીધાં હતાં. અને પોતાની તમામ શક્તિ તથા તળપદીવૃત્તિઓથી પૃથ્વી ઉપર બંધાઈ રહેવાનું પસંદ કર્યું હતું. હવે એને લાગવા માંડ્યું છે કે પૃથ્વી એ તો વચગાળાની સ્થિતિ છે અને સ્વર્ગ જવાના ઈન્કારનો અર્થ અનિચ્છાએ નર્કમાં જવાનો થાય છે.

દેવળો વિના જીવવાનું શક્ય છે એમ કલ્પી શકાય છે પરંતુ ધર્મ વિના – એટલે કે 'સામાન્ય જીવનનાં' સુખદુઃખ, વાસના અને તૃપ્તિ, સ્વચ્છતા અને કુવડપાણું એ જ કાંઈ હોય તેનાં કરતાં, ઉચ્ચતર સ્તરો સાથે અનુબંધ જોડવા – વિકસાવવાના પદ્ધતિસરના કાર્ય વિના – જીવવું શક્ય નથી, ધર્મ વિના જીવવાનો પ્રયોગ નિષ્ફળ ગયો છે એવું એક વાર સમજી લીધા પછી આપણું ઉત્તર આધુનિક કર્તવ્ય શું છે તેની સૂઝ પડવા માંડશે. ઘણી મોટી સંખ્યામાં (ભિન્ન ભિન્ન વયના) જુવાનો યોગ્ય દિશામાં મીટ માંડી રહ્યા છે એ બહુ સૂચક છે. કેન્દ્રાભિસારી સમસ્યાઓનાં નિત્યનાં સફળ નિરાકરણો હવે ખપનાં રહ્યાં નથી એવું તેઓ તેમના લોહીમાં અનુભવે છે એટલું જ નહીં પણ જીવનના હાર્દરૂપ કેન્દ્રોત્સારી સમસ્યાઓનો મુકાબલો કેમ કરવો, તેમની સાથે કેમ બાખડવું તે શીખવામાં એ અંતરાયરૂપ છે એમ તેમને લાગે છે.

ખરાબમાંથી સારી વસ્તુ નિપજાવવી એ જ જીવન જીવવાની કલા છે. આપણને જો આટલી 'જાણ' હોય કે આપણે ખરેખર એવા નર્કાગારમાં સરી પડ્યા છીએ કે જ્યાં 'સમાજના ઠંડા મોત સિવાય, બધા સભ્ય સંબંધોના અંત સિવાય બીજું કશું આપણી રાહ જોઈ રહ્યું નથી' તો જ 'ધૂમ જાઓ' કરવા માટેનું આવશ્યક બળ અને કલ્પના આપણે ભેગાં કરી કરીશું. જે જગતમાં માણસો વસ્તુઓ વિશે સતત બોલતા રહેતા હોય પણ તેને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જતાં હોય તેવી સ્થિતિમાંથી, ખરેખર સિદ્ધ કરી શકાય એવા નવતર પ્રકાશમાં, ઉક્ત સ્થિતિ, જગતને મૂકી આપશે. આ પૃથ્વી આખી માનવજાતને ખવડાવી શકે એટલી ઉદાર છે; પૃથ્વીને નરવી રાખવા જેટલું પર્યાવરણનું જ્ઞાન આપણી પાસે છે. દરેકને પર્યાપ્ત છાપરું મળી શકે તેટલી જગ્યા અને તેટલાં સાધનો પૃથ્વી ઉપર છે. કોઈને દુઃખમાં રહેવું ન પડે એટલો જરૂરિયાતનો પુરવઠો પેદા કરવાને આપણે પૂરા સમર્થ છીએ. એ બધાંની ઉપર રહેલી આર્થિક સમસ્યા એ કેન્દ્રોત્સારી છે અને તે તો ક્યારનીય ઊકલી ચૂકી છે એવું અંતે આપણે જોઈ શકીશું; પૂરતી જોગવાઈ કેમ કરવી તેની આપણને ખબર છે. અને તે માટે હિંસક, અમાનુષી, તેમજ આક્રમક ટેકનોલોજીની જરૂર નથી. એક અર્થમાં, આર્થિક સવાલ છે જ નહીં, પહેલાં પણ ન હતો. પરંતુ નૈતિક સમસ્યા અવશ્ય છે જે કેન્દ્રાભિસારી નથી કે જેથી તેનું નિવારણ થઈ શકે અને ભવિષ્યની પેઢીઓ તેને માટેના પુરુષાર્થ વિના જીવી શકે. એ સમસ્યાઓ કેન્દ્રોત્સારી હોઈ તેને સમજવાની અને અતિક્રમી જવાની હોય છે.

આપણે એવી શ્રદ્ધા રાખી શકીએ કે આજના જગતને ઉગારવા પૂરતા લોકો, પૂરતી ત્વરાથી 'ધૂમ જાઓ' કરી શકાશે? ઘણી વાર પૂછાતા આ સવાલનો જે કોઈ જવાબ હશે તે ગેરમાર્ગે દોરનારો હશે. જવાબ 'હા' હશે તો તે આત્મવંચનામાં લઈ જશે; જવાબ 'ના' હશે તો હતાશા પ્રેરશે. આ બધી મૂંઝવણોને વેગળી મૂકીને કામે લાગી જવું એ જ ઈષ્ટ છે.

•

(From the translation of A GUIDE FOR THE PERPLEXED by E F SCHUMACHER, આ આખું મૂળ પુસ્તક અહીં ક્લિક કરવાથી <http://browseinside.harpercollins.com/index.aspx?isbn13=9780060906115> તેના અંગ્રેજી સ્વરૂપમાં વાંચી શકાય છે.)

બિલિપત્ર

સુખને નજરમાં રાખ્યા સિવાય ફિલસૂફી કરવાનું માણસ માટે કોઈ કારણ નથી.

- સંત ઓગસ્ટિન

સાભાર :
http://aksharnaad.com/2010/06/30/a-guide-for-perplexed-by-jp/

•

એ જ રીતે હીંચી છે !

♥ પંચમ શુક્લ

આડી-અવળી ને ઊંચી-નીચી છે.
હાથમાં એ એજ રીતે હીંચી છે!
એમ અમથું બદામ ફૂટે કંઈ?
થોડી ટોચી છે, થોડી ટીચી છે!
જાગૃતિના ઓછાયા છટકો, લ્યો-
શ્વાનની જેમ આંખ મીંચી છે!
કાન વાવરવા કોના ટહુકા પર?
થોડું 'ઘૂ' 'ઘૂ' છે, થોડું 'ચીં' 'ચીં' છે!
કયાંક લથડી પડાય, ટપકી પણ,
હા, ગઝલ હદ વગરની હીંચી છે!

૧૧/૭/૨૦૧૦
છંદોવિધાન: ગાલગા ગાલગા લગાગાગા

e.mail : spancham@yahoo.com

એક દિન હતો, એક પળ હતી ! …

© વિપુલ કલ્યાણી

ઓ રસિયા ! આ રશિયા !!

સેન્ટ પીટર્સબર્ગથી અમે પાછા ફર્યા અને વળતે દિવસે યાસ્નાયા પોલ્યાના ભણી અમારી સવારી ઉપડે, તેની બીચ, અમારા યજમાને મૉસ્કોમાં વસતાં કેટલાંક હિન્દી શહેરીઓને ઘેર મિજબાનીએ નોતર્યાં હતાં. કુદ્સિયાબહેનની નાદુરસ્તીને કારણ સ્વાભાવિક સંખ્યા સીમિત હતી. એક જુના જોગી, નરેશભાઈ વેદી તો અતુલ સવાણીના જુના સાથીદાર અને જિગરી દોસ્ત. અતુલભાઈ જે ગગનચૂંબી આવાસમાં વસે છે તેમાં તે પણ પરિવાર સાથે વસે. નાદુરસ્તીને કારણે મિજબાનીનો સમય ટાળીને એ, આગોતરા, બપોર વેળા, નિરાંતે મળવા હળવા આવી ગયા. બહુ સૌમ્ય લાગ્યા. સમજે ઘણું, જાણે ઘણું. તે સજ્જન પણ અતુલ સવાણીની પેઠે ખૂબ ઠરેલ, અભ્યાસુ અને વિવેકી. અને તેમના વાચનમાં સંસ્કૃતિ અને ધર્મલક્ષી વાચનનો પણ સમાવેશ. અમે લોકોએ રશિયા, ભારત અને આનુષંગિક બાબતની આપ-લે કરી. નરેશભાઈનાં કામોની જાણકારી પણ મેળવી. આશરે બે'ક વરસ પહેલાં જ, નાદુરસ્તીને લીધે નરેશભાઈનું અવસાન થયું છે. આ જ નરેશભાઈની દીકરી મિતા અતુલભાઈની કાળજીએ દેખભાળ રાખે મૂકે છે.

આમ જોઈએ તો 'કહાની એક નયે મઝમૂન કી'ના લેખક, રાધે દુબે પણ તે જ પરિપાટીમાં બેસે. 'એક સામ્યવાદીનાં કેટલાંક સંભારણાં' વિશેની આ હિન્દુસ્તાની જબાનની ચોપડીમાં એમના મૉસ્કોનિવાસની કેટલીક રોચક બાબતો છે. રાધાકૃષ્ણ દુબેએ અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી એમ.એ., એલ. એલબીનો અભ્યાસ કરેલો; અને પછી, મુંબઈ ખાતે સામ્યવાદી પક્ષના મુખ્ય દફ્તરમાં કામે વળગેલા. ત્યાંથી પક્ષનાં મુખપત્રી સામિયકનું એ સંપાદનકામ પણ કરતા હતા. ૧૯૫૫ના અરસામાં એ મૉસ્કો પહોંચેલા અને ત્યાં મૉસ્કો રેડિયોમાં ઉદ્ઘોષક તરીકે ગોઠવાઈ ગયેલા. લાંબા અરસાના વસવાટને કારણે અનેકના સહવાસમાં આવ્યા જ હોય. તેમાં એક રૂસી લલનાનો પરિચય થયો, પરિણય થયો. સંતાન થયાં. ન ફાવ્યું અને છૂટા ય થઈ ગયા. સન ૧૯૮૯થી, હવે, નિવૃત્તિનો સમય દિલ્હીમાં તે વ્યતિત કરે છે. આ પાંચ દાયકાનાં સંભારણાંની ચોપડી છે. ક્યાંક ક્યાંક ઝલક જોવાની મળે છે. લખાણ જો કે સુવ્યવસ્થિત નથી, પરંતુ અહીં આપી કથણી આપણને બીજે ક્યાં ય વાંચવા ન મળે તેવી જરૂર છે. માટે આ ચોપડીનું થોડુંક પણ દસ્તાવેજી મહત્ત્વ છે. આ ચોપડીમાંનાં કેટલાંક તારણોની વાત હવે પછી ક્યારેક.

સમી સાંજે કુદ્સિયાબહેન પણ અમારી જોડાજોડ મજલિસમાં આવી થોડુંક બેઠાં. નરેશભાઈનાં દીકરી મિતાબહેન તો મહેમાનોની સરભરા કરવાનાં કામોમાં પૂરેવચ્ચ વ્યસ્ત રહ્યાં. "ઇન્ડિયન એક્સપ્રેસ" દૈનિકના રશિયા ખાતેના તત્કાલીન મુખ્ય સંવાદદાતા દદન ઉપાધ્યાય પણ હતા. તેમની સંગાથે લાગણીનો તંતુ સહજ જોડાતો હતો. આ અંગ્રેજી દૈનિકની મુંબઈ આવૃત્તિમાં થોડાં વરસો કામ કર્યાનો મને અનુભવ. અને પ્રકાશભાઈને "લોકસત્તા" - "જનસત્તા"માં સમય આપેલો તેનું સંધાણ હતું. વળી, રામનાથ ગોયન્કા સાથેનો એમને ભારતના આપત્કાલીન દિવસોમાં નિજી સંબંધ બંધાયો હતો. અમે બંને પાછાં પત્રકાર હોવાને નાતે, કોઈક જાતભાઈ મળે ત્યારે તો કાંટો ચડી જ આવે ને ! તેથી દદનભાઈ સાથે અમે વિશેષપણે વાતે વળગેલા રહ્યા. અવીન્દ્ર સિંહ ચૌહાણ નામે શહેરી શરીક હતા, તો રામેશ્વર સિંહ જેવા હિન્દુસ્તાની સમાજના આગેવાન અને વેપારવણજના માણસ પણ આવેલા. મૉસ્કો સ્ટેટ યુનિવર્સિટીના 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ એશિયન ઍન્ડ આફ્રિકન સ્ટડીસ'ના વિભાગમાંનાં અધ્યાપક લ્યુદ્મિલા ખોખલોવા ય હતાં.

આ મજલિસને સારુ પણ શાકાહારી ભાણું રાંધવામાં આવેલું. કુદ્સિયાબહેનની નાદુરસ્તીને કારણે, અતુલભાઈએ એક રસોયાની તજવીજ કરી રાખેલી. અમે મૉસ્કો પહોંચ્યા તે પહેલાં આ 'મહારાજે' બેચાર શાક, દાળ, ભાત અને રોટલી સમેતની રસોઈ તૈયાર કરેલી અને અતુલભાઈએ તેને 'ફ્રીજ"માં સાંચવી કાઢી હતી. આમ અમારા પહેલા દિવસના રોકાણથી જ આ 'મહારાજ'નો પરિચય થયો. તેમને જોતાવેંત, કોણ જાણે કેમ પણ મને 'જક્ષણી'નો 'મહારાજ' સાંભરી આવતો.

'દ્વિરેફની વાતો - ૧'માં રામનારાયણ વિશ્વનાથ પાઠકની 'જક્ષણી' નામે એક ચિરંજીવ વાર્તા છે. આચાર્ય યશવન્ત શુક્લના મતે 'જક્ષણી'નું ગદ્ય કાવ્યમય છે અને તે ઘટનાના તિરોધાનરૂપ વાર્તા છે. આ વાર્તાએ પણ ટૂંકી વાર્તાનું કલારૂપ સિદ્ધ કરી આપ્યું છે. ખેર ! આ વાર્તામાં વીશીના 'મહારાજ'નું જે શબ્દચિત્ર 'દ્વિરેફે' કર્યું છે, તે અદ્ભુત છે. તેનો જોટો મેળવવો કદાચ મુશ્કેલ છે. આખી પ્રસંગકથામાંથી આ એક જ ફકરો તેની સાખ પૂરશે :

'જે દી નવરો દીનોનાથ' તે દી મહારાજને ઘડ્યો હશે. તેનો વર્ણ ધોળો હતો, બટાટાને બાફીને છાલ કાઢી નાખીએ એવો ધોળો અને તેની ઉપર કાળા, રાતા, પીળા તલની ઝીણી છાંટ હતી. તેનાં લથડબથડ અંગો જાણે ઘસી ન પડે એટલા માટે, કાછિયો સૂરણ-બટાટા ગાંસડીમાં બાંધે તેમ, કાળી ઝીણી પોતડીથી બંધ બાંધી બાંધેલાં હતાં. પેટ મોટું હતું પણ આ બંધથી તેના બે ભાગ પડી જતા હતા. અને ઉપલા ભાગ ઉપર કાળું જનોઈ પરસેવાથી ચોંટી ગયું હતું. ઊભો રહે ત્યારે વચ્ચેથી પગ જરા વધારે પહોળા ગોળાકાર રહેતા અને પગલું લાંક વિનાનું ઊંટના જેવું પડતું. મોંમાં જાણે નીચલા જડબામાં એક નહિ પણ દાંતની બે હારો જેવું, અથવા આખા જડબામાં જાણે દાઢો જ હોય તેવું જણાતું હતું અને બ્રહ્મા ઘડીને એટલા ખુશ થઈ ગયેલા હશે કે માટી કાચી હશે એટલામાં જ તેને કપાળે અને બરડે થાબડ્યો હશે – કપાળ તરફ માથું ઢળતું અને વાંસો એવો બહાર નીકળેલો હતો.

જો કે અહીં થોડોઘણો ફેર જરૂર હતો. આ મૉસ્કોવી મહારાજ પૅન્ટ-બુશર્ટધારી હતા. તગડા ખરા. અને રસોઈ કરે ત્યારે ચોખ્ખાઈ શોધવી મુશ્કેલ જ પડે ને ઠામવાસણનો ય ઢગલો ખડકે. જ્યારે અતુલભાઈને બધું ચોખ્ખું ચણક જોઈએ. એમનું રસોડું હંમેશાં સાફસૂથરું જોવા મળતું. તેથી એમની અકળામણ વર્તાતી અનુભવાતી રહેતી. વારુ, ચાળીસી વટાવી ચૂકેલા મંગીલાલ વ્યાસ નામના આ રસોયા મૂળે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના વતની. પાંચેક ધોરણ સુધીનો કાચોપાકો અભ્યાસ. બચપણથી જ, પરિસ્થિતિવસાત્, કડછી, કમંડળ અને કડાઈ સાથે વિશેષ પનારો થયો. આમ રસોઈકામમાં જોતરાઈ ગયા. ચાના વેપારધંધામાં જે. વી. ગોકળ પ્રાયવેટ લિ. એક મોટું નામ. આ જાણીતી પેઢીની એક શાખા મૉસ્કોમાં શરૂ થઈ, તેવાકમાં, મંગીલાલ તેના પૂરા સમયના રસોયા તરીકે જૂન ૧૯૯૩માં મૉસ્કો પહોંચેલા. ત્યાં થોડોક સમય રોજગારી કર્યા બાદ, મંગીલાલે પૂરા સમયની નોકરી છાંડી અને છૂટક રસોયાનું કામ આરંભી કાઢ્યું. વરસોવરસ વિસ્તૃત થતા જતા હિન્દી સમાજમાં આજે તેમની બોલબાલા છે. મૉસ્કોમાં વીસેક હજાર હિન્દીઓ હોવા જોઈએ. સાચે મારગે પહોંચેલાઓનો આ આંકડો છે. … હં ને ? … અવળે મસે પહોંચેલાનો આંક, ભલા, કેમ મળે ? તેની ય સંખ્યા અહીં પણ તગડી છે ! … તો, એક કલાકના દસબાર ડૉલરને દરે તે ભાઈ સારું કમાય છે. બૈરીછોકરાં મૂળ વતન છે. વરસમાં બેચાર વાર પરિવાર કને જતાઆવતા રહે છે, તેમ જ સમાજે ઊભા કરેલા નીતિનિયમોને વફાદાર રહી તે પોતાની ફરજો અદા કર્યા કરે છે.

આ મહારાજની રસોઈની તે શી વાત કરવી ?! તેમનાં શાક અને દાળ ભાવે અને ફાવે તેવાં જ હતાં. આ બધું સાંભરી આવે છે ત્યારે મોંમાં રસના ચટકા જોડાજોડ પાણી સતત વછૂટ્યાં જ કરતું રહ્યું છે. ભાત સાથે તે શાક, તે દાળ આરોગવાની લહેર પડતી હતી; હં કે. જ્યારે તેમણે કરેલી રોટલી વિશે તે શું કહીએ ? એકલદોકલ દાંતે પ્રકાશ શાહને તો જંગે ચડયાનો અનુભવ વર્તાતો હતો ! વળી, અતુલ સવાણી પણ આ યુદ્ધકળામાં નિપુણ જાહેર થયા નહીં. મેં તો પહેલેથી જ હાર કબૂલી લીધી હતી !! એક દિવસ તેમણે ફણસી જેવી કોઈક લીલોતરીનું શાક રાંધેલું. લાગલા, મારા સાહેબ ! … પ્રકાશ શાહને કુતૂહલનો પાર આવે જ નહીં. અને એમણે માંડી પ્રશ્નકૂંડળી. મહારાજ કહે તેને અમે 'ફરાસ

ઢીલપગા અને દોડપગાની જમાત

© વિપુલ કલ્યાણી

નવલકથા, જીવનચરિત્ર લેખન, નિબંધલેખન ક્ષેત્રે ચંદ્રાભાઈ કાળિદાસ ભટ્ટ (૧૯૦૪ - ૧૯૮૮), એક દા, ગુજરાતી સાહિત્યે તપતા હતા. પણ આજે કેટલાને એ સાંભરે ? … ખેર ! એમણે 'સોવિયેત રશિયાનો સરમુખત્યાર' નામે એક મજેદાર લેખ કર્યો છે. આરંભે યોસિફ સ્તાલિનનું એમણે એક રસપ્રદ અવતરણ મૂક્યું છે :

'નેતૃત્વની કળા, એક ગંભીર બાબત છે. નેતા ચળવળની પાછળ ન પડી શકે. કારણ કે એમ કરવું એટલે જનતાથી અળગા પડી જવું પણ નેતાએ આંખો મીંચીને આગેદોડના આંધળિયા પણ ન કરવાં જોઈએ, કારણ કે એથી એ જનસમૂહનો સંપર્ક ગુમાવી બેસે છે, જે એક હિલચાલની આગેવાની લેવા માગે છે. એને બે મોરચે લડાઈ લડવી પડે છે. એક તો જે ઢીલપગા પાછળ પડી જાય છે એમની સામે અને બીજા જે આગળ ધસ્યે જતા હોય એવા દોડપગાઓ સામે.'

•

વારુ, રૂસી મહાસંઘમાં આજકાલ આશરે ૧૫ - ૧૬ હજાર જેટલાં હિન્દવી નસ્સલનાં લોકો વસે છે, તેમ ભારતીય રાજદૂતાવાસની એક માહિતીયાદી જણાવે છે. રશિયાની કુલ વસ્તીના આ માંડ ૦.૦૧% છે. લાંબા અરસાથી આ મુલકમાં વસનારાઓમાં, વિદ્યાર્થીઓ અને વેપારવણજના લોકોનો ય સમાવેશ છે. મૂળ ભારતીયો હોય તેવાં હજાર પંદરસો જેટલાં

બીન્સ' કહીએ છીએ. અને આ લીલોતરી છેક બલ્ગેરિયાથી અહીં વેંચાવાને આવે છે. લાંબી પડપૂછને અંતે પ્રકાશભાઈએ તારવી કાઢ્યું કે તે તો 'ફ્રેન્ચ બીન્સ' છે ! જે ચોમેર જોવા મળે જ છે. જ્યારે દિલ્હી ચોપાસ પણ તે 'ફરાસ બીન્સ'ને નામે જ વિશેષ જાણીતી છે.

આ મંગીલાલ વ્યાસ, યાને કે રશિયાના આ રસિયા મહારાજ જોડે થોડીઘણી વાતચીત કરવાની મજા પડેલી અને તેમની આંખે એ મૉસ્કોવી દુનિયા જાણવા સમજવાની સરસ તક મળેલી પણ ખરી.

રામેશ્વર સિંહ એક વિદ્યાર્થી તરીકે રશિયા પહોંચેલા. ત્યાં ભણ્યા ગણ્યા અને હવે ત્યાં ઠરીઠામ થઈ ગયા છે. જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ. કર્યા બાદ, તેમણે રશિયાની યુનિવર્સિટીમાંથી ભાષાશાસ્ત્ર ક્ષેત્રે પારંગત બનવાનું રાખેલું. ૧૯૯૨ના અરસામાં આ ક્ષેત્રે તેમને પીએચ. ડી.ની પદવી હાંસલ થઈ છે. નાદિયા નામનાં એક રૂસી સન્નારીને તે પરણ્યાં છે અને સુખે મૉસ્કો મધ્યે જીવે છે. 'આઈડિયા' નામે ધંધોધાપો કરે છે. 'ડિઝાઈન', 'પૉલીગ્રાફી', છપાઈકામ તેમ જ ભાષાન્તરનું કામ પણ તેમાં સામેલ છે.

દદન ઉપાધ્યાય તો લાંબા અરસાથી મૉસ્કોમાં છે. ઘણું કરીને તે ઉત્તર પ્રદેશના મૂળ વતની અને સામ્યવાદ માટે તેમને કૂણી લાગણી હોય તેમ સમજાય છે. "ઇન્ડિયન એક્સપ્રેસ"ના આ પ્રતિનિધિએ ઘણા રોચક લેખો દૈનિક માટે લખેલા છે. અવીન્દ્ર સિંહ ચૌહાણ પણ ઉત્તર પ્રદેશમાં આગ્રા નજીકના વતની છે. તેમના પિતા વ્યવહારદક્ષ, કર્મઠ અને વળી પાછા સામ્યવાદી કાર્યકર. તેમણે દીકરાને સોવિયેત રશિયા વધુ ભણવા મોકલેલા. અને સગવડે તે મૉસ્કોમાં ગોઠવાઈ ગયા. આરંભે નોકરી કરી અને પછી પોતીકો ધંધોધાપો કરી જોયો. અતુલભાઈના મતે તેમનાં પત્ની રેખાબહેન અત્યન્ત સંસ્કારી અને સુભગ સન્નારી. રેખાબહેને કુદ્સિયાબહેનની ભારે કાળજીસંભાળ રાખેલી. અવીન્દ્ર સિંહ બહુ જ ઓછું બોલે. આ મજલિસમાં પણ તેમની ખપ પૂરતી જ દેણગી રહેલી.

અને અમે વાતે વળગ્યા. વાતોમાં રશિયાની પરિસ્થિતિ, રશિયાનો ઇતિહાસ, તેનું રાજકારણ, રશિયામાંનો હિન્દી સમાજ, સાંપ્રત સમાજમાં રંગભેદ, ગુનાખોરી જેવા જેવા અનેક વિષયો ડોકાયા કરેલા. લાંબા અરસાથી રશિયામાં વસવાટ કરતા અતુલ સવાણી સરીખા લોકો માટે આ રંગભેદ, આ ગુનાખોરી વિશેષ ચોંકવનારા વિષયો છે. એમના મતે સામ્યવાદી શાસનમાં તેની અણસાર જોવાને સુદ્ધાં મળતી નહોતી. એક સમયે ભારતીયો માટે આ મુલકમાં પારાવાર સ્નેહાદાર રહેતો. અને સૌ તેની તરફેણમાં જ હતા. જો કે આજે

અફઘાનીઓ પણ અહીં આવી વસેલાં છે. આ સૌમાં વિદ્યાર્થીઓનો આંક સૌથી વિશેષ છે. ૧૯૯૩ના અરસામાં ૩,૫૦૦ જેટલી સંખ્યા હતી, તે ૨૦૦૧ના અરસામાં વધીને ૫,૦૦૦ જેવડી થઈ ગયેલી. આજે આ આંકડો ૭,૦૦૦ જેટલો હોય, તેમ માનવામાં આવે છે. પાટનગર મૉસ્કોમાં જ એકલા પંદરસો જેટલાં વિદ્યાર્થીઓ હોવાનો એક અંદાજ છે.

પરિસ્થિતિ બદલાઈ છે. હવે તો સોવિયેતમાંથી એક પછી એક છૂટા પડેલા નાનામોટા પ્રાન્તોમાંથી, રોજગારી સારુ મૉસ્કોમાં ઠલવાતાં અનેક પ્રકારનાં લોકો માટે ય સહિષ્ણુતા જોવા મળતી નથી. રોજગારી ઘટતી ચાલી છે, સરસાઈએ અને હરીફાઈએ દેખા દેવા માંડી છે અને પરિણામે ભેદભાવ વકરતો જાય છે અને ગુનાખોરી પણ પાછળ પાછળ દેખા દીધા કરે છે.

રશિયામાં વસતા હિન્દી જમાતના સૌ કોઈ 'હિન્દુસ્તાની સમાજ'માં જોડાયેલા હોય તેમ હવે બનતું નથી, તેવો મત અતુલભાઈ, દદનભાઈ અને રામેશ્વરભાઈનો હતો. અતુલ સવાણી અને રામેશ્વર સિંહે તો આ સંસ્થામાં સેવા રોપી છે. સંગઠન, અરસપરસ મિલન જેવાં જેવાં સાધનોનો જે પડઘો એક દા પડતો તે હવે કંઈક અંશે બોદો થયો છે. મૉસ્કોમાંની હિન્દવી જમાત, એક વેળા, એકબીજાને જાણતી અને પરિચયમાં રહેતી. હવે તે ક્ષમતા રહેવા પામી નથી, તેનો ય રંજ વર્તાતો હતો.

અમે રશિયાના ઇતિહાસની ખૂટતી કડીઓ પણ સાંકળવા માગતા હતા. પ્રકાશભાઈએ તો લાગલા તેના સવાલો ધરી દીધા. ધીમે ધીમે લ્યુદ્‌મિલાબહેન જવાબો દેતા ય રહ્યાં. અમે જાણીતા રૂસી ઠઠ્ઠાચિત્રકાર બૉરિસ એફ્રિમૉવની વાતો ય કરી. તેવાકમાં પાટનગર મૉસ્કો ખાતે એ ૧૦૭ વર્ષ જેવડું આયુષ્ય ભોગવી રહ્યા હતા. જૉસેફ સ્ટાલિનના આ ચાહક કાર્ટૂનિસ્ટે સોવિયેત રશિયામાં, એકમેકથી ચડિયાતાં રાજકીય ઠઠ્ઠાચિત્રો, રૂસી દૈનિક "ઈઝવેસ્ટિયા" વાટે, આપ્યાં છે. એમનાં કેટકેટલાં ઠઠ્ઠાચિત્રોએ રાજકીય વિચારધારાને વળાંક આપેલો તેની ય વાત છેડાતી હતી. બીજા વિશ્વ યુદ્ધ વેળા, એડૉલ્ફ હિટલર અને નાઝીઓની સતત મજાક કરતા રહેલા આ કાર્ટૂનિસ્ટે લગાતાર ૭૦ વરસ સુધી કામ કર્યું હતું અને ૭૦,૦૦૦થી વધારે ચિત્રો આપેલાં છે.

બીજી પાસ, રૂસી ક્રાંતિ વેળા સામાન્ય પરિવારોને જે વેઠવાનું આવેલું તેની વાત લ્યુદ્‌મિલાબહેન કરતા હતાં. પોતાના દાદાનો એમણે સવિસ્તાર દાખલો આપેલો. જો કે ભારત સાથે સ્ટાલિનના વારાથી સંબંધો વિકસેલા, તે ખરું. ખ્રુશ્ચેવ, બુલ્ગાનિન, કોસિગિન, બ્રેઝનેવ અને ગૉર્બાચેવ સુધીનો પટ ચર્ચામાં અમે આવરી લીધો હતો. 'પેરેસ્ત્રૉઇકા' અને 'ગ્લાસનોસ્ત' બાબતની વાત પ્રકાશભાઈએ કરી જ કરી; અને તે વિશે ચોમેર મતમતાંતરો જ રહ્યા. અમને સમજાતું રહ્યું કે જગતને ભલે જે કંઈ કહેવું હોય અને માનવું હોય, પરંતુ મિકાઇલ ગૉર્બાચેવને માટે રશિયામાં આદર સરિયામ ઓસરી ગયો છે. સામ્યવાદનું ઊઠમણું થયું તેને સારુ તેમનો જ હાથ વિશેષપણે ખરડાયેલો હતો, તેવું વલણ સામાન્ય જનતામાં રહ્યું છે.

અમને આ વાતચીત હવે વેરાઈ જતી હોય તેમ લાગતું હતું. અને પરિણામે, યજમાનની હાકલે, અમે સૌ ભોજનને માટે સાબદાં થયાં. કેમ કે ચટાકેદાર ભોજન વાટ જોતું હતું. સરસ મજાની સોબત તો હતી જ. તદુપરાંત, યજમાન ખુદ સૌને નજીકમાં આણવાની કળ સતત વાપરી લેતાં હતાં. બેલાશક, આથીસ્તો, ચોમેર ઊર્મિ-નદી ખળખળ વહેતી રહી.

પાનબીડું :

એક દિન હતો, એક પળ હતી, એક આંખડી ચંચળ હતી,
ને પ્રાણના ઉપવન વિશે ઊર્મિ-નદી ખળખળ હતી,
ને જે પરાયાં થઈ પડ્યાં'તાં દૂરની ભૂમિ પરે,
રે, તેમને સૌને નજીકમાં આણવાની કળ હતી !
એક દિન હતો, એક પળ હતી ! …

— કરસનદાસ માણેક

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

રશિયામાં, અબીહાલ, આશરે ૫૦૦ જેટલાં હિન્દી વેપારીઓ હશે અને તેમાંના ૨૦૦ જેટલા મૉસ્કોમાં જ જોવા મળે છે. ભારતીય પેઢીઓ તરીકે અહીં નામાંકન થઈ હોય તેવી ૩૦૦ જેટલી પેઢીઓ છે, જ્યારે બાકીની પેઢીઓ રૂસી પેઢીઓ તરીકે નોંધાઈ છે. આ પેઢીઓ ચા, કૉફી, તમાકુ, દવાઓ, ચોખા, તેજાના, ચામડાંની બનાવટો, સૂતરાઉ કાપડની બનાવટો જેવી સામગ્રીઓ બાબતનો જથ્થાબંધ ધંધોધાપો કરે છે. આ બધી સામગ્રીઓ ભારતથી અહીં આયાત કરવામાં આવે છે. મૉસ્કોમાંની તેમ જ બીજા શહેરોમાં પથરાઈ કેટલીક બહુરાષ્ટ્રીય પેઢીઓમાં પણ, વળી, કેટલાંક હિન્દીઓ રોજગારી કરે છે. 'ઇન્ડિયન બિઝનેસ ઍલાયન્સ' નામનું વેપારીઓનું એક મંડળ છે અને તેમાં ૮૦ જેટલા વેપારીઓ જોડાયેલા છે. ૨૦૦૧માં સ્થપાયેલા આ મંડળ સમક્ષ ભારત અને રશિયા વચ્ચેના વ્યાપારી સંબંધો વિસ્તારવાનો તથા વિકાસવાનો હેતુ રહેલો છે. આ સંસ્થામાં નીરજ જૈન અબીહાલ પ્રમુખસ્થાને બિરાજે છે અને મંત્રીપદ અશોક જયસ્વાલના હવાલામાં છે. અન્ય અધિકારીગણમાં રાજીવ અગરવાલ, અતુલ ખૂરાના, દત્તન નાયર અને સૂરજિત સિંહ પત્યાલનો પણ સમાવેશ છે.

પાંચ પાંચ દાયકા ઉપરાંતના સમયગાળાથી મૉસ્કોમાં 'હિન્દુસ્તાની સમાજ' [Indian Association] નામક એક ભારે અગત્યની સંસ્થા અસ્તિત્વમાં છે. સામાજિક તેમ જ સાંસ્કૃતિક ક્ષેત્રે તેનું પ્રદાન રહ્યું છે. ભારતીય રાજદૂતાવાસના બહુ જ ઊંડા સાથસહકારમાં રહેતાં રહેતાં આ સંસ્થા પોતાનું કારભારું કરે જાય છે. 'જવાહરલાલ નેહરુ કલચરલ સેન્ટર', 'એમ્બેસી ઑવ્ ઇન્ડિયા ક્લબ', 'ઇન્ડિયન વીમેન્સ ઍસોસિયેશન' જેવી પણ સંસ્થાઓ છે. મૉસ્કોમાં 'કેન્દ્રીય વિદ્યાલય' નામની એક ભારતીય સંસ્થાની શાખા છે અને તેના નેજા હેઠળ અહીં એક પૂરા સમયની નિશાળ ચાલે છે. ધોરણ એકથી બાર સુધીના વર્ગો અહીં લેવામાં આવે છે, અને અબીહાલ, આશરે ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય તેવો અંદાજ છે. અહીં ઉચ્ચ અભ્યાસ કરવાને આવેલાં ભારતીય વિદ્યાર્થીઓની, 'ઇન્ડિયન સ્ટૂડન્ટ્સ ઍસોસિયેશન' નામની, એક સંસ્થા હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ સિવાય, 'ભારતીય સાંસ્કૃતિક સમાજ', 'ગુરુદ્વારા પ્રબંધક સમિતિ' સરીખી સંસ્થાઓ પણ કામ કરે છે. વળી, સ્વામી જ્યોતિરૂપાનંદના વડપણ હેઠળ, 'રામકૃષ્ણ સોસાયટી વેદાન્ત સેન્ટર' મૉસ્કો તેમ જ સેન્ટ પીટર્સબર્ગમાંથી પોતાની પ્રવૃત્તિઓ આચરે છે. બ્રહ્માકુમારીઓની તેમ જ 'ઇસ્કોન'ની ધાર્મિક સંસ્થાઓ પણ મૉસ્કોમાં તેમ જ અન્યત્ર જોવા મળે છે. સન ૧૯૬૬માં, રચાયેલી આ 'હરે રામ, હરે કૃષ્ણ' સંપ્રદાયની (The International Society for Krishna Consciousness (ISKCON)) અહીં વિશેષ અસર જોવા સાંપડે છે. ભક્તિ વિજ્ઞાન ગોસ્વામી મહારાજ આ રૂસી સમાજના પ્રમુખ છે અને સાધુ પ્રિય દાસ મૉસ્કો મંદિરના તેમ જ મૉસ્કોમાં આવી હિન્દુ જમાતના વડા તરીકેનો ય હોદ્દો સંભાળે છે. એક માહિતી અનુસાર, રશિયામાં ૬૦ હજાર હિન્દુઓ છે અને મૉસ્કોમાં જ તેનો આંક દસ હજાર જેટલો આંકવામાં આવી રહ્યો છે. અહીં પણ આનંદ માર્ગ, સહજ યોગ, ચિન્મય મિશન, સત્ય સાંઈ બાબા અને રજનીશજી સાથે સંકળાયાં જૂથો વ્યવહારમાં છે.

અસ્ત્રાખાનમાં, એક દા, હિન્દુ મંદિર હતું તેની સાહેદી આપતી કોતરણી

વિકિપીડિયામાં આંટોફેરો કરતાં સમજાયું છે કે ૧૮મી સદીમાં રશિયાના અસ્ત્રાખાનમાં, એક હિન્દુ મંદિર હતું અને ઇન્ટરનેટને પટે તેની એક કોતરણી જોવાની મળે છે. વૉલ્ગા વિસ્તારના સ્તરાયા માઈના [Staraya Maina] નામક એક પડતાં મૂકાયા ગામડામાં, ખોદકામ કરતાં પુરાતત્ત્વવિદ્ એલેક્ઝાન્ડર કૉઝેવિનને ભગવાન વિષ્ણુની એક પુરાણી પ્રતિમા ય મળી આવેલી તેમ જાણવા મળે છે. આ પ્રતિમા સાતમાથી દસમા સૈકાની હોવાનું માનવામાં આવે છે.

રશિયા અને ભારત વચ્ચે આશરે ૧૭મી સદીથી વેપારવણજનો વહેવાર અસ્તિત્વમાં હતો, તેમ 'પ્રેસ ટ્રસ્ટ ઑવ્ ઇન્ડિયા'ના રશિયા માંહેના એક વેળાના સંવાદદાતા વિનય શુકલે અન્યત્ર નોંધ્યું છે. રશિયાના યુરોપીય વિસ્તારમાં દક્ષિણે અસ્ત્રાખાન નામે એક ઑબ્લાસ્ત (પ્રાન્ત) છે. તે માંહેથી વૉલ્ગા નામે નદી વહે છે. કાસ્પિયન સમુદ્રમાં આ નદી મળે તે પહેલાં, તેના મુખત્રિકોણ વિસ્તારમાં, એક તરફ, અસ્ત્રાખાન નામે નગર વસેલું છે. તે બહુ જૂનું શહેર છે. તેને પોતાનો ભાતીગળ ઇતિહાસ છે. કહે છે કે હિન્દી વેપારીઓ આ કાસ્પિયન સમુદ્ર વાટે રશિયામાં વેપાર કરતા અને વૉલ્ગા નદીમાં થઈને આવનજાવન કરી, અસ્ત્રાખાન તથા કિઝલ્યર સુધી પણ પહોંચતા રહેતા. સિંધ અને મુલતાનમાંથી આવો કાફલો ૧૬૧૫-૧૬૧૬ના અરસામાં ગયેલો તેના દસ્તાવેજી પુરાવાઓ સાંપડે છે. ૧૬૨૪માં આવી એક કોઠી અસ્ત્રાખાનમાં રચવામાં આવેલી તેમ જાણવા મળે છે. આ બધી પોરસાવતી વિગતમાહિતીઓ બાબત જો આપણી યુનિવર્સિટીઓમાં સંશોધનકામ કરવામાં આવે તો આપણી પહોંચ કેવડી મોટી હતી તેનો તબક્કાવાર સિલસિલો જાણવા મળે. ડાયસ્પોરાની આ હરણફાળ સમજવાની રસપ્રદ પણ નીવડશે.

સન ૨૦૦૭ના મે મહિનામાં 'હિન્દુસ્તાની સમાજે' પોતાની સુવર્ણ જયંતિની ઉજવણી કરી હતી. મૉસ્કો રેડિયોના પંજાબી ભાષાના ઉદ્‌ઘોષક સમિત્તર સિંહ ઉર્ફે ઇકબાલ, હિન્દી ભાષાના ઉદ્‌ઘોષક રાધેશ્યામ દુબે, તમિળ વિભાગના ઉદ્‌ઘોષક મણિવર્મન, સન ૧૯૫૨થી રશિયામાં સ્થાયી બનેલા બંગાળી લેખક બિનોય રૉય, જાણીતા હિન્દી લેખકો ભીષ્મ સાહની, રામકુમાર વર્મા, બંગાળી લેખક રાધામોહન ભટ્ટાચાર્ય, નૉની ભૌમિક, તમિળ વિદ્વાન સોમસુન્દરમ્, ઉર્દૂ સાહિત્યકાર હબીબુલ રહેમાન જેવા જેવા દૂરંદેશ લોકોએ આ 'હિન્દુસ્તાની સમાજ'ની સ્થાપના સન ૧૯૫૭ના સમયગાળામાં જ કરેલી. મદનલાલ મધુ નામના એક હિન્દી વિદ્વાન પણ આ અરસામાં અહીં આવેલા. આજે એ ૮૫નું વય વટાવી ચૂક્યા છે. અહીં હિન્દી અનુવાદોનાં કામ માટે એમની મૂળગત ભરતી કરવામાં આવેલી. એમણે કેટલુંક રૂસી સાહિત્ય હિન્દીમાં અનુવાદિત કરેલું છે અને તેમાં પુશ્કિન, ચેખૉવ અને તોલ્સ્તોયનો ય સમાવેશ છે. 'હિન્દુસ્તાની સમાજ' સંસ્થાનું પ્રમુખપદ, છૂટક ત્રૂટક, ત્રણેક દાયકા ઉપરાંતના સમયગાળા દરમિયાન, આ મહાશયે સાંચવી રાખ્યું છે. ભારત સરકારે એમને 'પદ્મશ્રી' તથા રશિયાએ 'રશિયન ઑર્ડર ઑવ્ ફ્રેન્ડશિપ'ની નવાજેશ પણ કરેલી છે. ૧૯૬૬માં રશિયા પહોંચેલા અતુલ સવાણી પણ આ સંસ્થામાં લાંબા

અરસા સુધી સક્રિય રહેલા છે. એમણે સમાજનું મંત્રીપદ પણ શોભાવ્યું હતું.

રાધેશ્યામ દુબે લખે છે : 'વાત સન સત્તાવનની છે – અઢારસો નહીં, ઓગણીસો સત્તાવનની. તે સમયે ભારત - સોવિયેત સંબંધ તેની ચરમ સીમા પર હતો. સન ૧૯૫૫ના આરંભમાં, ભિલાઈમાં પોલાદનું કારખાનું ઊભું કરવાના કરાર કરવામાં આવ્યા હતા. તે જ વરસે જૂન મહિનામાં જવાહરલાલ નેહરુએ સોવિયેત સંઘની લાંબી યાત્રા કરી. અને વરસ પૂરું થાય તે પહેલાં ખ્રુશ્ચેવ - બુલ્ગાનિનના સન્માનમાં, વિશ્વ-ઇતિહાસમાં અદ્દલ અદ્દભુત કહી શકાય તેવી, લગભગ ૪૦-૫૦ લાખ લોકોની એક વિશાળ મેદનીવાળી રેલી થઈ હતી. બંને દેશોમાં ઉત્સાહની લહેર દોડી રહી હતી. બંને દેશોની સરકારોએ બધા ક્ષેત્રોમાં સહયોગ અને સમજૂતીના સિલિસલા આરંભી દીધા હતા. તેને પરિણામે રાજનીતિક અને આર્થિક ક્ષેત્રો ઉપરાંત સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ આદાન-પ્રદાન થવા માંડયું હતું. ભારતની વિભિન્ન ભાષાઓના જ્ઞાતા મૉસ્કો જવા લાગ્યા હતા. પહેલવહેલા જવામાં, ક્વચિત્, સોમસુન્દરમ્ હતા. તેમણે મૉસ્કોની હાડ ગાળી નાખે તેવી કડકડતી ઠંડીની પરવાર કર્યા વિના ૧૯૫૬ના ડિસેમ્બરમાં જ પ્રયાણ આદરેલું. બરફ પીગળી રહ્યો તે પછી ,બાકીના બીજા આવવા લાગેલા. કદાચ તે ૧૯૫૭ના માર્ચ ઍપ્રિલ મહિનાઓ હશે. હિન્દી સિવાય ઉર્દૂ, બંગાળી, તમિળ, તેલુગૂ, મલયાલમ વગેરેના જાણકાર નવયુવાનો વિશેષે 'પ્રગતિ પ્રકાશન ગૃહ'માં પુસ્તકોનાં અનુવાદ કામ માટે અથવા મૉસ્કો રેડિયો પરથી તેમની જબાનમાં કાર્યક્રમો પ્રસારિત કરવા માટે આવેલા. તે પછી, કન્નડ, મરાઠી, ગુજરાતી, પંજાબી, અસમી તથા ઉડિયાના જ્ઞાતાઓની પેશગી થયેલી.'

'માર્ચ ઍપ્રિલ ૧૯૫૭માં મૉસ્કો પહોંચનારાઓમાં અગ્રણી હતા ભીષ્મ સાહની.' રાધેશ્યામજી લખે છે, ' … તે દિવસોમાં ક્યારેક વિશેષ કાર્યક્રમોને સારુ, તેમને મૉસ્કો રેડિયો પર ભાગ લેવા આમંત્રવામાં આવતા. તે સતત બંધ ગળાવાળો જયપુરિયા કોટ પહેરતા રહેતા તેમ જ તેમના માથા પર કાળા વાળનું વાંકડિયું ઝુલ્ફું ફરફરતું રહેતું. જેવું તે બોલવાનું શરૂ કરતાં કે તરત રૂસી નવયુવતીઓ એકાબીજાંને પોતાની જબાનમાં કહેતી ફરતી : 'વાહ ! સાંભળવામાં મીઠા તેવા જ દેખાવમાં ય મીઠા !'

વારુ, મૉસ્કો પહોંચનારા આ નવા નક્કોર ભારતીયોનો આંક તેવાકમાં ૨૫-૩૦નો થયો હશે. અને તે સૌ એકબીજાને ત્યાં આવતા જતા અને આમ પરિણામે સમૂહ બનતો ગયો. આવી પરિસ્થિતિની ભૂમિકા વચ્ચે આ લોકોએ 'હિન્દુસ્તાની સમાજ'ની સ્થાપના કરવાનું નક્કી કર્યું, તેમ રાધેશ્યામ દુબે લખે છે. સંસ્થાના પહેલા મહામંત્રી તરીકે ભીષ્મ સાહનીની નિમણૂક કરવામાં આવેલી.

'હિન્દુસ્તાની સમાજ' હેઠળ આરંભથી સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી રહી છે. ફૂલેલા અને ફાલેલા હિંદી - સોવિયેત સંબંધોને કારણે, આ ક્ષેત્રના ઘણા લોકો રશિયા આવતા રહેતા અને આ સંસ્થા વાટે તેમનો લાભ લેવાયા કરાતો. ભારતીય જીવનના બીજા અગત્યના પ્રસંગો અને તહેવારોને પણ સમાજના સભ્યો ઉજવણીમાં સામેલ કરી લેતા. પરિણામે સૂરદાસ, રવીન્દ્રનાથ ટાગોર, 'ઇકબાલ', પ્રેમચંદ, સુબ્રહ્મણ્યમ્ ભારતી વગેરે વગેરેની જન્મજયંતિઓ અને પુણ્યતિથિઓ ઉજવાતી રહી છે. આ સિલસિલો આશરે ૧૯૯૦ સુધી ચાલેલો અને પછી સહજ કરવટ બદલાઈ. હિન્દીઓનો ભરાવો જેમ જેમ વધવામાં રહ્યો તેમ તેમ તેમની બીજીત્રીજી સંસ્થાઓ ય ઊભી થવા લાગી. હિન્દુસ્તાની સમાજનું વર્ચસ્ જળવાયેલું રહ્યું છતાં, પ્રભાવ વેરાતો ગયો. પરિણામે, સંકોરાઈને હિન્દુસ્તાની સમાજ આજકાલ તેની પ્રવૃત્તિઓ કરતી આવી છે.

જેમ સંસ્થાઓ વધી છે તેમ કલેવર અને જોમ પણ વેરાતાં રહ્યાં છે. ધર્મની, સંપ્રદાયોની સંસ્થાઓએ પણ પગ પ્રસારવાનું રાખ્યું છે; અને જેમ અન્યત્ર બનતું રહ્યું છે તેમ અહીં પણ 'ઇહ લોક'ને ઠેકાણે 'પર લોક'ની ચિંતામાં આ જમાત વધુ રત રહેવા લાગી છે.

પાનબીડું :

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના !

– મનોજ ખંડેરિયા

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

એક ઋષિસમ વ્યક્તિત્વ : મહેન્દ્રભાઈ મેઘાણી

• અશોકરાવ વિદ્વાંસ

તારીખ ૩થી ૧૧ જુલાઈ ૨૦૧૦ના દિવસોમાં 'ગુજરાતી લિટરરી ઍકેડૅમી ઑફ નૉર્થ અમેરિકા' આયોજીત રામકથા દરમિયાન રોજ સાંજે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. એમાંનો એક 'મેઘાણીથી મરીઝ' એવો હતો. આ કાર્યક્રમની શરૂઆત આદરણીય મહેન્દ્રભાઈના એક ખૂબ ટૂંકા અને અતિશય ઉચિત વક્તવ્યથી થઈ. 'સર્જકની શું જવાબદારી હોય, અને સર્જકે પોતાના સર્જનો અંગે શી સભાનતા જાળવવી જોઈએ, પોતા ઉપર કેવી શિસ્ત લાદવી જોઈએ,' વગેરે વિષે વંદનીય ઝવેરચંદભાઈ મેઘાણીએ અનેક દાયકાઓ પહેલાં ઉચ્ચારેલા વિચારોની એ ટૂંકી પણ ખૂબ જ ટાણાસર કરાયેલી પુનરુક્તિ હતી. ટાણાસર એ માટે કે એ વખતે સમારંભમાં ન્યુ જર્સીના ઘણાં નામાંકિત ગુજરાતી સર્જકો ઉપસ્થિત હતા. એમાંના ઘણાં એ વિચારોનું મંથન અને આચરણ કરે તો ન્યુ જર્સીમાંથી સર્જાતા 'ડાયસ્પોરિક' સાહિત્યની ગુણવત્તા જરૂર વધુ ઉજળી બને.

સમારંભમાં હું પણ હાજર હતો. અચાનક, મહેન્દ્રભાઈમાં સ્થિત એક ઋષિસમ વ્યક્તિત્વ મારા ધ્યાનમાં આવ્યું. આમ પણ પ્રથમ દૃષ્ટિએ જ મહેન્દ્રભાઈનો દેખાવ કોઇ ઋષિને શોભે એવો આર્ષ છે. એમનાં મુખ ઉપરની બધી રેખાઓમાં સામેની વ્યક્તિ પ્રત્યેનો આદરભર્યો પ્રેમ તો તેઓ યુવાન હતા ત્યારે પણ કાયમ હતો. હવે ઉમંરની સાથે એ પ્રેમમાંની સાધુતાની માત્રા અધિક સહજપણે દ્રષ્ટિગોચર થાય છે. મહેન્દ્રભાઈનું લાક્ષણિક વાત્સલ્યભર્યું મુક્ત હાસ્ય સામેની વ્યક્તિ તરત જ પામી શકે છે. એમની પારદર્શક આંખો જોનારને આંજતી નથી, ખુલ્લા દિલથી એમને ભેટવા આવકારે છે. દાયકાઓની એમની જ્ઞાનોપાસનાએ એ આંખોમાં ભારોભાર ઋજુતા ભરી છે. એમની સુઘડ, શ્વેત દાઢી; સાદો, સ્વચ્છ અને ખાદીને પણ ઉજળો મોભો આપે એવો પોષાક; અને માથા પર ગાંધી ટોપી; આ બધું જોનારામાં એકીસાથે જ આદર અને આત્મીયતાની એવી મિશ્ર લાગણી ઊભી કરે છે. મહેન્દ્રભાઈનામાં પોતા વિષે તો આડંબર નથી જ, પણ અન્ય સાથેના વ્યવહારમાં પણ તેઓ ઔપચારિક નથી હોતા. 'મહેન્દ્રભાઈ મારા મિત્ર છે', એવું એમને મળનાર પ્રત્યેક વ્યક્તિને લાગે છે, એનું રહસ્ય એમની આ સ્વાભાવિક સરળતા છે.

પણ આ તો થયું એમનું બાહ્યદર્શન. મેં એમને માટે 'ઋષિસમ' શબ્દ વધુ જવાબદારીપૂર્વક વાપર્યો છે. મહેન્દ્રભાઈમાં ઋષિનાં તાત્ત્વિક લક્ષણો ઉપર લખેલાં બાહ્ય લક્ષણોથીયે વધુ સ્પષ્ટ દેખાય છે.

ઋષિનું પ્રથમ લક્ષણ જ્ઞાનોપાસના. મહેન્દ્રભાઈમાં એ ભારોભાર છે. અત્યારના ગુજરાતી સાક્ષરોમાં આપણે એમને નિ:શંકપણે જ્ઞાનવૃદ્ધ કહી શકીએ. એમની આ ઉપાસનાનો આરંભ ક્યારે થયો એ મને ખબર નથી. પણ પાછલા પચાસ કરતાં વધુ વર્ષથી હું એમના પરિચયમાં છું, ને એ બધાં વર્ષોમાં મેં એમને પુસ્તકથી અળગા બેઠેલા ક્યારે ય દીઠા નથી. જ્યાંથી શક્ય હોય ત્યાંથી શ્રમપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરવું, અને પછી છૂટે હાથે એની લહાણી કરવી એ એમનો સ્વ-ભાવ છે. મહેન્દ્રભાઈ આથી જુદા પ્રકારે જીવન જીવવાનું જાણે શીખ્યા જ નથી!

આ જ્ઞાનોપાસનાની ઉપ-નિપજ હોય એવી એમની કાર્યશીલતા પણ ઋષિ-ગુણ છે. પોતાને ભાગે આવેલી પ્રત્યેક ક્ષણનો ગાંધીજીને પણ અદેખાઈ આવે એવી ચીવટથી એઓ સતત ઉપયોગ કરે છે. આપણે મળવા જઈએ તો હાથમાંનું કામ તરત બાજુએ મૂકી આપણને એમના લાક્ષણિક મુક્ત હાસ્યથી

કેવા હશે ભાવિ અખબાર ?
કેવું હશે અખબારનું ભાવિ ?

• દીપક મહેતા

'મુંબઈ સમાચાર'નો ૧ જુલાઈ ૨૦૨૨નો અંક

તમે જ તમારા અખબારના, તમે જ તમારી કૉપીના એડિટર !! કોઈ તમને આવું કહે તો કેવું લાગે? હા, હવે એ સમય દૂર નથી જ્યારે તમને સદીઓથી તમારું રહેલું પેપર બિલ્કુલ તમારી મરજી મુજબનું મળે. હા, પણ કદાચ જાહેરખબર માટે એ શક્ય ન બને. એ તો તમારે જોવી જ પડશે. આખરે એ તો બ્રેડ, બટર છે ને!! તો જ તમે વાંચી શકોને અખબાર નહિવત્ કિંમતમાં?

૧ જુલાઈ ૧૮૨૨ના "મુંબઈ સમાચાર"ની પ્રત તો કોઈ મ્યુઝિયમમાં પણ નથી, પરંતુ વિશ્વભરના પ્રખ્યાત એવા જર્મનીના આકેન શહેરના અખબાર મ્યુઝિયમમાં દુનિયાભરના જૂના અને જાણીતાં વર્તમાનપત્રોની કૉપી ("મુંબઈ સમાચાર"ની પણ) મોજૂદ છે. વધતો જતો ઈલેક્ટ્રોનિક મીડિયાનો વ્યાપ અને ઈ-પેપરની બોલબાલા. એવા સંજોગોમાં ૨૦૨૨માં કેવી હશે અખબારી દુનિયા?

સોમવાર, ૧ જુલાઈ ૧૮૨૨

મુંબઈના કોટ વિસ્તારમાં આવેલા છાપખાનામાં કાગળ પર છપાઈને "શ્રી મુમબઈનાં શમાચાર"નો પહેલવહેલો અંક બહાર પડ્યો. ગુજરાત અને ગુજરાતીઓ માટે એ સપરમો દહાડો હતો, કારણ એ હતું આપણું, આપણી ભાષાનું પહેલવહેલું વર્તમાનપત્ર કહેતા, અખબાર કહેતા, છાપું કહેતા, 'ન્યૂઝ પેપર' આ હતું છ પાનાનું છાપું. માત્ર લખાણથી ભરેલાં પાનાં. ફોટા કે ચિત્રોનું નામનિશાન નહીં. લખાણ બધું હેન્ડ કમ્પોઝથી તૈયાર થયેલું, એટલે કે એક એક અક્ષર હાથથી ગોઠવેલો. ત્યારે મુંબઈમાં હજી વીજળી હતી જ નહીં. વરાળથી ચાલતાં છાપખાના પણ આવ્યા નહોતા. દરેકે દરેક નકલનું એકેએક પાનું હાથ વડે ચાલતા મશીનથી છપાયેલું. એમાં દેશવિદેશના સમાચારો હતા. વેપારવણજની વાતો હતી. જાહેરખબરો પણ હતી. એ વખતે આ છાપું મોટી નવીનવાઈ બન્યું હતું. હરીફાઈનું નામનિશાન નહોતું.

શનિવાર, ૧ જુલાઈ, ૧૯૨૨

મુંબઈના કોટ વિસ્તારમાં આવેલા છાપખાનામાં કાગળ પર છપાઈને ૧૦૦ વર્ષ પછી પણ "મુંબઈ સમાચાર"નો અંક બહાર પડ્યો. પાનાંની સંખ્યા પહેલાં કરતાં વધી હતી. ફોટા અને ચિત્રો દેખાવા લાગ્યાં હતાં, પણ હજી બધું ધોળા પર કાળું જ છપાતું. છાપકામની સગવડો વધી હતી, વીજળીથી ચાલતા મશીન આવી ગયાં હતાં. છાપકામ ઝડપી બન્યું હતું. એમાં સમાચારો ઉપરાંત જુદી જુદી કોલમો શરૂ થઈ ચૂકી હતી. વેપારવણજની વાતો અને જાહેરખબરો તો હતી જ. હવે આ ગુજરાતીનું એક માત્ર છાપું નહોતું રહ્યું. બીજાં છાપાં મેદાનમાં આવ્યાં હતાં. હરીફાઈ હતી, પણ તંદુરસ્ત.

શુક્રવાર, ૧ જુલાઈ ૨૦૨૨

આજનું છાપું છાપખાનામાં છપાયું નથી. કાગળ પર છાપકામ કરતાં છાપખાનાને હવે માત્ર મ્યુઝિયમ તરીકે સાચવી રાખવામાં આવ્યા છે. છાપકામ માટે કાગળનો ઉપયોગ કરનારને આકરો દંડ કરવાની જોગવાઈ કાયદા દ્વારા થઈ ચૂકી છે. હવે છાપું છપાય છે તમારા ઘરમાં વૃક્ષો કાપીને બનાવેલા કાગળ પર નહીં, પણ ઈલેક્ટ્રોનિક પેપર કે ઈ-પેપર પર. તે તમારા ઘરમાં જ 'છપાય' છે. સવારે ફેરિયો છાપું નાખી જાય એની રાહ નથી જોવી પડતી. સવારે વહેલા ઊઠવા માટે જેમ અગાઉ રાતે એલાર્મ મૂકીને સૂતા તેમ હવે છાપું કેટલા વાગે તૈયાર જોઈએ છે તે આગલી રાતે સમય ફીડ કરી દેવાનો. બરાબર એ ઘડીપળે તમારું છાપું તૈયાર હશે, આગલી મિનિટ સુધી સમાચારો સાથે. પણ હા, આ છાપું માત્ર એક જ પાનાનું હશે, એટલે કે આજના છાપાના કદના ઈ-પેપરની એક જ બાજુએ છપાયું હશે. પણ તમને રોજ સોએક પાનાં જેટલું લખાણ વાંચવા મળશે. આજના ટચસ્ક્રીનની જેમ ઈ-પેપરની સાવ નીચે બટનોની લાઈન હશે. તમારે પાનું બદલવા 'NEXT'ના બટન પર આંગળી અડાડવાની. એક પછી એક પાનાં ફરતાં જશે. દરેકે દરેક પાનું બહુરંગી હશે, ફોટા અને ચિત્રોથી ભરેલું હશે. એટલું જ નહીં સમાચાર, લેખો, કોલમો, જાહેરખબરો સાથે ઓડિયો અને વીડિયો ક્લિપ્સ પણ હશે. સુગમ સંગીતના કોઈ કાર્યક્રમના અહેવાલ સાથે તમે તેની ઓડિયો ક્લિપ સાંભળી શકશો. ફિલ્મની જાહેરખબર સાથે કે વડા પ્રધાનના ભાષણના અહેવાલ સાથે ફિલ્મની કે ભાષણની વીડિયો ક્લિપ હશે તે જોઈ શકશો. અગરબત્તીની જાહેરખબર છપાઈ હોય તો તેના પર આંગળી અડાડતાં તમારી આસપાસ અગરબત્તીની મહેક ફેલાશે. એરકન્ડિશનરની જાહેરખબર પર આંગળી મૂકતાં ઠંડકનો અનુભવ થશે.

ખાસ વાત એ કે છાપાની તમારી નકલના એડિટર તમે હશો. તમને કેવા સમાચારોમાં કેટલો રસ છે, કઈ કઈ કોલમો વાંચવી ગમે છે, કઈ નથી ગમતી, કયા વિષયની કેટલી જાણકારી જોઈએ છે એ આ બધું તમારે એક વાર ફીડ કરી દેવાનું, પછી રોજરોજ તમારી નકલ એ પ્રમાણેની જ હશે. તમને શેરબજારના ભાવમાં રસ ન હોય તો એનાં પાનાં તમારી નકલમાં નહીં હોય! તમારે માત્ર ગુરુવારે જ નહીં, રોજેરોજ 'વર્ડનેટ' કોલમ વાંચવી હોય તો તમારી નકલમાં તે રોજેરોજ છપાશે. પરિણામે બધી કોલમો દૈનિક બની જશે. વળી છાપાના બીજા અંક માટે તમારે ૨૪ કલાકની રાહ નહીં જોવી પડે. તમારી નકલ વખતોવખત અપડેટ થતી રહેશે. તે કેટલા સમય ગયા પછી અપડેટ કરવી તે તમે અગાઉથી નક્કી કરી શકશો. અલબત્ત, એ વખતે જો તમે છાપું વાંચતાં હો તો લખાણ બદલાશે નહીં, પણ હવે ક્યાં ક્યાં લખાણો અપડેટ થઈને બદલાયાં છે તે બતાવવા તેની બાજુમાં લાલ લાઈટ ઝબૂક ઝબૂક થશે. જોકે પાનાની નીચે બ્રેકિંગ ન્યૂસ માટેનો પટ્ટો દરેક છાપામાં હશે, આજના ટીવી સમાચારોની જેમ.

તમારી નકલમાં તમે બીજું બધું એડિટ કરી શકશો, પણ જાહેરખબરોને એડિટ નહીં કરી શકો. તે ફરજિયાત હશે, પણ જાહેરખબરોને સમાચારો સાથે સાંકળવામાં આવશે. જેમ કે અમુક એર લાઈનનું ન્યૂ યોર્ક જતું વિમાન બાર કલાક મોડું ઉપડ્યું એવા સમાચારની સાથે બીજી બેત્રણ એર લાઈનની જાહેર ખબર હશે કે અમારી ફ્લાઈટ કદી મોડી પડતી જ નથી. ફલાણી હૉટેલમાં ખાવાથી ૪૦ જણાને ઝાડઊલટી થયાં એવા ખબરની સાથે બીજી પંદર હોટેલની જાહેરખબર હશે કે અમારી હોટેલમાં ન ખાવાથી ઝાડા-ઊલટી થવાનો સંભવ ખરો! એ હૉટેલોની કેટલીક વાનગીની સુગંધ પણ તમે માણી શકશો.

અને છેલ્લે, સૌથી સારી વાત. આ છાપા માટે તમારે એક ફદિયું પણ નહીં ખરચવું પડે. છાપું તૈયાર કરવાનો બધો ખર્ચ જાહેરખબરોમાંથી નીકળી રહેશે અને ઉપરાંત છાપાવાળાને સારો એવો નફો ય થશે! તમારા ઘરમાં તમારી નકલ છપાશે તે વાઈમેક્સ કનેક્શન દ્વારા જે કોઈને કોઈ કંપનીએ સ્પોન્સર કર્યું હશે. અને હા, હવે પસ્તીવાળો વજનમાં ગોલમાલ તો નથી કરતો ને, તેની ચિંતા કરવાની જરૂર જ નહીં. કારણ એકનો એક ઈ-પેપર વર્ષો સુધી વાપરી શકાશે. પહેલાં દાદીનાં લગન વખતની સાડી તેની પૌત્રી પહેરતી તેમ લોકો ઈ-પેપર પણ વારસામાં આપી જશે.

(સદ્ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" - ૧૫.૭.૨૦૧૦)

e.mail : deepkabmehta@gmail.com

• • • • • • •

આવકારે; આપણી સાથે આત્મીયતાથી વાતો કરે; ભાવનગરના 'મિલાપ'ના પુસ્તકભંડારમાં હોઈએ તો નવાં નવાં પુસ્તકોની વિગતવાર માહિતી આપે, ને ઓછામાં ઓછું એકાદ પુસ્તક ભેટ આપે. પણ આપણે નીકળ્યા કે તરત, જાણે કે આપણે એમના કાર્યમાં કોઈ ખલેલ પાડી જ નથી એમ, પાછા પોતાના કાર્યમાં અસ્ખલિતપણે વળગી જાય.

ઋષિ સહેજે અકિંચન હોય. પૈસા કમાવા અને એકઠા કરવા, એ બંને પ્રવૃત્તિ તરફ ઋષિની વૃત્તિ થવી અશક્ય છે. મહેન્દ્રભાઈ સાવ અકિંચન છે. એક વખત વાતોના દોરમાં 'વિલ'ની વાત આવી ને મહેન્દ્રભાઈ બોલ્યા, 'મારું 'વિલ' માત્ર એક લાઈનનું લખાણ છે : 'મારું જે કાંઈ છે એ બધું (મારા દીકરા) ગોપાલભાઈનું છે.', કારણ મારી પાસે પુસ્તકો સિવાય કશી મૂડી છે જ નહીં.' આ છે એમની સાધુ જેવી અકિંચન વૃત્તિ.

ઋષિને આવશ્યક અને ઋષિને જ સહજ સાધ્ય હોય એવો મહેન્દ્રભાઈનો એક વધુ ગુણ એટલે એમનું નિરાભિમાનીપણું. મોટાઈ કે અહમ્ એમને બિલકુલ સ્પર્શ્યા જ નથી. એક નાનકડું ઉદાહરણ જોઈએ. ઉપર જેની નોંધ કરી એ 'મેઘાણીથી મરીઝ' કાર્યક્રમમાં અગ્ર વક્તા તરીકે મહેન્દ્રભાઈ માટે સૌથી આગળ 'વિશેષ અતિથિ'ઓની સાથે બેસવાની વ્યવસ્થા હતી. શરૂમાં મહેન્દ્રભાઈ ત્યાં બેઠા પણ ખરા. પણ જેવું પોતાનું વક્તવ્ય પુરું થયું કે ધીમે ધીમે ચાલીને સામાન્ય જનોની બેઠકોમાં આવીને એક ખાલી ખુરશીમાં ગોઠવાઈ ગયા. આવું વર્તન મોટા ગજાની નિસ્પૃહતા હોય તો જ આચરી શકાતું હોય છે.

એવું કહેવાય છે કે પુરાતન કાળમાં રાજાઓ પણ ઋષિઓથી ડરતા. આ રાજાઓની નિર્બળતાની વાત નથી, પણ ઋષિઓની નિર્ભયતાની વાત છે. રાજા એ સાક્ષાત્ સત્તાનું પ્રતિક છે. સામાન્ય જનો એ કાળે જેટલા સત્તાથી ડરતા હતા એટલા જ આજે પણ ડરે છે. પણ જેમ પુરાતન કાળમાં દશરથ કે જનક જેવા રાજવીને પણ ઋષિઓ નિર્ભયપણે સત્ય વચન કહેતા હતા, એવું મહેન્દ્રભાઈ આજના સત્તાધારી વિષે જાહેરપણે કહી શકે છે. ના, એટલું જ નહીં પણ જ્યારે જરૂર પડી છે ત્યારે નિ:સંકોચપણે એમણે એમ કહ્યું છે.

સાંપ્રત ગુજરાતના સાહિત્ય ક્ષેત્રમાં આવા ઋષિસમ મહેન્દ્રભાઈ છે એ વાતનું આપણે સ્મરણ રાખીએ અને શક્ય થાય ત્યાં એમનું અનુકરણ કરવા તત્પર રહીએ.

e.mail : ashok@vidwans.com

ગુજરાતી દિવસની ઉજવણી અંતર્ગત ગુજરાતી સાહિત્ય ને સંસ્કૃતિના પ્રહરીનું બહુમાન

• વલ્લભ નાંઢા

ત્રીસેક વર્ષથી યુનાઈટેડ કિંગ્ડમની 'ગુજરાતી સાહિત્ય અકાદમી' આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસની ઉજવણી કરી આ ખાસ દિવસનું ગૌરવગાન કરે છે. પણ ચાલુ વર્ષની બીજી મેના રોજ ઉજવાયેલા આ ઉત્સવનું મહત્ત્વ કંઈક વિશેષ હતું. કારણ કે આ પ્રસંગની ઉજવણીના એક ભાગરૂપે, પાછલા ૩૩ વર્ષથી પૂરી નિષ્ઠાથી ગુજરાતી સાહત્યિને ઉત્કૃષ્ઠ સેવા સમર્પિત કરનાર ગુજરાતી ભાષા અને સાહિત્યના મરમી વિપુલ કલ્યાણીને 'અધ્યેતા' પદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

વિલ્સડન ગ્રીન લાઈબ્રેરીના સ્પેસ સેન્ટરમાં, રવિવાર, ૨ મે ૨૦૧૦ના બપોરે ૨:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ચાલેલા વિદ્વત્સભા સમ અવસરમાં ગુજરાતી સાહત્યિ અકાદમીના પ્રમુખ અનિલ કાગળવાળાએ ઉપસ્થિત શ્રોતાવર્ગનું પ્રેરક શબ્દોમાં અભિવાદન કરી કાર્યક્રમની સાધારણ રૂપરેખાની ઝાંખી કરાવી હતી. વિપુલ કલ્યાણીને 'અધ્યેતા પદ' પ્રદાન કરવાનો આ વિશિષ્ટ પ્રસંગ હોવાને કારણે ચોમેરથી શુભેચ્છા-સંદેશાઓનો ધોધ વર્ષ્યો હતો. હરનિશ જાની, રતિલાલ ચંદરયા, મનસુખ શાહ, ભીખુભાઈ પારેખ, દાઉદભાઈ ઘાંચી, મનુભાઈ ચંદરયા, મધુ રાય, યોગેશ પટેલ, અશોક કરણિયા, પ્રકાશ ન. શાહ, અદમ ટંકારવી, ડાહ્યાભાઈ મિસ્ત્રી, રઘુવીર ચૌધરી, 'ખય્યામ' અને વલ્લભ નાંઢાએ વિપુલ કલ્યાણીને વધાઈ દેતા સંદેશાઓ પાઠવ્યા હતા. પરંતુ સંદેશાઓના બાહુલ્યને લીધે આ સંદેશાઓના કેવળ મુખ્યાંશોને ભદ્રા વડગામા, વ્યોમેશ જોષી, સુષમા સંઘવી, સરીખાં અકાદમીના કાર્યકરોએ અનોખા ઢંગે વાંચન કરી કાર્યક્રમમાં એક નવી ભાત ઊભી કરી હતી. વિપુલભાઈની સાહિત્યિક સેવાઓને બિરદાવતા સંદેશાઓના મુખ્યાંશોનું વિહંગાવલોકન કરીએ :

બ્રિસ્ટલથી રોહિત બારોટ લખતા હતા : 'બ્રિટનની મોટા ભાગની ગુજરાતી સંસ્થાઓ નાતજાત કે ધાર્મિક ભેદના પાયા પર રચાયેલી છે. જ્યારે ગુજરાતી સાહિત્ય અકાદમીએ માત્ર ભાષા અને સાહિત્યને જ મહત્ત્વ આપ્યું છે. અકાદમીમાં દર્શાયેલી ગુજરાતી એકતા પણ વિપુલભાઈની પ્રવૃત્તિઓની પ્રસંશનીય સિદ્ધિ છે. આ એક વાતથી પણ બ્રિટનની ગુજરાતી વસાહતમાં વિપુલ કલ્યાણીનું નામ ચિરંજીવી રહેશે.'

અમદાવાદથી 'ગુજરાતીલેકિસકોન' માટે જેમણે અદ્‌ભુત કામ કર્યું છે એવા અશોક કરણિયા વિપુલભાઈનાં કામની આ શબ્દોમાં સરાહના કરે છે : Some people are mad. Some people are dreamers. Vipool Kalyani is a rare combination of both - he is a mad dreamer. What else would you call a man who never accepts the practical ways of the world? Who travels to a dozen of countries for the literary cause, much to the shock of his doctor and family ?

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત'ના જયઘોષ વચ્ચે ગુજરાતી દિનની ઉજવણી. કક્કાવારી અંતાક્ષરીની લહાણ કરતું વૃંદ. ડાબેથી રૂપાલી કાપડિયા, ચેતનાબહેન વ્યાસ, ચંપાબહેન પટેલ, સુષમાબહેન સંઘવી, ભદ્રાબહેન વડગામા, હંસાબહેન પુરોહિત, અનિલભાઈ વ્યાસ, વ્યોમેશભાઈ જોશી અને ગિરીશભાઈ ચાંદેગ્રા. તેમની પડખે રમણભાઈ પટેલ અને વિજ્યાબહેન ભંડેરી દૃષ્ટિમાન થાય છે. જ્યારે પાછળ મંચ પરે, વિપુલ કલ્યાણી અને અનિલભાઈ કાગળવાળા દેખાય છે.

હવે ભીખુભાઈ પારેખ આ વાતનો કેવી રીતે પડઘો પાડે તે જોઈએ : Few in the field of language and literature have been as dedicated, committed and innovative as Vipool has been. He not only started the project of teaching Gujarati to children, but also edited 'Opinion' which brought together literary figures and preserved for posterity a body of writings that articulated a unique set of experience. Without Vipool that would not have happened, and present and future generations would have been great losers.

વિપુલ કલ્યાણીએ દેશવિદેશના સાહિત્યકારોના સંપર્કમાં રહી અકાદમીના માધ્યમ દ્વારા સાહિત્યિક આદાનપ્રદાન માટે એક મંચ તૈયાર કર્યો છે. એ સંદર્ભે સંદેશ પાઠવતાં અમદાવાદના વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરી લખે છે : 'બ્રિટનની સાહિત્ય અકાદામીના સૌ કાર્યકારોને સાથે રાખીને ત્યાંના વરિષ્ઠ સાહિત્યકારોને વિપુલભાઈએ સન્માન આપ્યું અને ભારત તેમ જ અમેરિકાથી ગુજરાતી સાહિત્યકારોને નિમંત્રીને તેમનાં સહૃદયોને આનંદ મળે તેવાં આયોજન કર્યાં અને અનેક પ્રકાશનો બહાર પાડ્યાં, જેમાં "અસ્મિતા" એમનું કાયમી પ્રદાન છે.'

"નિરીક્ષક" પખવાડિકના તંત્રી પ્રકાશ ન શાહે વિપુલ કલ્યાણીની ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય સર્જનની ઝુંબેશની પ્રશસ્તી નીચેના શબ્દોમાં સબળપણે અભિવ્યંજિત કરી હતી : 'યુનાઈટેડ કિંગ્ડમની આપણી સાહિત્ય અકાદામીએ વિપુલ કલ્યાણીની અકાદમી-સેવા લક્ષમાં લઈને એમને 'ફેલૉ' તરીકે નવાજવાનો નિર્ણય કર્યો છે, તે જાણીને મન પ્રસન્નતાથી ઉભરાઈ ગયું. જેની વાજબી કદરબૂજ થઈ રહી છે તેની જેમ જ જેમને આ વિનય અને ઉપચાર સૂઝી રહ્યો છે તે સૌ પણ અભિનંદનને પાત્ર છે.'

વિપુલભાઇ સ્પષ્ટવક્તા છે. પોતાનું મંતવ્ય સામેની વ્યકિતને બેધડક કહી સંભળાવવામાં એમને કોઈનાં પણ શેહ - શરમ આડાં આવતાં નથી. કેટલાક એમની આ ખાસિયતને સ્વભાવદોષમાં ખપાવે છે, જ્યારે કેટલાક આ બાબતને એમના આગવા સ્વભાવગુણ તરીકે લેખાવે છે, પણ બોલ્ટન સ્થિત કવિ સર્જક 'અદમ' ટંકારવી એમની આ વિશેષતાને આ રીતે મૂલવે છે : 'અમૃત ઘાયલે એમની એક ગઝલના શેરમાં 'નગદ્' આદમીની વાત કરી છે. નગદ્ એટલે જેનો માંહ્યલો સાબૂત હોય એવો આદમી. વિપુલ કલ્યાણી આવો રોકડો માણસ છે. વિપુલે બ્રિટનમાં ગુજરાતીતાની સગને સંકોરવાનો જે પુરુષાર્થ કર્યો છે તે તો આપણી આંખો સામે છે. પણ મારા મનમાં જે વસે છે તે એની કાર્યશૈલી અને મૂલ્યનિષ્ઠા. તકવાદ અને દેખાડાના દૌરમાં આ જાતરખુ માણસે બ્રિટનના

ગુજરાતી સમાજની નક્કર સેવા કરી છે. એણે બ્રિટનમાં ગાંધીના ગુજરાતને જીવતું રાખ્યું છે.'

'અદમ' ટંકારવી ગાંધીના ગુજરાતની વાત કરે છે તો એ વિચારધારાને ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી એમના શુભેચ્છા સંદેશમાં ગૂંથીને આ રીતે વ્યક્ત કરે છે : 'વિપુલભાઈ ખરેખર ગાંધીજીની વિચારધારા પર ચાલે છે અને જીવે છે. ગાંધીજીનાં મૂલ્યો એમણે સારી રીતે હાડોહાડ પચાવ્યા છે. અને એટલે જ જે વિચારપત્રક પંદર પંદર વર્ષથી ચલાવ્યું એનું નામ ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાં ચલાવેલા અખબાર પરથી લેવાની સૂઝ અને પ્રેરણા મેળવી છે. વિપુલભાઈનું પત્રકારત્વ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કરેલાં કામોની યાદ અપાવે છે.'

આજે આપણા સમાજના લોકોનો મોટા ભાગનો વર્ગ કર્મકાંડ અને વાહિયાત બાહ્યાચાર તરફ વળી પોતાનો કિંમતી સમય વેડફી નાખતા હોય છે, ત્યારે વિપુલભાઈએ, જન્મે બ્રાહ્મણ હોવા છતાં, આવી ગતિવિધિથી કાયમ દૂર જ રહેવાનું પસંદ કર્યું છે. નિતાંત આડંબર, આત્મવંચના અને દેખાડારૂપી ધાર્મિક વિભાવનાને સુસ્પષ્ટ કરતાં રમણભાઈએ બે વાક્યોમાં વિપુલભાઈનું મનોગત પ્રગટ કરી દીધું : 'વિપુલભાઈ છે તો બ્રાહ્મણ, પણ પૂજાપાઠ નથી કરતા. સાહિત્યની સાધના એમને મન પૂજાપાઠ. એ જ એમનો યોગ. એ જ એમની સાધના.'

એમની શારીરિક-વૈયક્તિક-માનસિક અને કૌટુંબિક પરિસ્થિતિનું ટૂંકમાં અન્વેષણ કરતી વેળા એમણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા : 'એમને ટેલિફોન પર વાત કરતાં પણ હાંફ ચઢે છે. ફોન પરની સામેની વ્યકિતને તેનો ખ્યાલ આવી જાય. ઠંડીના દિવસોમાં એમને વધુ પરેશાન થવું પડે. અત્યારે જીવે છે માત્ર એક ફેફસાં પર.

ગુજરાતી સાહિત્ય અકાદમીના 'ગુજરાતી દિન'ને માણતાં શ્રોતાવૃંદની એક ઝલક

પોતાને એ અંગે તકલીફ છે એવું એ અન્યને ન કહે. એમણે કામની જ કદર કરી છે. પોતાની તબિયતની દરકાર કરી નથી. એમણે પિતા ગુમાવ્યા ત્યારે એમણે પોતાની વેદનાઓ દિલના કોઈક ખૂણામાં સંતાડી દીધી હતી. છેલ્લાં થોડાં વર્ષથી એમનાં બા એમની સાથે રહેતાં હતાં. કુંજબહેન અને વિપુલભાઈ એમની સંભાળ લેતાં. પણ જ્યારે બાને ડિમેન્સિયાની બીમારી આવી, ત્યારનો તેમનો માનસિક સંઘર્ષ વધી ગયેલો. એક બાજુ બાની સેવા, અને બીજી બાજુ સાહિત્યની સેવા. એમણે કશાની અવગણના કરી નથી. મારા કેમેરામાંથી સ્પષ્ટ દેખાતું હતું કે, એક હાડપિંજરને ભગવાને ચામડીથી ઢાંક્યું ન હોય ! પણ એ હાડપિંજરનો માંહ્યલો મજબૂત હતો. ખૂબ મજબૂત હતો. એક વાતનો ઉલ્લેખ કર્યા વિના ન ચાલે. પોતાના અંગત મિત્રો હોય કે, અકાદમીને નાતે કે "ઓપિનિયન"ને નાતે સબંધ બંધાયેલો હોય, વિપુલભાઈ માંદા માણસોની ખબર કાઢવા અચૂક જાય. એવા સંબંધોમાં કોઈનું અવસાન થયું હોય ત્યારે મિત્રોને તે અંગે ખબર આપે અને સ્થળ ગમે તેટલું દૂર હોય પણ તેમની સ્મશાનયાત્રામાં હાજરી આપે જ. ભલેને તેમની તબિયત નબળી હોય.'

રમણભાઈને ૧૯૯૦થી ૧૯૯૮ સુધી વિપુલભાઈ સાથે અકાદમીનાં કાર્ય અંગે સાથે રહેવાનું બન્યું હતું. તેમાંથી કોઈ કોઈ પ્રસંગો યાદ કરીને એમણે વિપુલભાઈના સ્વભાવનો પરિચય મળે તેવી સામગ્રી એમની પ્રસ્તુતિમાં રજૂ કરી જણાવ્યું હતું કે, 'વિપુલભાઈની 'કુટિર' એટલે સુદામાની કુટિર નહિ. સુદામાની કુટિરમાં તો બાળકોની લાઈન લાગેલી જોવા મળે. પણ અહીં તો સંખેડાનું ફર્નિચર અને ખાદીનું કાપડ વપરાયેલું જોવા મળે. જોતાં ખાતરી થઈ જાય કે અહીં ગાંધી વસે છે. કુંજબહેન અને વિપુલભાઈનાં લગ્ન કાકાસાહેબ કાલેલકરની હાજરીમાં થયેલાં. વિપુલભાઈનાં સાસુ સસરા પણ ગાંધીવાદી હતા. દિવસ દરમિયાન એમનું ઘર, ઘર નહોતું લાગતું. પણ એ ઘર ઑફિસ જેવું લાગતું. ટેલિફોનની ઘંટડી વાગતી જ રહે. મોડી સાંજે પણ લોકો એમને ફોન કરે. પોતાનું ઘર ઑફિસ બની ગયું એ વેળા એમની પત્ની અને દીકરીને, ભલા, કેવું લાગ્યું હશે?'

ગુજરાતી સાહિત્ય અકાદમી સાથેની એમની સક્રિયતાનો ઉલ્લેખ કરતાં રમણભાઈએ વિપુલભાઈની અકાદમી પ્રત્યેની કર્મઠતાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપી આ રીતે મૂલવી હતી : 'એ સમયે અકાદમીની અનેક પ્રવૃત્તિઓ ચાલતી હતી. ગુજરાતી ભાષાની પાંચ સ્તરની પરીક્ષાઓ આ દેશમાં અને

ઈન્ટરનેટ વેબસાઈટ પર ગુજરાતી ભાષાના શબ્દકોશને સ્થાપિત કરનાર અને 'લેકિસકૉન ડૉટ કોમ'ના જનક મુરબ્બી રતિલાલ ચંદરિયા વિપુલભાઈની એક પત્રકાર તરીકેની શકિતઓને નીચેના શબ્દોમાં પ્રસ્થાપિત કરે છે : 'વિપુલભાઈ પત્રકાર ન હોત તો એથી ય મોટા ગજાના તેઓ સાહિત્યકાર હોત એમાં શંકા નથી. એવી સર્જનશીલતા, સજ્જતા, ઊર્મિશીલતા એમનામાં છે. આશા છે કે હવે નિરાંતની પળોમાં આપણને તેઓ તેમના તે માંહ્યલા અસલી ક્લાસિકલ વૈભવનો લાભ આપશે. વિપુલભાઈ નિવૃત્ત થઈ, ઉમદા પત્રકાર જેવા એક અચ્છા સાહિત્યકાર બને તેવી શુભેચ્છાઓ છે.'

'અધ્યેતાપદ એવોર્ડ' વડે જે વ્યકિતનું સન્માન થવાનું છે, અને ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો પરચમ વિશ્વની ચારે દિશાઓમાં લહેરાતો રાખવામાં સન્માનિત સાહિત્યકાર-પત્રકાર અને ચિંતકનું સૌથી અધિક યોગદાન રહ્યું છે એવા સાહિત્યસાધક વિપુલ કલ્યાણીનો વિશેષ પરિચયાક આલેખ, કાર્યવાહક સમિતિના સભ્ય રમણભાઈ ડી. પટેલે, એમની સાથેનો મૈત્રિક-પારિવારિક સંબંધોનો તાંતણો જોડી આપી વ્યવહારજડ્યાં નાનાવિધ દૃષ્ટાંતો સમેત આપ્યો હતો. રમણભાઈએ આ વિષયની પ્રાસ્તાવિક રજૂઆત કરતી વખતે જણાવ્યું હતું કે, 'વિપુલભાઈને પહેલી વાર મળવાનું થયું ત્યારે મનમાં થયું, આ વિપુલ કલ્યાણી ? એમનું નામ કોઈ જાણતું ન હોય, તો દેખીતા મુસ્લિમ બિરાદર જ લાગે!' અને એ વાત કેટલી સાચી છે તે બાબતને સમર્થિત કરતો, રેસ્ટોરાંમાં બનેલો, એક પ્રસંગ કહી સંભળાવતાં એમણે કહ્યું હતું : 'એક સાંજે અમે એમની સાથે નોર્થ વેમ્બલીના એક કરાઈ રેસ્ટોરન્ટમાં જમવા ગયા. એક ટેબલ પાસે અમે ગોઠવાયા. એ રેસ્ટોરન્ટનો માલિક મુસ્લિમ હતો. રોજા રાખવાનો મહિનો હતો. તેમણે તરત જ એમના હાથમાં ઈસ્લામ ધર્મનું કેલેન્ડર ધરી દીધું. મને થયું આ એમની દાઢીનો ચમત્કાર !'

રમણભાઈની એ વાત સાચી કે, દાઢી ન કરવાથી સમય અને પૈસાનો જરૂર બચાવ થાય, પણ દાઢી એ તો વિપુલભાઈના વ્યકિત્વની પહેચાન છે, એમની ઓળખ છે; દાઢી વિના વિપુલભાઈ કોઈ અજાણ્યા પ્રદેશમાંથી આવેલી વ્યકિત જેવા લાગે !'

મોમ્બાસા(કેન્યા)માં પણ લેવાતી. અકાદમી શિક્ષકોના તાલીમ વર્ગનું આયોજન પણ કરતી. અકાદમી સાહિત્ય પરિષદો પણ યોજતી. અકાદમી “અસ્મિતા”ના અંકો પ્રગટ કરતી. કેવા કેવા સાહિત્યકારો અકાદમીના મંચ પર આવી ગયા હતા. કેટલા ય સંગીત કાર્યક્રમો પણ યોજાયા.'

વિપુલભાઈને આપણે ગુજરાતી સાહિત્ય અકાદમીના છડીદાર તરીકે, એક જાગ્રત વિચારક તરીકે અને ગુજરાતી ભાષાના ભેખધારી પ્રસારક તરીકે ઓળખીએ છીએ. પણ, એ પણ ન ભૂલવું જોઈએ કે તેઓ એક ખમીરવંત પત્રકાર પણ છે. પત્રકારના ક્ષેત્રમાં વિપુલ કલ્યાણીએ પ્રેરક અને વિચારસઘન ગંભીર નિબંધો આપ્યા છે, મોટી ખમતીધર કૃતિઓના અનુવાદ આપ્યા છે, અને ગુજરાતી સાહિત્યને સુશ્લિષ્ટ પહેલદાર ગદ્ય આપીને એમણે ગુર્જરી ગિરાની જે ગરિમા વધારી છે, એની શાખ “અસ્મિતા” અને “ઓપિનિયન”નાં અંકોનાં પૃષ્ઠો પૂરી રહ્યાં છે.

એક નીવડેલ લેખક, પત્રકાર, સાહિત્યકાર, વક્તા, અને સાહિત્ય અકાદમીના સ્થંભ અને એક સજ્જન તરીકેની વિપુલ કલ્યાણીની કેટલીક લાક્ષણિકતાઓની જિકર કરતાં રમણભાઈએ જણાવ્યું : 'વિપુલભાઈ મૂળ તો પત્રકારનો જીવ. એમણે અંગત રીતે 'પરિવાર કમ્યુનિકેશન' હેઠળ, “ઓપિનિયન” નામનું વિચારપત્ર પંદર વર્ષ સુધી ચલાવ્યું, જેમાં એમણે જીવ રેડ્યો. એ માસિકમાંથી એમની સૂઝ અને એમની કલમની તાકાતનાં દર્શન સ્પષ્ટ થાય છે. વિપુલભાઈ એક અચ્છા ઓરેટર છે. એ બોલતા હોય છે ત્યારે શ્રોતાઓ પર એમની ભારે પકડ હોય છે. ભાષા પર એમનો ભારે કાબૂ. શબ્દોની શોધમાં એમના મનને ક્યાં ય ભટકવું ન પડે. એમની વાણીમાં એવો જાદુ છે કે સાંભળનાર વચ્ચેથી ઊઠીને બહાર ન જાય. બ્રેન્ટ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ઘણાં વર્ષો સુધી એમણે જસ્ટીસ ઑવ્ પીસ તરીકે ન્યાયાધીશની પેનલમાં કામ કર્યું હતું. હાથમાં લીધેલું કામ સમયસર પૂરું કરવાની એમની આવડત આપણે શીખવા જેવી છે. બેડફર્ડ સાહિત્ય પરિષદના અધિવેશનમાં નાની મીનળ માણેકે એની સમજ મુજબ કેટલાક શબ્દો ઉચ્ચારેલા. એ શબ્દો યાદ કરવા જેવા છે. તેમણે કહ્યું હતું : 'વિપુલભાઈ એટલે અકાદમી અને અકાદમી એટલે વિપુલભાઈ ! આ શબ્દોમાંથી વિપુલભાઈ અકાદમીમાં કેટલા રચ્યાપચ્યા રહેતા હતા તે જાણી શકાય છે. અકાદમી માટે એમનું એક વિઝન હતું. રાતદિવસ એમણે પોતાની જાતને અકાદમીમાં જ જોતરી હતી. છેલ્લાં છ-સાત વર્ષથી અકાદમીએ 'વાર્તાવર્તુળ', 'વાદ-સંવાદ' અને 'ઓટલા'ની પ્રવૃત્તિઓ શરૂ કરી છે. 'વાર્તાવર્તુળ'ની બેઠકોમાંથી જ ઘણા મિત્રોને લખવાનું મન થયું.'

પોતાનું સંભાષણ સમેટતાં પહેલાં એમણે શ્રોતાઓ સામે બે સવાલો મૂકયા હતા : વિપુલભાઈ ૩૨ -૩૩ વર્ષ સુધી અકાદમીના મંત્રીપદે કેમ રહ્યા ? આ વર્ષો દરમિયાન આ પદ સંભાળવા કેમ કોઈ આગળ ન આવ્યું ? એ અકાદમીનો કાર્યભાર ઉઠાવી શકે એવા સક્ષમ હતા માટે? કે પછી એ હોદ્દો સંભાળી શકે એવી કાર્યનિષ્ઠ વ્યકિતની અછતને કારણે? જવાબ આપણા સહુ પાસે છે. પણ આ સવાલોના જવાબો મેળવવા આપણે જ આપણું અંતર ઢંઢોળવું રહ્યું.

એ પછી ચિત્તાર્કષક ફ્રેમમાં મઢેલું અને વિપુલભાઈની કાર્યસિદ્ધિઓને પ્રોત્સાહપ્રેરક શબ્દોમાં બિરદાવતું 'માનદ્ અધ્યેતાપદ' ગુજરાતી સાહિત્ય અકાદમી વતી, આ ઉત્સવના અતિથિ વિશેષ, મુરબ્બી રતિલાલભાઈ ચંદરિયાને વરદ્ હસ્તે વિપુલ કલ્યાણીને અર્પણ કરવામાં આવ્યું હતું.

આ વિરલ અવસરનો પ્રતિભાવ પાડતાં પહેલાં દિવંગત રતિલાલ જેઠાલાલ ધનાણી કે જેમનું વિપુલભાઈની પ્રગતિમાં ધ્યાનપાત્ર યોગદાન રહ્યું છે, એમને, તથા “નવનીત સમર્પણ” ગુજરાતી સામયિકના ભૂતપૂર્વ તંત્રી સદ્ગત ઘનશ્યામ દેસાઈની સ્મૃતિને એમણે સહૃદય વંદના કરી હતી. અને શ્રોતાગણને શ્રદ્ધાંજલિરૂપે બે મિનિટ મૌન પાળવા અનુરોધ કર્યો હતો. તે ઉપરાંત માંદગીને બિછાને પડેલા સહોદર મિત્રો મોઈનુદીન મણિયાર, નિઝાર કાનજી, દીપક બારડોલીકર અને નાગેશ ઓડેદરાનું સ્વાસ્થ્ય સુધરે એ માટે પણ એમણે કિરતારને અંતરમનથી પ્રાર્થના કરી હતી. અકાદમીની કારોબારી મુરબ્બી રતિલાલભાઈ ચંદરિયાને આ ઉત્સવમાં લાવી શકી એથી હર્ષની લાગણી વ્યકત કરતાં વિપુલ કલ્યાણી બોલ્યા હતા :

'રતિકાકા સાથે મારો સંબંધ બાપદીકરાનો હોય તેવી ઘનિષ્ટતા અનુભવું છું. હા, આ ઈન્ટરનેટના માધ્યમથી એમણે ગુજરાતીની જે ખિદમત કરી છે, તેનો જોટો મેળવવો અઘરો જ છે. વળી, એમણે 'ગુજરાતી લેકિસકૉન'ની જે સેવા કરી છે, તે ગુજરાતીને ક્ષેત્રે લાંબા ગાળા સુધી અપૂર્વ રહેવાની. તે આખા આંદોલન સંગાથે સક્રિયપણે સંકળાવાનો મને યોગ સાંપડયો છે, તે સહજ સ્વાભાવિક મારું અહોભાગ્ય છે. રતિકાકા મારા પરિવારના ય વડીલ છે અને આ અવસરે અહીં હાજરાહજૂર છે, તેથી સાંગોપાંગ પોરસાઉં છું.'

વિપુલ કલ્યાણી, રતિલાલ ચંદરિયા અને ભદ્રા વડગામા

૧ ઓક્ટોબર ૨૦૦૩ના “નિરીક્ષક”માં જાગ્રત સર્જક - વિવેચક જયન્ત પંડયાએ વિપુલ કલ્યાણીનું વ્યકિતચિત્ર ઉપસાવતાં આ શબ્દો નોંધેલા, 'મધ્યયુગના નાઈટ-એરન્ટ સમા ઊભા છે વિપુલ કલ્યાણી. રાણી એમને નાઈટહુડ આપે કે ન આપે, પણ વાણીએ તો આપી દીધું છે. કોને ખબર એ વાણી આવનારા ભવિષ્યનું એંધાણ નહીં હોય, સર વિપુલ કલ્યાણી !'

જયન્ત પંડયાએ ખિતાબરૂપે કરેલી નવાજેશને સ્મરણમાં લાવતાં એમણે જણાવ્યું હતું કે, 'જયન્ત પંડયા દીધા આ વાણી ખિતાબ પછી આજનું આ સન્માન મારામાં આનંદની હેલી પેદા કરે છે. અકાદમી હેઠળ, આજના અવસરે, તમે સૌએ મને અધ્યેતાપદના બાજઠે બેસાડ્યો છે. જાણું છું આ સન્માન કેવળ સ્મૃતિચિહ્ન જ નથી, તેની પાછળ મોટીમસ્સ જવાબદારીઓ પણ છે. એથીસ્તો, તે અનુસાર, હું કયારે ય ઊણો ન ઉતરું અને ઉપર ઊઠી શકું, તેમ જ મન-વાણી-કર્મ વડે ફરજકામ બજાવતો રહું, તેવી જગતનિયંતાને અરજ ગુજારતો રહીશ.'

આપણાં ધાર્મિક વિધિવિધાન અને ધાર્મિક બાહ્યાચાર સામે વિપુલભાઈએ ચિંતા વ્યકત કરી હતી. ધાર્મિકતાના દંભનો મુખવટો પહેરી આપણે સમાજમાં હરીએ ફરીએ છીએ, પણ, સાચા માનવધર્મનો મહિમા પામવા પ્રયાસીએ છીએ ખરા? ગિજુભાઈ બધેકાએ આજથી આશરે એકોત્તેર વર્ષ પહેલાં લખેલી એક લઘુ બાળવાર્તાનો પાઠ કરી એમણે આપણા સમાજમાં પ્રવર્તમાન ધાર્મિક આડંબરનો પર્દાફાશ કર્યો હતો. આ બાળવાર્તામાંથી આપણે કંઈક ધડો લઈએ તો કેવું? તેનો સૂચિતાર્થ પામી સ્ત્રીશકિતનો મહિમા કરતાં થઈએ તો ય ઘણું. શિક્ષિત અને પ્રગતિશીલ માનસ ધરાવતા સમાજના લોકો અતિશયોકિતવાળું આવું બોલે ? પોતાની ધાર્મિક વિભાવના પ્રગટ કરીને વિપુલ કલ્યાણીએ એમણે પાછલાં બત્રીસ વર્ષથી ગુજરાતી સાહત્યિ અકાદમીને સમર્પિત કરેલી સક્રિય સેવા - નિષ્ઠાની જિકર નીચેના શબ્દોમાં કરી હતી :

'આ બત્રીસ વર્ષના ગાળામાં સંપૂર્ણપણે બંધારણને વફાદાર રહીને અકાદમીનો કારભાર કર્યો. આરંભે વ્યકિતઓને સાચવવાનું રાખેલું. અને તેમાં ખૂબ વખત જતો રહેતો. આથીસ્તો, આથમતા આઠમા દાયકાથી અને નેવુંમા દાયકાના ઉઘાડથી વ્યૂહરચના બદલી. કારોબારીમાં આદર્શ, ધ્યેય, હેતુને સતત નજરમાં રાખ્યા. જે તે વ્યકિતને પ્રધાનપદે બેસાડવાથી દૂર રહ્યો. અકાદમીના બંધારણમાં આમેજ આદેશાત્મક બાબતોને કેન્દ્રમાં રાખી, પ્રકાર પ્રકારના રાષ્ટ્રવાદથી પણ છેટા રહેવાનું રાખ્યું છે. આવી સંકીર્ણતાના વિવિધ પડકારોનો સામનો કરવા સબબ કયારેક બોલવાનું થયું છે તો કયારેક લખવાનું પણ થયું છે. જાણું છું, કે કેટલાકને આ સારુ મારો વાંક પણ વસતો હોય તેમ લાગે; પણ મને તેમની સાથે કોઈ તકરાર નથી.'

આ દેશમાં પ્રગટ થતાં ગુજરાતી અખબારોની નીતિમત્તાની ટિપ્પણી કરતાં એમણે જણાવ્યું હતું : 'જેમ ગુજરાતમાં તેમ અહીંના વાતાવરણમાં ય મુખ્ય બે અખબારોની લડતમાં અકાદમીનું વલણ બિનજોડાણનું જ રહ્યું. તેને કારણે સહેવાનું પણ આવ્યું છે. અખબારોની ઉપેક્ષા અને ઉદાસિનતા અકાદમી માટે નબળાઈ સાબિત થઈ જ નથી. આપણા દરેકનો અનુભવ છે કે એક બારી બંધ થાય અને કુદરત બીજી ખોલી આપે છે. એ કુદરતનો ક્રમ છે. આ ઉપેક્ષા અને ઉદાસિનતાને કારણે અકાદમીની શકિતને ઓર મજબૂત કરી શકાઈ છે. આથી, આવી તક આપવા સારુ, આ અખબારોનો, આ તકે, હું જાહેર આભાર માનું છું.'

'હવે ગયા જાન્યુઆરી માસથી "ઓપિનિયન" આશરે દશ-પંદર હજાર આંગણે પહોંચે છે' એવી હર્ષજન્ય વધામણી આપી વિપુલ કલ્યાણીએ "ઓપિનિયન"ને આટલી ઉચ્ચભ્રૂ ભૂમિકાએ પહોંચાડવામાં સ્થાનિક - પ્રાદેશિક સાહિત્યકારોનો વિશેષ આભાર માન્યો હતો. અને હવે "ઓપિનિયન"ની ઈન્ટરનેટ પર પ્રસ્તુતિ થાય છે ત્યારે સાહિત્યકારોને એમનાં ઉચિત લખાણો આપવાનું ચાલુ રાખવા ઈજન આપ્યું હતું.

માણસ પોતાના વિચારોને સ્પષ્ટ રીતે પોતાની માતૃભાષામાં રજૂ કરી શકે. માતૃભાષા કે જેને આપણે લોહીના સંબંધોની ભાષા કહીએ છીએ તેનું ગૌરવ વધારવું જોઈએ અને સાથે સાથે અન્ય ભાષાઓનો પણ આદર કરવો જોઈએ. ગાંધીજીએ સૌથી વધારે ઝોક માતૃભાષા તરફ આપેલો છે, પણ સમયે સમયે એ પ્રાદેશિક ભાષાનું ગૌરવ કરવાનું ચૂકયા નથી. માટે જ્ઞાનના પ્રચાર અને પ્રસારરૂપે ભાષાનું મૂલ્ય વધારવું જોઈએ. વિપુલ કલ્યાણીએ વર્ધા આશ્રમમાં મુલાકાતે આવેલા એક અંગ્રેજ સજ્જનનો ઉલ્લેખ કરી 'માતૃભાષા'ને ગૌરવાન્વિત કરતા ગાંધીજી અને એ અંગ્રેજ વચ્ચે થયેલી વાતચીતના કેટલાક સંવાદો ટાંકી ગુજરાતીની સાથે પ્રાદેશિક ભાષાનું પ્રતિષ્ઠાન કરવા બાબત પર ભાર મૂકયો હતો.

ક્ષમાપન

"ઓપિનિયન"ના જુલાઈ ૨૦૧૦ના અંકમાં, ૨૭મે પાને, છપાયા મધુ રાયના લેખ, 'સુચી વ્યાસ ! દોબારા, દોબારા !'માં છપાયા ફોટા હેઠળ, 'સુચી વ્યાસ'ની જગ્યાએ 'સુચી ભટ્ટ' છપાયું છે, તે બરાબર નથી. આ મતલબના અશોકભાઈ મેઘાણીના મધુ રાય પર મોકલાયેલા ઈ.મૈલને લેખક, મધુ રાયે, અમને મોકલી આપ્યો છે. તે બંને ખરા છે. અલબત્ત, તે શરતચૂકવાળી ભૂલ છે. આ ક્ષતિ અંગે સૂચીબહેન વ્યાસ તથા મધુ રાયની અમે આ તકે જાહેર ક્ષમા માંગીએ છીએ અને આ વિગતની જાણકારી આપવા સારુ અશોકભાઈ મેઘાણી પ્રત્યે ઋણભાવ પણ વ્યક્ત કરીએ છીએ.

- તંત્રી

પોતાના પ્રતિભાવોનું સમાપન કરતી વખતે એમણે જણાવ્યું કે, 'ગુજરાતી સાહિત્યના આરંભકાળથી આજ સુધીનો એક લાંબો પ્રવાસ રહ્યો છે. અનેક પ્રકારના કામો થયાં છે. દુનિયાના વિવિધ વિસ્તારો સાથે નાતો બંધાયો છે. અનેક સંસ્થાઓ જોડે, સેંકડો વ્યક્તિઓ સાથે કામ કરવાનું થયું છે. ગુજરાતી સાહિત્ય અકાદમી, મારે મન, માત્ર સંસ્થા નથી, એક વિચાર છે, એક આંદોલન પણ છે. આવી સંસ્થાનું માન મેળવવું એ મારે માટે ગૌરવસમ ઘટના છે. મારી જાતને, આથીસ્તો, હું ભાગ્યશાળી લેખું છું. આને હું મારો વિદાય સમારોહ લેખતો નથી. અકાદમીથી હું વિદાય થયો નથી. થઈ શકું પણ નહીં. માટે "ઓપિનિયન" વાટે, "નિરીક્ષક" દ્વારા, મારાથી થાય તે સેવાઓ કરતો રહીશ.'

કવિમિત્ર પંચમ શુક્લની 'મૂળ ઊંડા જશે તો ઝાડ ઊંચે જશે' કાવ્યરચનાની રજૂઆત સાથે વિપુલ કલ્યાણીએ પોતાની અભિવ્યકિતને વિરામ આપ્યો હતો.

એ પછી 'આચમન' પુસ્તકનો લોકાર્પણવિધિ સંપન્ન થયો. બ્રિટનની ધરતી પર ગુજરાતી ભાષા અને સાહિત્યને ધબકતું રાખવા વિપુલ કલ્યાણીએ ભેખ લીધો છે એ બાબતને ધ્યાનમાં રાખીને એમના બહુમાનરૂપે 'આચમન' - ડાયસ્પોરિક ટૂંકી વાર્તાઓ, કાવ્યો અને નિબંધોનું અનિલ વ્યાસ અને રમણભાઈ પટેલે સંપાદન કરી આ પુસ્તક વિપુલ કલ્યાણીને અર્પણ કર્યું છે. અને સન્માનિતના વરદ્ હાથે 'આચમન'નું લોકાર્પણ થયું હતું.

ડાયસ્પોરા શબ્દનું યથાર્થ અર્થઘટન કરી આ પુસ્તકનો ભાવવાહી રસાસ્વાદ કરાવતાં અનિલ વ્યાસે જણાવ્યું હતું કે, 'ડાયસ્પોરા શબ્દ આમ તો કોઈ પણ કારણે વતનવિહોણા અને બીજા પ્રદેશમાં જઈ વસેલા વ્યકિતસમૂહ માટે વપરાય છે. ગુજરાતમાંથી નીકળી વિશ્વના વિવિધ દેશોમાં વસતા સમૂહ-જૂથ માટે ગુજરાતી ડાયસ્પોરા શબ્દ વપરાય છે. આ સમૂહ દ્વારા સર્જાયેલું સાહિત્ય એટલે ડાયસ્પોરા સાહિત્ય. ડાયસ્પોરાનો મરમ બિલોરી કાચથી ઉકેલીએ તો ગુજરાત બહાર અન્ય રાજ્યમાં સ્થાયી થયેલા સર્જક દ્વારા ત્યાંની સંસ્કૃતિ, પરંપરા, ભાષાના પ્રભાવ તળે સર્જાતાં સાહિત્યને પણ એમાં મૂકવું પડે છે, પણ લાંબી લેખણે કહું તો ય વાત તો વિદેશમાં કાયમી સ્થાયી થયેલા સાહિત્યકારોએ સર્જેલું સાહિત્ય (લંડનમાં બેસી હું મારા ગામ ઉમરેઠનો નિબંધ લખું એ ડાયસ્પોરા નહિ.) અકાદમીએ ગુજરાતી ભાષાના વારસા અને વિકાસની સાથોસાથ ગુજરાતી સાહિત્યની ય ખેવના કરી અને ડાયસ્પોરિક સાહિત્ય સંદર્ભે જે વિશેષ યોગદાન આપ્યું એમાં વિપુલ કલ્યાણીનો સિંહ ફાળો છે.'

પ્રતિ વર્ષ અપાતો, ૨૦૦૯ની સાલનો 'શાંતશીલા ગજ્જર સ્મૃતિ પુરસ્કાર', દિવંગત વાર્તાકાર વિનય કવિને એમની વાર્તા 'બે અજાણ્યાં જણ'ના ઉત્તમ પ્રદાન માટે દિવંગત વાર્તાકારના સુપુત્ર દીપક કવિને આપવામાં આવ્યો હતો.

મનોરંજન કાર્યક્રમમાં પ્રશિષ્ટ ગુજરાતી ગીતો, કાવ્યો અને કવિતાઓની કક્કાવારી, પ્રેરક-મોહક શબ્દો અને સંગીતમઢયા રસળતા સૂરોમાં, વ્યોમેશ જોષી, ગિરિશ ચાંદેગ્રા, અનિલ વ્યાસ, ભદ્રા વડગામા, સુષમા સંઘવી, ચંપાબહેન પટેલ, હંસાબહેન પુરોહિત, ચેતનાબહેન વ્યાસ અને રૂપાલી કાપડિયાએ ગુજરાતી સાહિત્યમાં દુર્લભ એવાં ૩૧ જેટલાં ગીતોની રસલ્હાણ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા.

ગુજરાતી સાહિત્ય અકાદમીનાં મહામંત્રી ભદ્રા વડગામાએ આ સમારોહનું સુભગ સંચાલન કર્યું હતું. સભાપતિસ્થાને અકાદમી-પ્રમુખ અનિલ કાગળવાળા વિરાજ્યા હતા અને કાર્યક્રમનું અતિથિપદ જાણીતા શ્રેષ્ઠી રતિલાલભાઈ ચંદરિયાએ શોભાવ્યું હતું. આભારદર્શન અકાદમીનાં સહમંત્રી વિજ્યા ભંડેરીએ કર્યુ હતું. એમણે જાહેર કે પરોક્ષમાં રહી જે સુહ્રદોએ આ અવસરને સફળ બનાવવામાં સહયોગ-દાન આપ્યું હતું, એ સૌનો, તથા પ્રીતિભોજનના ખર્ચનું અનુદાન કરનાર 'બીદ એન્ટરપ્રાઈઝીઝ'ના માલિક ભીખુભાઈ શાહ તથા શાન્તિલાલ શાહનો વિશેષરૂપે આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં પબ્લિક ઍડ્રેસ સિસ્ટમની ઉપલબ્ધિ માટે શાન્તુભાઈ મારુ તેમ જ આ અવસરની ઉજવણી માટે વિલ્સડનગ્રીન લાઈબ્રેરી પરિસરમાં વિના ભાડે ગોઠવણી કરી આપવા માટે 'બ્રેન્ટ લાઈબ્રેરી સર્વિસીસ' પ્રત્યે પણ અકાદમી વતી તેમણે ઓશિંગણભાવ વ્યકત કર્યો હતો. અંતમાં પ્રીતિભોજન બાદ આ સમારોહની સામાપ્તિ થઈ હતી. 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ'ની આયોજનપૂર્ણ પ્રસ્તુતિ અને અકાદમીએ કરેલું વિપુલ કલ્યાણીનું ઉચિત બહુમાન સૌને સ્મરણીય બની રહયું.

[324 Horn Lane, Acton, LONDON W3 6TH, U.K.]

સૂરજને હેરાન કરવાની એક તક
વાદળી રાતનો અંધકાર એ શક
બાકી સૂરજ સરકાર, સૂરજ મુલક
પછી ઉજાસ અંગે આપણો શો હક

– બાબુલ

(૧૯૮૬)

એક સાલસ વિદ્વાનનું મૃત્યુ

• મધુ રાય

વર્ષો પહેલાં અમેરિકાના ન્યુ જર્સી રાજ્યના જર્સી સિટી નામે નગરમાં ભારતીય મહિલાઓના કપાળે ચાંદલો હોય છે તેના ઉપરથી ‘ડોટ બસ્ટર’ નામે ધિક્કારનું આંદોલન થયેલું જેમાં ત્યાં નવા નવા આવેલા ભારતીય લોકોને પથ્થરથી મારવાના, તેમનાં ઘર લૂંટવાના અને સતામણીના બનાવ બનેલા. એક નવરોઝ મોદી નામે યુવાનની હત્યા થયેલી. પાંચેક વર્ષ પહેલાં હોમડેલ શહેરનાં ગીતા અંગારા નામે યુવતીનું ખૂન થયેલું જેના હત્યારા પકડાયા નથી. ડેવ મકકાર નામે બ્લોગર જણાવે છે કે થોડા સમય પહેલાં ગીચ ભારતીય વસતીવાળા એડિસન નગરમાં એક પોલીસે અજય પટેલ અને બિમલ જોશીને ભારતીય ઝંડો ફરકાવવા બદલ તેમ જ તે પછી રજનીકાન્ત પરીખ નામે દુકાનદારને કશા બહાને ક્રૂરતાથી પીટેલા, અને એડિસનના અન્ય પોલીસોએ ભારતીયોને વંદા, ઢોર, અભણ કહીને ઘરભેગા થવા કહેલું.

ગયા માસની ૨૫મી તારીખે ડૉ. દિવ્યેન્દુ સિંહા નામે કમ્પુટર નિષ્ણાત ગૃહસ્થ તેમના ઓલ્ડ બ્રિજ શહેરના નિવાસેથી તેમની પત્ની ને પુત્રો સાથે સાંજે ફરવા નીકળેલા ત્યાં અચાનક એક મોટરકારમાંથી ત્રણ છોકરાઓ કૂદીને બહાર આવ્યા ને કશાય કારણ વિના તેમના પત્ની બાળકોની સામે તેમને ઢોર માર મારીને ભાગી ગયા. સિંહાને હોસ્પિટાલ લઈ જવાયા, પેલા છોકરાઓ પકડાયા, હોસ્પિટાલમાં ડૉ. સિંહાનું મૃત્યુ થયું. આથી આખી ભારતીય પ્રજા હેબત ખાઈ ગઈ છે.



અહીં ગોરા ને કાળા અમેરિકનો બેકાર થઈ રહ્યા છે, પોતાનાં ઘર ગુમાવી રહ્યા છે ત્યારે મહેનતુ, કરકસરિયા અને સફળ ધંધાદારી ભારતીયો ઓસ્ટ્રેલિયાની જેમ અહીં પણ કાળી અસૂયાનું કારણ બની રહ્યા હોય તેવા અણસાર આવી રહ્યા છે. ભારતીયો તેમની નોકરીઓ છિનવી જાય છે, ભારતનાં કોલ સેન્ટરો અહીંની નોકરીઓ ભારતમાં ખેંચી જાય છે, અને જુદા દેખાતા, જુદું અંગ્રેજી બોલતા, જુદું ખાવાનું ખાતા ભારતીયો મત્સરનો ભોગ બન્યા છે. તેઓ દાકતર,એન્જિનીયર, આઈટી જેવાં ક્ષેત્રોમાં પોતાની બુદ્ધિશક્તિથી અમેરિકાનું બુદ્ધિધન વધારે છે. સમૃદ્ધ છે તેથી ટેક્સ વધુ ભરે છે.

ધંધાદારી છે તેથી તેઓ બીજા અમેરિકનોની નોકરીઓ ખૂંચવી લેતા નથી, પણ તેમને નોકરીઓ આપે પણ છે. ડૉ. સિંહાના હત્યારાઓ તે દિવસે તોફાને ચડેલા. દિવ્યેન્દુજીને મારવા આવતાં પહેલાં કોઈ ગોરાની મોટરકારની પાછળ પડેલા. પેલો જીવ બચાવીને ભાગી છુટ્યો તો પાછળથી તેની ગાડી પર પથ્થરમારો કરીને તેમની હિંસાવૃત્તિ વ્યક્ત કરેલી. તેને ‘ગુમાવી’ તેઓ પાછા જતા હતા ત્યાં આ નિરપરાધ ભારતીય પરિવારને શાંતિથી ચાલતો જોઈ કાર રોકી બહાર નીકળી ડૉ. સિંહાને મારવા લાગ્યા. અર્થાત્ કદાચ આ કૃત્ય ભારતીયો સામે દ્વેષનું કૃત્ય નહોતું, એવું પોલીસ માને છે.

પણ ભારતીયો કહે છે કે ભારતીયોની આબરૂ અહિંસક અને શાંતપ્રિય છે તેથી ભારતીય પરિવાર સહેલો કોળિયો લાગવાથી આ પાશવી કુકૃત્ય થયું છે. કદાચ કોઈ કાળો કે સ્પેનિશ પરિવાર રસ્તે જતો હોત તો તેમની નજરે ન આવત. અર્થાત્ તે અર્થમાં તે દ્વેષનું જ કૃત્ય છે. ભારતીયોની અહિંસકતા તેમને કોઈ વિકૃત રીતે ધિક્કારવા પાત્ર નબળાઈ લાગે છે.

ભારતની વિખ્યાત આઈઆઈટીના સ્નાતક ડૉ. દિવ્યેન્દુ સિંહા અહીંની સ્ટીવન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી પીએચડી કરી સીમેન્સ કોર્પોરેશન નામે બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતા હતા. થોડો સમય તે સિટી યુનિવર્સિટી ઓફ ન્યુ યોર્ક તથા તેમની માતૃશાળા સ્ટીવન્સમાં તે ભણાવતા પણ હતા. તેમણે મેથેમેટિકલ મોર્ફોલોજી, ફઝી સેટ થિયરી, અને આર્ટિફિશિયલ ઈન્ટેલજન્સ જેવા ઊંડા વિષયોનાં ૫૦ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યા છે. ડૉ. સિંહા જર્નલ ઓફ રીયલ ટાઈમ ઈમેજિંગ અને ઈલેક્ટ્રોનિક ઈમેજિંગ નામે સામિયકોના સહતંત્રી હતા, એફિશિયન્ટ એલ્ગોરિધમ ડેવેલપમેન્ટ, ઓબ્જેક્ટ ઓરિયેન્ટેડ સોફ્ટવેર ડિઝાઈન, મશીન વિઝન, ફ્લિપફ્લોપ બોન્ડર્સ તથા રોબોટિક વિઝનમાં વેફર ઈન્સપેકશન સિસ્ટમ જેવા વિષયોના સલાહકાર જ્ઞાતા હતા.

આ વિષયોની યાદી એટલા માટે છે કે તેમની પ્રતિભાના સ્તરનો અંદાજ આવે. એવા જ્ઞાની બૌદ્ધિકનું તેમના છળી ઊઠેલાં નાના પુત્રો અને પત્નીની સામે આવું ક્રૂર ને અવિચારી હનન અહીં રહેતા ભારતીયોના મનમાં વિષાદ જન્માવે છે. તેમના ફેસબુકના પાનામાં જણાવાયું છે તેમના પરિવાર અને મિત્રો જ નહીં તેમના વિદ્યાર્થીઓ, સહપાઠીઓ, સહકર્મીઓ અને સમસ્ત ભારતીય કોમમાં જેને જ્યારે જે પણ સહાય કરી શકાય તે કરવા ડૉ. સિંહા તત્પર હતા.

ત્રણ દિવસની સારવાર બાદ પણ ૪૯ વર્ષની વયના ડૉ. સિંહા બેઠા ન થયા. ડોક્ટરોએ ખિન્નતાથી જાહેર કર્યું કે તેમનું મગજ મરી ગયું છે અને હવે કેવળ દેહનું ખોખું જીવિત રાખવાનો અર્થ નથી. તેમના મોંમાં ગંગાજળ રેડાયું, તુલસીપત્ર મુકાયું અને ભજન જાપ સાથે તેમની લાઈફ સપોર્ટ વિરામ પામી. તેમના પરિવારે તેમની કિડનીનું દાન આપવાનું નક્કી કર્યું. તે રીતે ફેસબુકમાં જણાવાયું છે તે યથાર્થ થાય છે. જેને કિડનીના જીવતદાનની જરૂર હતી તેવા બીજા કોઈને સહાય કરીને મૃત્યુ પછી પણ તેમનો અંશ હજી જીવે છે. ન્યાયની માગણી કરવા ttp://justicefordivyendufamily.wordpress.com વેબસાઈટ શરૂ કરાઈ છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે અને તેમના બૃહદ પરિવારને તે આઘાત જિરવવાની શક્તિ આપે. અને તેમના હત્યારાઓને કઠોર સજા આપે. જય ન્યાયમાતા.

(સદ્ભાવ : ‘નીલે ગગન કે તલે’, ‘કળશ’, “દિવ્ય ભાસ્કર”, ૨૧.૭.૨૦૧૦)

e.mail : madhu.thaker@gmail.com

… હું તો ચેકો લખી લખી થાકી, કાનુડા તારા … … !

ગિરીશના ગ્રેજ્યુએશનનો, એકતાની એન્ગેજમેન્ટનો, વિશાખાની વેડિંગનો, બેલાના બૅબી-શાવરનો, અવનીના અરંગેત્રમ્નો, નવીનભાઈના નવા ઘરની હાઉસ વૉર્મિંગનો, પીયૂષભાઈની પચીસમી વેડિંગ ઍનિવર્સરીનો, પ્રવીણભાઈની પચાસમી વેડિંગ ઍનિવર્સરીનો, પ્રકાશભાઈની પંચોતરમી વર્ષગાંઠનો અને નટવરકાકાની નેવુંમી વર્ષગાંઠના. કેટકેટલા ચેક લખવા છે ?

e.mail : mahendraaruna@msn.com

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......

મધ્ય આફ્રિકામાં, એક દા, ઉત્તર રોડેશિયા, દક્ષિણ રોડેશિયા અને ન્યાસાલૅન્ડનું સમવાયતંત્ર હતું. આજે આ દરેક સ્વતંત્ર દેશ છે અને અનુક્રમે, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે અને મલાવી નામે ઓળખાય છે. આ મધ્ય આફ્રિકાનો વિસ્તાર આફ્રિકાની સંસ્કૃતિનું પારણું પણ હોવાનું માનવામાં આવે છે. પાછળથી આ મુલકો બ્રિટિશ તાબામાં ગયા. સેસિલ જ્હોન રોડ્સ નામના એક બ્રિટીશ વસવાટી યાત્રીના નામ પરેથી રોડેશિયાનું નામકરણ થયેલું, તેમ ઈતિહાસ કહે છે.

વરસોથી આ દેશમાં સ્થાયી થયેલાં ગુજરાતી ભાષાશિક્ષણનાં કામોમાં પારંગત શિક્ષિકા, ચંપાબહેન છીતુભાઈ પટેલ આ દેશનાં એક નામી ગુજરાતી શહેરી છે. એ મહાનગર લંડનના વાયવ્ય વિસ્તારે એજવેર બરૉમાં વસે છે. ચંપાબહેનનો જન્મ તત્કાલીન દક્ષિણ રોડેશિયામાં થયેલો, અને લગ્ન બાદ, ઉત્તર રોડેશિયામાં વસવાટ કરતા હતાં. એમનાં સદ્‌ભાવથી આ છબિ સાંપડી છે. ચંપાબહેન લખે છે :

અમારી હિંદુ ગુજરાતી શાળા ૧૯૨૮માં શરૂ થઈ હતી. મારા સમયે, ૧૯૪૮માં, ભારતથી બે નવા શિક્ષકો આવેલા જે આ ફોટોમાં બંને નાકે બેઠા છે. ડાબા હાથે ડાહ્યાભાઈ પટેલ છે અને તેમની બાજુમાં વલ્લભભાઈ મોદી તથા પ્રેમજીભાઈ પટેલ છે. તેમની બાજુમાં છે બાબુલાલ દાદા અને તેની બાજુમાં જશભાઈ પટેલ અને પછી તે વેળાના મુખ્ય શિક્ષક મોરારજીભાઈ પટેલ. તેમના પછી છે રમણભાઈ બ્રાહ્મણ જેઓ નિશાળની સાથેના મકાનમાં રહેતા હતા. તે મંદિરમાં પૂજારી હતા તેમ જ નાના બાળકોના ય શિક્ષક હતા.

ચંપાબહેન એક રસપ્રદ હકીકત વિશે ય અંગૂલિનિર્દેશ કરે છે : અમે અંગ્રેજી શાળામાં સવારે આઠથી બપોરે એક ભણીએ. બપોરે ઘેર ભોજન લઈને બે વાગ્યે ગુજરાતી નિશાળમાં જઈએ. સોમવારથી શુક્રવાર આ સમય રહેતો. અંગ્રેજી શાળામાં દર બુધવારે રમતગમત રમવા માટે બપોરે બેથી સાંજે પાંચ સુધી ફરજિયાત જવાનું રહેતું. આથી ગુજરાતી નિશાળમાં બુધવારની અવેજીમાં શનિવારે ભણવા જવાનું બનતું.

આ નિશાળમાં આરંભે પ્રાર્થના થતી. તે પછી આંક બોલવાનો વારો આવતો. દરેક વિદ્યાર્થીના નખ સ્વચ્છ છે કે નહીં તેની નિયમિત તપાસ કરવામાં આવતી. લેસન આગોતરું અપાયું હોય તે તપાસકામ સારુ આપી દેવાનું થતું. વ્યાયામ કરવાની આવતી. તેમાં આટાપાટા, હુતુતુતુ, ખો ખો જેવી જેવી દેશી રમતો રમવાની પણ આવતી. અને પછી, હાથ ધોઈ નાસ્તો અપાય તે કરી લેવાનો રહેતો. મંદિરમાં જવાનું આવતું. અમારા સર રમણભાઈ બ્રાહ્મણે શીખવેલી પ્રાર્થના ત્યાં ગવાતી; ભગવદ્‌ગીતાના બારમા અને પંદરમા અધ્યાયોના પાઠ થતા. શનિવારના આ વર્ગ પછી, લાયબ્રેરીમાં જવાનું અને વાંચવા માટે પુસ્તકો નોંધાવીને ઘેર લઈ આવવાનો શિરસ્તો હતો. આ ચોપડીઓના વાંચનને આધારે આગામી વર્ગમાં શિક્ષકો પ્રશ્નોત્તરી કરતા. રવિવારે હોમહવન થતો અને તેમાં હાજરી આપવી જરૂરી લેખાતી. હાજર ન રહેનારને સજા કરાતી !

અને આજે ? વાચન પણ ઘટ્યું છે. ગુજરાતીનું ભણતર હાંસિયામાં ધકેલાતું જાય છે. આવું તળ ગુજરાતનું ચિત્ર છે. ચંપાબહેન પટેલનું આ લખાણ હવે પછી ક્યારેક લેવાની ધારણા સેવી છે.

ઓળખનો સંઘર્ષ અને તેનો ઉકેલ : ભીખુ પારેખની દૃષ્ટિએ

• વિભૂતિ પટેલ

આજે વિશ્વ સમક્ષ ધાર્મિક, વંશીય અને જાતીય ઓળખના આધારે સતત સંઘર્ષો ચાલુ જ છે. ૨૧મી સદીની વૈશ્વીક શાંતિ અને સમૃદ્ધિ જાણે તેના પર સંપૂર્ણપણે અવલંબિત હોય તેવી સ્થિતિ જગતની બની ગઈ છે. ઓળખ એ વિશ્વસમાજનો પ્રાણપ્રશ્ન બની ગયો છે. જો કોઇ તેનો ઉકેલ બતાવે તો તે પોતે એક ઘટના બની જાય. આ વિષય પર બ્રિટનસ્થિત પ્રા. ભીખુ પારેખનું નવું પુસ્તક 'એ ન્યુ પોલિટીક્સ ઑવ્ આઈડૅન્ટીટી' (મેકમિલન, યુ.કે.) પ્રકાશિત થયું છે.

ગુજરાતનું બૌદ્ધિક જગત પ્રોફેસર ભીખુ પારેખથી પરિચિત છે જ. રાવજીભાઈ પટેલ 'મોટા' વિશેનાં અમારાં બે નવાં પુસ્તકો 'કલેક્ટેડ વર્ક્સ ઓફ પ્રા. રાવજીભાઈ પટેલ' (અંગ્રેજી) અને 'ક્રાંતિકારી વિચારક'(ગુજરાતી)ની પ્રસ્તાવના ભીખુભાઈએ આત્મિયતાપૂર્વક લખી આપી છે. તેમના નવા પુસ્તક 'એ ન્યુ પોલિટીક્સ ઑવ્ આઈડૅન્ટીટી'નું બૌદ્ધિક છતાં સરળ મૂલ્યાંકન એસ.એન.ડી.ટી., મુંબઈનાં પ્રો.વિભૂતિબહેન પટેલે અંગ્રેજીમાં કર્યું હતું. તેનો ગુજરાતી ભાવાનુવાદ પ્રસ્તુત છે.

- બિપિન શ્રોફ, તંત્રી : "વૈશ્વીક માનવવાદ"

•

જ્ઞાતિ, જાતિ, વંશ અને ધર્મ આધારિત સંઘર્ષ ૨૧મી સદીનો સૌથી મોટો અને ચિંતાજનક પ્રશ્ન બની ગયો છે. વૈશ્વીક રાજકારણ તેની આસપાસ ગુંથાઇ ગયેલું છે. તેના પરિણામ સ્વરૂપે થયેલો માનવસંહાર (વ્યકતિગત તથા સામૂહિક) અને કુદરતી સાધનસંપત્તિનો વિનાશ અમાપ છે. મોટા ભાગનાં રાષ્ટ્રો અને વિશ્વની તાસીર લોહિયાળ બની છે. દા.ત. ભારતનાં કોમી રમખાણો, બોસ્નિયાના વંશીય સંઘર્ષો, દક્ષિણ આફ્રિકાના રંગભેદી સંઘર્ષો, અફઘાનીસ્તાન અને ઈરાકના યુદ્ધોમાં માનવજીવન અને સાધનસંપત્તિનો વિનાશ, રવાન્ડાની લઘુમતી કોમોનો સંપૂર્ણ જનસંહાર (જિનોસાઈડ), શ્રીલંકાનું આંતરિક યુદ્ધ .. આ બધા સંઘર્ષોએ જે સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સમસ્યાઓ પેદા કરી છે તેના સંદર્ભમાં ભીખુ પારેખના પુસ્તકમાં રજૂ થયેલાં તારણોનું મહત્ત્વ વધી જાય છે.

પુસ્તકનું લખાણ જુદી જુદી વિદ્યાશાખાઓ - રાજયશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને જીવશાસ્ત્ર વગેરેનો સંદર્ભ લઈને સ્પષ્ટ અને વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં વર્તમાન સાંસ્કૃતિક સભ્યતાને ધ્યાનમાં રાખીને ઊભા થયેલા વ્યકતિગત, સામૂહિક તેમ જ રાષ્ટ્ર - રાજયની ઓળખના કે તાદાત્મ્યના પ્રશ્નોને આમેજ કરી લેવામાં આવ્યા છે. વૈશ્વીક માહિતી અને પ્રસારનાં માધ્યમોએ આ રૂઢિચુસ્ત ઓળખને વધારે પડકારી છે. પુસ્તકમાં સરસ રીતે સમજાવવામાં આવ્યું છે કે કેવી રીતે આધુનિક પ્રચાર અને પ્રસારના સંસાધનોએ વૈશ્વીક બળ તરીકે વર્તીને, જૂની રૂઢિચુસ્ત સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ઓળખને માનવી પાસેથી છીનવી લીધી છે અને તેને ઓળખવિહીન બનાવી દેવામાં આવ્યો છે. લેખકે તો એમ સમજાવ્યું છે કે માનવી પાસેથી જૂની રાજય, ધર્મ, જાતિ કે રંગની ઓળખને બદલે નવાં વૈશ્વીક પરિબળોએ તેને નવી વૈશ્વીક, રાજય - રાષ્ટ્ર સીમાઓની પરની વૈશ્વીક માનવીય ઓળખ આપી છે. સાથોસાથ તેમણે એમ પણ જણાવ્યું છે કે માનવી ૨૧મી સદીમાં વૈશ્વીક માનવી બન્યો હોવાથી, તે વૈશ્વીક અને વ્યકતિગત બન્ને ઓળખની સાથે જીવી શકશે. આ બન્ને ઓળખો એકબીજાની પૂરક બની શકવાની પૂરી ક્ષમતા ધરાવે છે. તેમનું મંતવ્ય છે કે ૨૧મી સદીના વૈશ્વીકિકરણના પ્રવાહોએ માનવીને એકલોઅટૂલો, અસલામત અને અસુરક્ષિત બનાવી દીધો છે. તેને એમ જ મહેસૂસ થાય છે કે જૂની ધાર્મિક, જાતીય, વંશીય કે રાષ્ટ્રીય ઓળખને આધારે જીવવું. તેના જીવન અને સાંસ્કૃતિક રીતરિવાજોની નૈતિકતાના આધાર માટે હજુ પેલી જૂની ઓળખો તેની માર્ગદર્શક બને છે. લેખકનાં તારણો મુજબ ૨૧મી સદીનો આ તનાવ એક ઓળખમાંથી બહાર નીકળી બીજી ઓળખ તરફના પ્રયાણનો છે. ખરેખર તો આપણી જરૂરિયાત વૈશ્વીક ગૌરવમય માનવીય એકતામાં અને તેના આધારિત બધી જૂની ઓળખોને બદલે માનવી તરીકે જ માનવીની ઓળખ વિકસાવવામાં છે.

લેખકે સરળતા ખાતર માનવીની ઓળખને ત્રણ ભાગમાં વહેંચી છે. એક અંગત ઓળખ, બીજી સામાજિક અને ત્રીજી માનવીય ઓળખ. માનવીનું પોતાનું વ્યકતિત્વ કેવી રીતે લાગણી, ઈચ્છાઓ, યાદશક્તિ, ભય, ચિંતા, આવેગો વગેરેથી બને છે તેની વાત લેખકે કરી છે. ઉપર મુજબની ત્રણ ઓળખો માનવી તેના અનુભવો વગેરેનું મૂલ્યાંકન કરી બતાવતો આવ્યો છે. આ બધી ઓળખો દરેકમાં સપ્રમાણ રીતે વિકસેલી હોતી નથી. પરંતુ વ્યક્તિની સામૂહિક ઓળખ - દા.ત. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી જેવી સામૂહિક ઓળખ - તેની સામાજિક ઓળખનું સર્જન હોય છે. માનવીની આ સામૂહિક ઓળખ કેવી રીતે બને છે અને આવી સામૂહિક ઓળખો કેવી રીતે એકબીજાની સામે સંઘર્ષ આવીને ઊભી રહે છે તે પણ વિગતે સમજાવવામાં આવ્યું છે. એમાં તેમણે સજાતીય સંબંધ ધરાવતાં સ્ત્રી-પુરુષો તથા આફ્રિકાની કાળી પ્રજા પોતાની આગવી ઓળખ સંપાદિત કરવા માટે, જૂની ઓળખ ત્યજીને નવી ઓળખ પેદા કરવા જે સંઘર્ષ કરે છે તેની વાત વિગતે કરી છે. આ બધા જે સામાજિક મુખ્ય પ્રવાહમાંથી ગમે તે કારણસર હાંસિયામાં ફેંકાઈ ગયા છે કે સામાજિક રીતે અવગણના પામ્યા છે, તે બધા મુખ્ય પ્રવાહના જાતિ, વંશ, તર્કવિવેક, ઈતિહાસ અને વિકાસના પ્રવર્તમાન ખ્યાલો સામે પોતાનો વિદ્રોહ કે બળવો વ્યકત કરે છે. તે બધા સમાજના સર્વ પ્રકારના સત્તાકીય હિસ્સામાં પોતાનું સ્થાન અને સત્તાકીય હિસ્સો માગે છે.



માનવીની રાષ્ટ્રીય ઓળખને લેખકે ખૂબ જ મોટી ઓળખ અને અસરકારક ઓળખ તરીકે ઓળખાવી છે. ગ્રેટ બ્રિટનનો સંસ્થાનવાદ, જર્મનીમાં નાઝીવાદની સત્તા, ભારતમાં બ્રાહ્મણવાદી વર્ણવ્યવસ્થા અને અછૂતપ્રથા તથા યુરોપ અને અમેરિકામાં સદીઓ સુધી ચાલુ રહેલી ગુલામોની વેપારપ્રથા એ ખૂબ જ સામૂહિક રિબામણી અને અમાનવીય ત્રાસની ઓળખ છે, જે ભૂલવી શકય નથી. તેમણે સામૂહિક ઓળખને જન્મ આપ્યો છે. આ બધાં પરિબળો વર્તમાન વૈશ્વીક સમસ્યાઓના જન્મદાતા છે. શહેરીકરણ, તેમાંથી પેદા થતી વ્યક્તિગત એકલતા, દુન્યવી વ્યવહારો અને મોટા પાયે એકબીજા દેશોમાંથી જુદા જુદા ધર્મો પાળતી અને જુદી જુદી જાતિઓ ધરાવતી વસ્તીનું સ્થળાંતર - આ બધાં પરિબળોએ વૈશ્વીક સમસ્યાઓ સર્જી છે. તેમાંથી આ બધા દેશોમાં બહુસાંસ્કૃતિક કે વિવિધ સંસ્કૃતિઓના સહવાસ અને સમૂહવાસથી પેદા થયેલો સમાજ અસ્તિત્ત્વમાં આવ્યો છે. તેમાંથી જ જૂની સામૂહિક ઓળખ ઓગળી જઈને એકરૂપ સમાજ પેદા થવાનાં પરિબળોનું પણ કેટલાક અંશે સર્જન થયું છે. પણ આ દેશોની બહુમતી પ્રજા બહારથી આવેલા કાયમી વસાહતીઓને મુખ્ય વિરોધી કે હરીફો ગણીને, તેમની માન્યતાઓ અને વર્તનને સહજ રીતે સ્વીકારતા નથી. મૂળ પ્રજાની આગંતુક પ્રજા પ્રત્યેની નફરત આંખે ઊડીને વળગે તેવી હોય છે. દેશનું સત્તાકીય જૂથ ઈચ્છે છે કે સ્થળાંતરિત વસાહતીઓ દેશના સામાજિક, રાજકીય, આર્થિક, નૈતિક અને સાંસ્કૃતિક

પ્રવાહમાં એકરૂપ બની સમરસ થઈ જાય. શરૂઆતમાં આવેલ વસાહતીઓ પણ પોતાનો દેશ છોડીને આવેલા નિર્વાસિતો હતા. તે નવા દેશમાં આવકાર આપતી સરકારનો આભાર માનીને, દેશના મૂળ પ્રવાહનો એટલી હદે ભાગ બની ગયા કે તે પોતાની મૂળ ઓળખ જ ભૂલી ગયા. પરંતુ પછીથી આવેલા વસાહતીઓ કાં તો શ્રમજીવી કે મજૂર તરીકે અથવા શિક્ષા પામેલી કુશળ વ્યક્તિ તરીકે આવ્યા હતા. તેમનો આ દેશો સાથેનો નાતો જાણે કરારબદ્ધ હતો. જયારે રાજકીય સમાજ બહુવંશીય અને બહુધાર્મિક સમાજના પોતને સહજ ભાવે સ્વીકારવા સક્ષમ બને છે ત્યારે એ સમાજ સહિષ્ણુ બને છે તેમ જ તે સમાજ ભિન્ન ભિન્ન સામાજિક એકમો પ્રત્યે મોકળાશભર્યું વલણ કેળવતો જાય છે.

યુરોપિયન ઉદારમતવાદી સમાજ અને તેના મુસ્લિમોની ઓળખના પ્રશ્ન બાબતે લેખકનું તારણ છે કે સને ૧૯૭૦ પછી મુસ્લિમોએ જે તે દેશના મુખ્ય પ્રવાહ સામે પોતાની આગવી ધાર્મિક ઓળખ પ્રમાણે આગવો વ્યવહાર શરૂ કર્યો. મુસ્લિમ પ્રજાને સામાજિક રીતે એકરસ બનાવીને તેમને રાજયના વફાદાર નાગરિક બનાવવાનો મુદ્દો યુરોપિયન પ્રજા તથા દેશો માટે પ્રાણપ્રશ્ન બની ગયો. અત્યારે આ બધા દેશોમાં એવી છાપ ઊભી થઈ છે - અને સાથે સાથે ગભરાટ પેદા થયો છે - કે મુસ્લિમો દેશના મૂળ પ્રવાહમાં ભળી જવાના વિરોધી છે અને તે કોઈ પણ ભોગે પોતાની સ્વતંત્ર ધાર્મિક - સામાજિક સ્વતંત્ર ઓળખ ટકાવી રાખવા માગે છે. આ બાબતે તેમનું વલણ અસમાધાનકારી છે.

ન્યૂ યૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પરના આતંકવાદી હુમલા પછી વિશ્વના જુદા જુદા દેશોમાંથી સેંકડો મુસ્લિમોને અનિષ્ટ ગણીને મારી નાખવામાં આવ્યા છે. લેખકે રાજકીય, સામાજિક, આર્થિક અને વૈચારિક પરિબળો કેવી રીતે સાંસ્કૃતિક પ્રજાકીય વિભિન્નતાઓને પોષે છે તેની પણ વિગતે વાત કરી છે. એક પ્રકરણનું મથાળું તેમણે 'રોગીષ્ટ ધાર્મિક ઓળખ' એવું આપ્યું છે. છેલ્લા ઘણા સમયથી પ્રચલિત બનેલા સેમ્યુઅલ હટગ્ટનના 'ક્લેશ ઑવ્ સિવિલાઈઝેશન'ના સિદ્ધાંતને લેખકે અસ્વીકાર્ય અને અપ્રસ્તુત ગણ્યો છે. કારણ કે તેમાં બે ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે સમન્વય શકય જ નથી તેમ સાબિત કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક સંઘર્ષોને કેવી રીતે પાર પાડવા તેના માપદંડમાં હટગ્ટન ઊણા ઊતરે છે તેની પણ સ્પષ્ટ તર્કબદ્ધ રજૂઆત કરી છે. ધાર્મિક પુસ્તકોનાં લખાણને સનાતન સત્ય ગણીને તેને અત્યારના સામાજિક વ્યવહાર તથા નૈતિક કાર્યોના માપદંડ ગણવાથી સામૂહિક ઓળખના મોટા ભાગના સંઘર્ષો પેદા થાય છે એવું તેમનું તારણ છે.

ધર્મચુસ્તો પોતાની એકહથ્થુ સત્તા સમાજ અને સરકાર ઉપર ઠોકી બેસાડવા માગતા હોય છે. ધાર્મિક સિદ્ધાંતોના આધારે તે આધુનિક સમાજ અને સરકારનું સંચાલન તથા પુનઃરચના કરવા માગે છે. તેમના ઉપદેશો કે ફતવાઓથી પ્રેરિત સંઘર્ષનાં ખતરનાક પરિણામ આવે છે. ૨૧મી સદીના ઉગ્ર ધાર્મિક ઓળખ આધારિત સંઘર્ષે વિશ્વની ઊંઘ હરામ કરી દીધી છે. આ ધાર્મિક ઓળખ સંપૂર્ણ જુલ્મી, અત્યાચારી, દમનખોર અને અમાનવીય છે. તે સ્ત્રીઓને ઘરમાં ગોંધી રાખવા માગે છે અને પુરુષના આધિપત્યવાળા સમાજની તરફેણ કરે છે. તે ઈચ્છે છે કે સમગ્ર સમાજનું સંચાલન જૂની પુરુષપ્રધાન પદ્ધતિ અને તેના નિયમો પ્રમાણે થાય. જેમ કે, સ્ત્રીની જાતીયતા, પ્રજનન શક્તિ તથા ઘરકામ કરવાની શ્રમશક્તિ ઈશ્વરી દેન હોવાથી તેમાં ફેરફાર કે નિયમન કરવાનો કોઈનો અધિકાર નથી. તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર એટલે અલ્લાહના હુકમનો અનાદર. આ ધર્મચુસ્તો કબીલા, જમાત, પ્રચારપ્રસારનાં સાધનો, રાજય સત્તા અને જૂની ફોજદારી દંડસંહિતાનો ઉપયોગ કરી પોતાની જૂની પુરાણી સાંસ્કૃતિક માન્યતાઓ ઠોકી બેસાડે છે. આવી ઉગ્ર ધર્મચુસ્ત ઓળખના ઠેકેદારો અને ટેકેદારો આધુનિક જ્ઞાનવિજ્ઞાન અને માહિતીનાં કમ્પ્યુટર-ઈન્ટરનેટ જેવાં સાધનો તથા સામાજિક - આર્થિક પરિવર્તનો, કુટુંબનિયોજનની પદ્ધતિઓ તથા બહુસાંસ્કૃતિક સમાજોના સંપૂર્ણપણે વિરોધી છે. આ બધા સામે તે ધાર્મિક જેહાદ માંડીને બેઠા છે.

This is great! Your new humor column will boost our circulation, readers need a good laugh. But what about me? You know what I am talking about..., I also need to feed my wife and children!

......exploitation doesn't stop there!



...and one more thing before I forget, let me tell you.., we reserve all the exclusive rights on anything published in our publications!

પહેલાં કોમવાદ એટલે બે જુદા જુદા ધર્મો પાળતી સામાજિક કોમો વચ્ચેના ધાર્મિક મતભેદો આધારિત સંઘર્ષો, જેના પરિણામસ્વરૂપે ભારતના ભાગલા પડ્યા. હજુ પણ આવા કોમી સંઘર્ષો, તોફાનો અને ખૂનામરકી કે કાપાકાપી ચાલુ જ છે. ઓળખની કટોકટીના સંઘર્ષની વિગતવાર વિસ્તૃત ચર્ચા કરતાં ભીખુભાઈએ લખ્યું છે કે માનવીની 'સ્વ'ની ઓળખ એક માનવીય સંવેદનશીલ પ્રશ્ન છે. કોઈ પણ સમાજ ફક્ત રાજકીય કે આર્થિક સંસ્થાઓની નીપજ કયારે ય હોઈ શકે નહીં. માનવીની સાંસ્કૃતિક ઓળખ અસંખ્ય સંસ્કૃતિઓ તથા સાંસ્કૃતિક જૂથોનું સર્જન હોય છે. દા.ત. પશ્ચિમી જગતની સંસ્કૃતિ તેના ગ્રીક-રોમન-જયુડો-ક્રિશ્ચન વારસાની નીપજ છે. તેની ઓળખ વિશિષ્ટ મૂલ્યો જેવાં કે માનવ અધિકારો, સ્વતંત્રતા, સમાનતા, સહિષ્ણુતા, વ્યક્તિવાદ ને આલોચનાત્મક મૂલ્યાંકન / ક્રિટીકલ ઈન્કવાયરીમાંથી પેદા થઈ છે.

ખરેખર તો દરેક સાંસ્કૃતિક ઓળખ કયારે ય બીબાંઢાળ કે એવી અપરિવર્તનશીલ ન હોઈ શકે કે જેનો સારસંગ્રહ જુદી જુદી સંસ્કૃતિઓના અરસપરસના આદાનપ્રદાનથી ન બન્યો હોય. આવી ઓળખો કયારે ય ફક્ત અને ફક્ત ધાર્મિક મૂલ્યો કે પરિબળોની નીપજ ન હોય. લેખકની તાર્કિક દૃષ્ટિ એમ સૂચવે છે કે જ્યારે ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખવાળાં વસ્તીજૂથો એકબીજા સાથે રહેવાનું શરૂ કરે છે ત્યારે સહકાર અને સંઘર્ષ બન્ને શરૂ થાય છે. પરંતુ ઈતિહાસ એ વાતની ગવાહી પૂરે છે કે સંગઠીત રીતે, કોઈ ઉમદા હેતુ માટે શરૂ કરવામાં આવેલી ચળવળ ઓળખના સંઘર્ષોને અને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ફલક ઉપર પ્રશ્નોને ઉકેલવા સક્ષમ સાબિત થઈ છે. ૨૧મી સદીનું વિશ્વ સ્વતંત્ર દેશોનું બનેલું વિશ્વ છે. તેમાં જ્ઞાન, ટેકનોલોજી, ઉત્પાદનનાં સાધનો અને સામાજિક રૂઢિરિવાજો, ફેશન વગેરેનો વિનિમય એટલા મોટા પાયે થવા માંડયો છે કે જાણે પશ્ચિમી જીવન અને સંસ્કૃતિનું મૉડેલ સમગ્ર માનવજાત

સબળ, સ્વસ્થ અને વળી, ઉમદા સંભાવના ઊભી કરતું અદનું ને અગત્યનું પ્રકાશન

• દાઉદભાઈ એ. ઘાંચી

આચમન (ડાયસ્પોરિક વાર્તા-કવિતા-નિબંધ સંચય) : સંપાદકો - અનિલ વ્યાસ અને રમણભાઈ પટેલ : પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પૃષ્ઠ - ૨૬૦ : પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦ : મૂલ્ય રૂ. ૧૭૫



•

ગુજરાતી સાહિત્ય ઍકેડેમી ઑવ્ ગ્રેટ બ્રિટન દ્વારા પ્રકાશિત, ગુજરાતી ડાયસ્પોરાના કેટલાંક સર્જકોની ત્રણ પ્રકારની થોડીક કૃતિઓ – વાર્તા, કાવ્ય ને નિબંધનો સંચય, 'આચમન' કુલ ૨૫૯ પાનાંમાં પથરાયેલો એક આસ્વાદ્ય સંપુટ છે. વિશ્વભરમાં ઠેર-ઠેર વસતો ગુજરાતીભાષી વર્ગ 'આચમન' વાંચે અને માણે એવી એષણા આ ઍકેડેમીનાં હાલનાં મહામંત્રી ભદ્રાબહેન વડગામાએ આમુખમાં વ્યક્ત કરી છે, તે યથાયોગ્ય છે.

બ્રિટનમાં છેલ્લા ત્રણસાડાત્રણ દાયકા દરમિયાન ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસારણ, માવજત અને સંવર્ધન કાજે એકધારી ઝુંબેશ આદરનાર, જાણીતા સામાજિક કાર્યકર, કર્મશીલ પત્રકાર, લેખક અને વિચારક વિપુલ કલ્યાણીને 'આચમન' અર્પણ કરવામાં આવેલ છે, એ એક નોંધપાત્ર સામાજિક-સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી ઘટના છે. એમ કરવા પાછળ ઍકેડેમીએ નેમ રાખી છે કે ગુજરાતી ડાયસ્પૉરા જ્યાં વસે છે તે ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને શક્ય એ બધી રીતે ઉત્તેજન આપે. 'આચમન' જેવા પ્રતીકનું વાચન થાય, તેના પર ચર્ચા-ગોષ્ઠિઓ યોજાય, નીવડેલા તેમ જ ઉગતા લેખકોને અનેક રીતે પ્રોત્સાહિત કરાય, વગેરે જેવા વિવિધ ઉપક્રમો દ્વારા એ કામ થઈ શકે.

આ માટે ખુદ 'આચમન'ના નિર્માણની પાછળ રહેલા ઉદ્દેશો જોઈએ :

(1)ગુજરાતી ડયસ્પોરાના લેખકોને સર્જન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું.

(2) એ સર્જકોને એમની કૃતિઓ જાહેરમાં પ્રગટ થાય એ માટેની જોગવાઈ કરવી.

(3) લેખનકાર્યની સંભાવના ધરાવતા ડાયસ્પોરાના સભ્યોને લેખન કરતા કરવાની તકો પૂરી પાડવી.

(4) ડાયસ્પોરાના સંવેદનશીલ સર્જકો, એમની ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ પશ્ચાદ્ભૂમિકાના સંદર્ભે, અપનાવેલા દેશના સમાજજીવનનાં વિવિધ પરિમાણો સમજે અને તેમનો ડાયસ્પોરા પર પડતો પ્રભાવ પિછાણી, તેને અભિવ્યક્ત કરે એવી તકો પૂરી પાડવી.

(5) ડાયસ્પોરા સંસ્કૃતિ અને મેજબાન દેશની સંસ્કૃતિ વચ્ચે થતાં આદાનપ્રદાનની વિધાયક કે નિષેધાત્મક અસરો અને તેમની વચ્ચે થતા અનુકૂલન સંબંધી ડાયસ્પોરા લેખકો વિચારે, તેમને સમજે અને તેમના વિષે બૃહદ્ ડાયસ્પોરા સ્વપ્નને તેમ જ તળ ગુજરાતના સમાજને, અવગત કરવા સાહિત્ય સર્જે એવી તકો પૂરી પાડવી.

(6) સાંસ્કૃતિક સંઘર્ષ અને સમન્વયને લગતા પોતાના અનુભવોને ડાયસ્પોરા લેખકો ડાયસ્પોરાની આગામી પેઢીઓ સુધી પહોંચાડી, એમનામાં અનુકૂળ વલણો કેળવી શકે એવાં પ્રોત્સાહક સાહિત્યનું નિર્માણ કરી શકે એવી ભૂમિકા રચવી.

પર છવાઈ જશે. આજે દરેક સાંસ્કૃતિક ઓળખોમાં છિદ્રો પડી ગયાં છે. આ છિદ્રો દ્વારા કલા, સાહિત્ય, સંગીત, પહેરવેશ, ચિત્રકળા વગેરેનો વિનિમય મોટા પાયે થવા માંડ્યો છે. કલાના ક્ષેત્રે તો જાણે સંયોજન અથવા એકત્રીકરણ જ થઈ ગયું છે. આ પ્રવાહો શીખ આપે છે કે માનવજાતનું અસ્તિત્ત્વ ટકાવી રાખવા તેમ જ તેના આંતરિક વિકાસ અને સંરક્ષણ માટે સાંસ્કૃતિક સમાજોના પુનઃગઠનની જરૂર છે.

આ સંદર્ભમાં વૈશ્વીક નીતિમત્તા / ગ્લોબલ એથિક્સનો સિદ્ધાંત વિકસાવવાની જરૂર છે. તેની સમજ કેળવવાથી તેમ જ તેને અમલમાં મૂકવાથી વર્તમાન ઓળખોના સંઘર્ષોએ પેદા કરેલી હાનિથી દુનિયાને બચાવી શકીએ. ભીખુભાઈએ ખૂબ જ સરળ રીતે વૈશ્વીક નીતિમત્તાના ખ્યાલને, તેના સ્વરૂપને તથા તેની અનિવાર્યતાને વિગતે સમજાવ્યાં છે. તેમણે આ નૈતિકતાના ખ્યાલ કે વિભાવનાને કોઈ સંસ્થાના બીબાંમાં ઢાળવાને બદલે માનવીની કાર્યોની પસંદગીના માર્ગદર્શક તરીકે રજૂ કર્યો છે. વૈશ્વીક નીતિમત્તાના ખ્યાલના આધારસ્તંભ લેખકે વૈશ્વીક ઐક્ય, સહમતિ અને માનવીય એકતાને ગણાવ્યા છે. માનવ-માનવ વચ્ચે ભાગલા પાડતી કોઈ પણ પ્રવૃત્તિ કે કાર્ય ભલે પછી તે ધર્મ, જાતિ, વંશીય કે રાષ્ટ્ર આધારિત હોય, તેનું સ્થાન વૈશ્વીક નીતિમત્તાના કાર્યક્ષેત્રની બહાર છે તેવું સરસ રીતે લેખકે સમજાવ્યું છે. આવી નૈતિકતાનો સંદર્ભ ઐતિહાસિક રીતે આપણી વર્તમાન સમજ, જરૂરિયાતો, એષણાઓ તેમ જ સંજોગોમાં તેમણે શોધી બતાવ્યો છે. આ સંદર્ભમાં નિર્ણય કરવા માનવીય તર્કવિવેકશક્તિ સિવાય બીજું કશું મદદરૂપ થઈ શકે તેમ નથી. વૈશ્વીક નીતિમત્તાનો આધાર સામાજિક ન્યાય અને માત્ર માનવીય સમાનતાના સિદ્ધાંત પર અવલંબિત હશે. કોઈ સંસ્થા પર અવલંબિત નહીં. કારણ કે દરેક માનવી નૈતિક રીતે એક અને સમાન છે તે જ આપાણું માનવમૂલ્ય બનવું જોઈએ.

અંતમાં લેખકે જણાવ્યું છે કે આ કાર્યમાં અડચણરૂપ કોઈ પરિબળ હોય તો તે રાષ્ટ્ર-રાજ્યની સાર્વભૌમિકતાનો ખ્યાલ. વિશ્વભરના દેશોના સરમુખત્યારોએ પોતાના દેશોમાંની લઘુમતીઓને રિબાવી છે, તેમના ઉપરના અમાનુષી અત્યાચારો અને જુલમો ગુજાર્યા છે તે રાષ્ટ્રીય સાર્વભૌમત્વના સિદ્ધાંત ઉપર. આ અમાનુષી જુલમ કે અત્યાચાર સામે કોઈ કવચ કામ લાગે તેમ હોય તો તે વૈશ્વીક લોકશાહી મૂલ્યો આધારિત સંગઠીત અવાજ અને કાર્ય જ હોઈ શકે. કારણ કે હવે નાગરિકો ફક્ત કોઈ દેશના નાગરિકો જ નથી. તે વૈશ્વીક માનવસમાજનો પણ એક અનિવાર્ય ભાગ છે. આ હકીકત આપણને માનવસર્જીત કે કુદરતી આફતના સમયે રાષ્ટ્રની સીમામાં દખલગીરી કરી અસરકર્તા દેશના માનવસમૂહને મદદ કરવા કે મુક્ત કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. વૈશ્વીક માનવ અધિકાર ચળવળ આપણને અફઘાનીસ્તાન કે ઇરાક જેવા દેશોમાં અમેરિકા જેવા દેશોએ કરેલી ભ્રષ્ટ દરમિયાનગીરીમાંથી મુક્તિ અપાવશે. આવી ભ્રષ્ટ દરમિયાનગીરી સામે આપણો માનવ અધિકારનો અવાજ વધારે સંગઠીત તેમ જ તેના દબાણજૂથનું વધારે સંવર્ધન થશે.

પુસ્તકના છેલ્લા પ્રકરણમાં લેખકે ગંભીર પ્રશ્નની ચર્ચા કરી છે. શું લોકશાહી દેશો પોતાના મૉડેલના પ્રચાર માટે બિનલોકશાહી દેશોના વહીવટમાં સીધી કે આડકતરી દખલગીરી કરી શકે? લોકશાહીની વૈશ્વીક અસર તેની સંસ્થાઓ અને માનવમૂલ્યો, માનવીય ગૌરવ અને સ્વ-વિકાસના ખ્યાલમાં સમાવિષ્ટ છે. લોકશાહી રાજ્યવ્યવસ્થા એક એવી રાજ્યવ્યવસ્થા છે જેમાં લઘુમતિ કે વંચિતોને પોતાનો અવાજ રજૂ કરવાની તક મળે છે. લેખકના મંતવ્ય પ્રમાણે આ અંગેનો સંદેશો સ્પષ્ટ અને ચોખ્ખો છે. આપણી ફરજ થઈ પડે છે કે આપણે લોકશાહી પદ્ધતિના ફેલાવા માટે કટિબદ્ધ બનવું જોઈએ. કારણ કે લોકશાહી જ વિચારો અને વર્તનના વૈવિધ્યને પોષે છે. તેની માવજત કરે છે. સરકારને પોતાનાં કાર્યો માટે જવાબદાર બનાવે છે. તેમાં વિરોધી અવાજને રૂંધી કે દબાવી નાંખવામાં આવતો નથી. આ એક જ એવી રાજકીય વ્યવસ્થા છે જેમાં ભૂતકાળની ભૂલોમાંથી શીખવાની કે તેવી ભૂલોનું પુનરાવર્તન નહીં કરવાની તક મળે છે. લોકશાહીની કાયદેસરતા ત્યારે સ્વીકૃત બને છે, જ્યારે આર્થિક વિકાસ અને વહેંચણી ન્યાયી હોય છે.

પ્રાધ્યાપક ભીખુ પારેખનું આ પુસ્તક સૌ રાજકીય કર્મનિષ્ઠો, વિચારકો, માનવ અધિકારવાદીઓ તેમ જ ધાર્મિક નેતાઓએ વાંચવા જેવું છે. જે લોકો હીંસક ઓળખોનો ભોગ બની પોતાની જિંદગી હોડમાં મૂકવા તૈયાર થયા છે તેમના માટે તો આ પુસ્તક વાંચવું ફરજિયાત બનશે. કારણ કે તેમના કાર્યની અસર વ્યક્તિગત અને સામૂહિક રીતે ખૂબ જ જોખમકારક બનવાની છે.

(સદ્ભાવ : "વૈશ્વીક માનવવાદ", જૂન ૨૦૧૦)

e.mail : vibhuti.np@gmail.com

આમ, સબળ સાહિત્ય દ્વારા સ્વસ્થ મહત્ત્વના સંબંધો કેળવવાની શક્યતાઓ ઊભી કરવાનું એક ઉમદા કામ નિરંતર થતું રહે, એવી ભરપૂર સંભાવના 'આચમન' જેવું અદનું, પણ અગત્યનું, પ્રકાશન બહાર પાડીને કરવાની દીર્ઘદૃષ્ટિ દાખવવા બદલ ઍકેડેમીને અભિનંદન ઘટે છે.

એક રીતે જોઈએ તો, પરાઈ સંસ્કૃતિમાં, નીજ સંસ્કૃતિને યથાયોગ્ય રીતે, પોતાની ભાષા દ્વારા વ્યકત કરવાનું આ તો એક મૂલ્યવાન સાંસ્કૃતિક કર્મ છે. એનું અવલોકન કરતાં આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખવું જરૂરી છે. આવું જ સાંસ્કૃતિક કર્મ બ્રિટનમાં રહીને દાયકાઓથી કરનાર વિપુલ કલ્યાણીને 'આચમન' અર્પણ કરીને, ઍકેડેમી દ્વારા કરાયેલા ઋણ સ્વીકારને, પણ એક પ્રકારના પવિત્ર સાંસ્કૃતિક કર્મનો દરજ્જો પ્રાપ્ત થયો છે, એ એક શુભ યોગાનુયોગ જ છે ને?

'આચમન'માં તેર જેટલી વાર્તાઓ છે. એમની ભૌગોલિક નિસબત જોતાં પાંચ યુ.એસ.એ.ની, પાંચ યુ.કે.ની અને ત્રણ આફ્રિકા સાથે સંબંધ ધરાવે છે. લેખકોની ભૂતકાળ તેમ જ વર્તમાનની ભૌગોલિક નિસબત જાણી શકાઈ નથી. એટલું જ નહીં તેમની સાહિત્યિક કે ડાયસ્પોરિક નિસબત જે આવા પ્રકાશનમાં ઉલ્લેખાવી જોઈએ, એ પણ આપવામાં આવી નથી. વિષય વસ્તુની દૃષ્ટિએ - થીમની દૃષ્ટિએ - વાર્તાઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકે એમ છે :

(1) કુટુંબજીવન, દાંપત્ય, માતૃત્વ, કુટુંબજીવનનાં મૂલ્યો, આંતર સંબંધો વગેરેની (પાંચ વાર્તા)

(2) સમાજજીવન, સામાજિક સંબંધો, સામાજિક ન્યાય, સ્ત્રીનું સ્થાન, જાતિ, ધર્મ વગેરે આધારિત પૂર્વગ્રહો, શોષણ, ગરીબી, વિકાસની સમસ્યાઓ વગેરેની (છ વાર્તાઓ)

(3) સંસ્કૃતિ - સંસ્કૃતિ વચ્ચેના આંતર સંબંધો, પ્રતિકૂલન, અનુકૂલન વગેરેની સમસ્યાઓને લગતી (બે વાર્તાઓ)

ડાયસ્પોરિક સર્જકોની સંવેદનાઓનાં વ્યાપ, તીવ્રતા અને લગાવનો ખ્યાલ ઉપરના ત્રિદેશીય વિવરણ પરથી આવે છે. આખરે, સાહિત્ય શા માટે જોડાય છે ? એ શું કોઈ ઠાલો, બોદો એવો વાણીવ્યાપાર છે? શું એ સસ્તા મનોરંજનનું સાધન માત્ર છે? કે સર્જક અને વાચકનાં સમય, શક્તિ, નાણાં વગેરેનો વ્યર્થ વ્યય કરવા માટે એ કોઈ તરીકો છે શું? કોઈપણ શિષ્ટ, સંસ્કારી સમાજ માટે આ પાયાના પ્રશ્નો છે, જે સાહિત્યનાં, વ્યક્તિ અને સમાજના જીવનમાં રહેલાં, સ્થાન અને મૂલ્ય વિષે સૌને વિચારતા કરી મૂકે છે.

સાહિત્યને એક દૈવી દેણગી માનવામાં આવી છે. સાચું, અર્થપૂર્ણ સાહિત્ય માનવીનાં મન, હૃદય, આત્મા, અરે એના સમગ્ર અસ્તિત્વનું ઉન્નયન કરતું હોય છે. આ માટે એની નિસબત હોય છે વ્યક્તિ અને સમાજના જીવનથી, ત્રણ કાળમાં પથરાયેલા જીવનથી, એ જીવનની સમસ્યાઓથી અને એની મુક્ત, નિર્ભીક, તટસ્થ અને પ્રામાણિક અભિવ્યક્તિથી. 'આચમન'ના બધા ય વાર્તાકારોએ, એમની સંવેદનાઓ, માન્યતાઓ, ભાષાસામગ્રી, અભિવ્યક્તિ ક્ષમતા, મૂલ્યસૃષ્ટિ, વગેરેની મર્યાદાઓની વચ્ચે પણ, પારદર્શી અભિવ્યક્તિ કરવાની સન્નિષ્ઠ કોશિશ કરેલી જોઈ શકાય છે. એનાં થોડાંક દૃષ્ટાંત જોઈએ :

એમાંની વાર્તા 'મીનાક્ષીની મૉટેલ' વાંચતાં, 'દીકરીને ગાય, દોરે ત્યાં જાય' એ પરંપરાગત કહેવત દ્વારા, સ્ત્રીના ઓશિયાળાપણાંના ગવાતા રહેલા મહિમા અમેરિકાના મુક્ત સામાજિક-સાંસ્કૃતિક માહોલની મુક્ત હવા શ્વસવા લાગેલી પત્ની [એના પતિ જતીનના અધમ શબ્દોમાં સંબોધાએલી 'રંડી' 'સાલી' - મીનાક્ષી, કેવો તહત-નહત કરી, સ્ત્રીગરિમાની મિસાલ બેસાડી છે, એ જોઈને વાચક કેવો રોમાંચ અનુભવી શકે છે, એની કલ્પના જ કરવી રહી. લેખકની ઘટનાચક્રના પ્રાણવાન બયાનની શૈલી દાદ માગી લે એવી છે ને ? સાત ફેરાના એક સંસ્કૃતિના પવિત્ર સંસ્કારને ફરેબ અને લંપટતાથી અભડાવી મૂકનાર પતિ ['ધણી' 'બૈરાના અવતારનો' અધિપતિ]ને બીજી સંસ્કૃતિના નાગરિક કાનૂનના એવા જ પવિત્ર પ્રાવધાન-લગ્નવિચ્છેદ દ્વારા પાઠ શીખવીને મીનાક્ષીએ સંસ્કૃતિઓ વચ્ચેના આંતરસંબંધોની પુનઃગોઠવણી કરવાની જરૂરિયાતનો સંકેત કર્યો છે. લેખકે કેવી સિફતથી આટલો ગંભીર વિષય વાર્તાના કોઠામાં વણી લીધો છે?

મીનાક્ષીના મેટામોરફોસીસ - અવતારી - રૂપાંતરને મળતો આવતો, બીજો હિસ્સો એમાંની વાર્તા 'લેડી વીથ એ ડૉટ'માંના પાત્ર અલ્પાનો છે, એનો જોશ તો મડદાંને પણ બેઠું કરી દે એટલી તાકાત ધરાવે છે. પન્ના નાયક એ ગુજરાતની દીકરી, પણ નોખી માટીની. અલ્પા એનું બ્રેઈન ચાઈલ્ડ. વાર્તા પ્રબોધે છે ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચેનું સમજદારી અને સહિષ્ણુતાભર્યું, સ્વમાનપૂર્વક સહઅસ્તિત્ત્વ. એ સૂચવે છે સાંસ્કૃતિક ભિન્નતાઓનો માનપૂર્વકનો સ્વીકાર અને સંમતિ આધારિત સાંસ્કૃતિક પરિવર્તન. અલ્પાની પાસે છે એની સાંસ્કૃતિક મૂડીની વિરાસત - ચૂડીચાંદલો, સાડી, વિવેક અને ચાદર એમાં ઉમેરાય છે મક્કમ પ્રતિકારનો સરફરોશી ભાવ. 'જહાં કુત્તે પર સસ્સા આયા' એ અમદાવાદની સાબરમતીનાં નીરે પણ ઘણા દિલોદિમાગને તરબતર કરેલાં છે. એ ધરતીએ મૃદુલા સારાભાઈ, ચારુમતિબેન યોદ્ધા, મલ્લિકા સારાભાઈ જેવાં ગૌરવવંતાં નારીરત્નો ગુજરાતને આપેલાં છે. પણ, અફસોસ એ વાતનો છે કે આજે એ જ અમદાવાદ અને ગુજરાત સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતા ગુનાઓ જેવા કે છેડતી, બળાત્કાર, દહેજદૂષણ, સ્ત્રીભ્રૂણહત્યા, આંતરજ્ઞાતીય કે અંતરધર્મી લગ્નો વિરુદ્ધ રાજકીય હિત ધરાવનારાં પરિબળો દ્વારા આચરાતી હિંસા, વગેરેમાં આખા ભારત દેશમાં સૌથી ઊંચું સ્થાન ધરાવવાનો શરમજનક રેકર્ડ ધરાવે છે !

આવા પરસ્પર વિરોધી વારસાને 'મેનેજ' કરવાનું કૌવત ધરાવતું પાત્ર - અલ્પા - અમેરિકાની ધરતીની વ્યક્તિસ્વાતંત્ર્યની વિભાવનાને પેલા જાડિયા છોકરાની આંખમાં મરચું નાખીને મૂર્તિમંત કરવાની અદ્‌ભુત મર્દાનગી દાખવે છે. અલ્પા તો આજના બંને ગુજરાતની તરુણીઓની 'રૉલ મૉડેલ' બની શકે એમ છે, જેથી તેની જેમ તેઓ પણ દમનકારો, જુલ્મગારોને પડકારી શકે, અને એમનું આત્મગૌરવ દૃઢતમ કરી શકે.

'આચમન'ની બીજી બે વાર્તઓ 'નૉટ ફોર સેલ' અને 'સંસ્કૃતિ ખાતર' અન્ય પ્રકારના જુલ્મો સામેની બગાવતની સરાહના કરે છે. એક છે ગરીબી, કંગાલિયત, વંચિતતા, બેકારી અને ભૂખનો જુલ્મ. બીજો છે સામાજિક ભેદભાવ, - જેવા કે રંગભેદ, જ્ઞાતિભેદ, ધર્મભેદ, માન્યતાભેદ, ભાષાભેદ વગેરેને નામે આચરાતો જુલ્મ.

'નોટ ફોર સેલ'માં કથા છે વિકાસના નામે અને બહાને થતો પરંપરાગત અર્થવ્યવસ્થાનો, ક્રૂર વિનાશ કેવી સામાજિક હોનારત સર્જી શકે છે તેની. વાર્તાનો નાયક ડેવીડ અને તેના જેવા અનેક માછીમારો, કારીગરો અને શ્રમજીવીઓ બેકારી, ગરીબી અને લાચારીના ખપ્પરમાં હોમાઈ જાય છે એવી ઈતિહાસ માટે ગૂમનામ માણસો બની જાય છે. આવી દારૂણ માનવ કરૂણાંતિકાથી ન તો આધુનિક ટૅકનોલોજી આધારિત ઉદ્યોગો ચલાવતા મૂડીદારો, ન તો જાડી ચામડી ધરાવતી સરકારનું પેટનું પાણી પણ હાલતું હોય છે. ગુજરાતી ડાય્સ્પોરાના આ લેખક ગાંધીની સંસ્કૃતિના વારસદાર હોઈ, આર્થિક અન્યાય સામે અવાજ ઉઠાવે એ સર્વથા યોગ્ય છે, અને તે પણ વસવાટ ભૂમિ પર એ નૈતિક ધર્મ બજાવે એ ક્યા સાચા ગુર્જરજનને ગૌરવાનુભવ ન કરાવે ?

જો કે કમનસીબી તો એ વાતની છે, કે સાંપ્રત તળ ગુજરાતમાં હકુમત ચલાવતી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર, વિકાસના નામે ખેડૂતો, પરંપરાગત કાષ્ટકારો, નાનામોટા ગ્રામ કારીગરો વગેરેની આજિવિકાના ભોગે, કહેવાતો વિકાસ સાધવાની ધૂનમાં, ગાંધીમૂલ્યોને જ નહીં, પરંતુ જીવન જીવવાના અધિકારના માનવમૂલ્યોને પણ ધરાર અવગણી રહી છે. અને આમ છતાં, જૂજ અપવાદ સિવાય, ગુજરાતનો કોઈ સાહિત્યકાર, કોઈ ચિંતક, કોઈ કર્મશીલ, ચૂં સરખો અવાજ કાઢવો નૈતિક પ્રામાણિકતા કે હિંમત દાખવી રહ્યો નથી. 'નૉટ ફૉર સૅલ'માંથી 'નૉટ' રદ્ કરી, બાકીના બે શબ્દો 'ફૉર સૅલ'નું બિરુદ એમને આપવા જેવું લાગતું નથી શું?

બીજી વાર્તા 'સંસ્કૃતિ ખાતર'ના લેખક ડાહ્યાભાઈ પટેલ તો સરદાર પટેલની યાદ અપાવે છે ! ફરી કહેવું રહ્યું કે ગાંધી સમર્પિત માનવ મૂલ્યો - એકતા, અહિંસા, બંધુત્વ, સમાનતા અને ન્યાયના વારસદાર તરીકે ગુજરાતી ડાયસ્પૉરાને આ પ્રકારની વાર્તા ઝેબ આપે, વસવાટની ભૂમિ એમને મૂઠી ઊંચા ઈન્સાન બનાવે, એમાં નવાઈ નથી. ઑસ્ટ્રેલિયાની વસવાટી એવી ગોરી પ્રજાએ, ફક્ત પોતાના આર્થિક સ્વાર્થ ખાતર, સ્થાનિક આદિવાસી પ્રજાની

નિર્ઘૃણ કત્લેઆમ કરવાની જે શરમજનક મોહિમ હાથ ધરી, તેનો પોતાના માન, સ્વમાન સલામતિ કે આર્થિક લાભોના ભોગે, ખુદ એક વસવાટી ગોરો જવાંમર્દ, જ્યારે પ્રતિકાર કરે છે, અને પેલા જુલ્મગારોના પ્રતીકાત્મક પ્રતિનિધિ એવા પોતાના સગા ભાઈ રોબર્ટની ગોળીએ વિંધાઈને શહીદી વહોરે છે, ત્યારે પોતે એવા જ એક મિશન કાજે શહીદી વહોરનાર યુગપુરુષ ગાંધી યાદ આવે છે. શત શત વંદન છે એને.

ફરી આ સંદર્ભે ગુજરાત ન સાંભરે તો નવાઈ ગણાય. વર્ષ ૨૦૦૨માં સમગ્ર ગુજરાતમાં, રાજ્યપ્રેરિત અને સહાયિત, ૨૧મી સદીનો પ્રથમ દશકાનો, ભયંકર નરસંહાર બિનદાસ્ત રીતે આચરવામાં આવેલો, જેણે હજારો નિર્દોષોના જાન લીધેલા, લાખોને બેઘર બનાવેલાં અને કરોડોની સંપત્તિનો વિનાશ કરેલો. એ નરસંહારની યાદોનાં ભૂતાવળો આજ પણ ગુજરાતમાં ભમી રહ્યાં છે. માનવ ઈતિહાસની આ એક અતિ ગંભીર નૈતિક કટોકટી વેળાએ પણ, થોડાક અપવાદ સિવાય, તળ ગુજરાતનો ભદ્રવર્ગ, સાહિત્યસ્વામીઓ, કલાકારો, શિક્ષકો, બૌદ્ધિકો, ધર્મધુરંધરો વગેરે એ સૌ અકળ રીતે ચૂપ રહેલા એ ઈતિહાસમાં નોંધાયું છે. અરે, વિડંબના તો એની હતી કે ડાહ્યાભાઈ પટેલ કે શહીદ એડવર્ડે જે આચરી બતાવ્યું, એનાથી વિપરીત, એક ડાયસ્પોરિક વિચારકે હિંસા દ્વારા સત્તા હાંસલ કરી, કહેવાતો આર્થિક વિકાસ સાધવાની ઘટના આધારિત વિકાસની આગવી થિયરી પ્રતિપાદન કરતું પુસ્તક પણ લખેલું ! એવું જ અન્ય એક કહેવાતા ચિંતકે તો હિંસા અને નફરતને બિનસાંપ્રદાયિકતાની ગાંધીની વિચારધારાને તોડી-મરોડીને, વાજબી ઠેરવવાની ઝુંબેશ ત્યારથી શરૂ કરીને આજ લગી ચાલ રાખી છે ! 'સંસ્કૃતિ ખાતર' નહીં, પણ 'શેતાનિયત ખાતર', વાણી, વચન અને લેખનને પ્રયોજીને શિરપાવ પામવાની હીન પ્રવૃત્તિ કોઈ ડાયસ્પોરિકજન કરતો જાણવામાં નથી આવ્યો, એ આત્મિક આશ્વાસન આપે છે.

બે ડાયસ્પોરિક વાર્તાકારોએ માતૃત્વના મૂલ્યનું, સ્ત્રીસન્માનના વિશાળ દાયરામાં, પ્રતિપાદન કર્યું છે એ એમના, તળ ગુર્જરભૂમિની સંસ્કાર દોલતના વિદેશ ધરતી પર કરાયેલા, સાંસ્કૃતિક સંક્રમણની એક મિસાલ છે. માતૃત્વ પવિત્ર છે, અનિવાર્ય છે અને સ્ત્રી માત્ર માટે એ એક અતિ સ્પૃહણીય આદર્શ હોવા ઉપરાંત, એની માનસિક અને સાંવેગિક પરિપૂર્તિનું માધ્યમ છે. જ્યાં માતૃત્વ એક પ્રજોત્પાદક જૈવિક ઘટના તરીકે અશક્ય હોય, ત્યાં 'સરોગેટ મધરહુડ' શક્ય બનાવીને આધુનિક ગુજરાતે અને તેથી ડાયસ્પોરિક ગુજરાતે પણ, માતૃત્વની અમરતાની એક રોમાંચક કથા રચી દીધી છે ને ?

'રૂંધાતા શ્વાસ'માં નીતાનો કિસ્સો, અને 'છીપનું મોતી'માંનો હેલનનો કિસ્સો, અને બંને કિસ્સાઓ માતા બનવાની સ્ત્રી માત્રની ઝંખનાને વાચા આપે છે. જો કે આવી પવિત્ર ઘટના આજકાલ તળ ગુજરાતમાં, પુરુષ બાળક પ્રાપ્ત કરવાની ઘેલછાના પરિણામ સ્વરૂપ, ગર્ભપરીક્ષણ સ્ત્રીભ્રૂણ હત્યા, પસંદગીયુક્ત ગર્ભપાત વગેરે ટેકનોલોજીનો દુરુપયોગ દ્વારા આચરાતા ઉપાયોનો આશરો લઈને અભડાવી મૂકવામાં આવી છે. સદ્‌ભાગ્યે 'બેટી બચાવો' આંદોલન જેવી લોકમત ઘડતરની પ્રવૃત્તિઓ દ્વારા, માતૃત્વના મૂલ્યને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો હવે થઈ રહ્યા છે. ડાયસ્પોરિક લેખકોએ આવી પ્રવૃત્તિઓ પાછળના ઉદ્દેશોને સરાહવા જેવા ખરા.

સાંસ્કૃતિક આંચકો, એટલે કે કલચરલ શૉક, એ પ્રજાઓના આંતર-દેશ સ્થળાંતરે સર્જેલી તાતી સમસ્યા છે. આવા આંચકા અનેક દૈહિક-માનસિક પ્રત્યાઘાતો સર્જતા હોય છે. એના પરિણામે કેટલાં ય કુટુંબો પરેશાન થતાં, અરે ખંડિત થઈ જતાં જોવા મળે છે. આ ઘટનાના વિપરીત આર્થિક અને સામાજિક પરિણામો તો વધારામાં. આ વાસ્તવિકતાને 'આચમન'માંની બે ખૂબ ચેતના સભર વાર્તાઓ, એક 'સુપર કંડક્ટર' અને બીજી 'સૂર્યપશ્ચિમમાં પણ પ્રકાશે છે' દ્વારા રજૂ કરવામાં આવી છે. એ વાર્તાઓના સર્જકો, અનુક્રમે હરનિશ જાની અને વિનય કવિ બંને નીવડેલા કસબી છે. માનવ સ્વભાવની એમની ઊંડી, સહાનુભૂતિભરી સમજ, ભાષાના વિનિયોગની એમની કરામત પાત્ર ચિત્રણની એમની નજાકત અને વિવિધરંગી વળાંકો લેતી એમની લચકદાર શૈલીના બે પરિવારોનાં પાર-સાંસ્કૃતિક સંવેદનોને એમણે અદ્‌ભુત રીતે અભિવ્યક્ત કર્યા છે. એમણે સર્જેલાં જીવંત પાત્રો- પ્રભુદાસ, ઉમાબેન, ડૉ. પટેલ, સુરેશચંદ્ર, શોભના, રસિક, જુલી અને તુષારભાઈ - આપણી લાગણીઓ, આપણા તણાવો, આપણાં મિથ્યાભિમાનો, આપણી સારપો અને આપણી જ ખરાબીઓનો પડઘો પાડતાં સાધારણ, સામાન્ય માનવો જ છે ને. એ બધાં, આંતર-સાંસ્કૃતિક સંઘર્ષ અને સમન્વયની ડાયસ્પોરિક જીવન સાથે વણાઈ ગયેલી કશ્મકશને પોતપોતાની રીતે જે ખૂબીથી પહોંચી વળવા મથતાં હોય છે, અને એમ કરતાં કરતાં પોતાની નવી ઓળખ વિકસાવવા જે આંતરિક સંઘર્ષ કરતાં હોય છે, તે જોઈને એવી પ્રતીતિ થાય છે કે તે બધાં નીચેના એલાનનો સૌસૌની રીતે જાણે કે ઉત્તર આપી રહ્યાં છે:

તું અપને મન મેં ડૂબ કર પા જા સુરાગે જિંદગી;
તું અગર મેરા નહીં બનતા, ન બન, અપના તો બન !

'આચમન'માંની કેટલીક ચોટદાર વાર્તાઓ આવાં સ્પંદનો જગાવી શકી છે તો તેનો યશ જાય છે એમના કલમ કસબીઓને, એમની વાર્તાકલાને, એમનાં ચારિત્ર્ય ચિત્રણને, અરે એમની ખુદની ડાયસ્પોરિક જિંદગીની જદ્દોજેહદને. આ તત્ત્વોના રાસાયણિક સંયોજનને પરિણામે એ વાર્તાઓ એટલી બધી વેધક બની છે કે એમની ઘટનાઓ અને એમનાં પાત્રો કોઈ પણ સંવેદનશીલ વાચક-ભાવકના સ્મૃતિ જગતની એક ચિરંજીવ અમાનત ન બની જાય તો જ નવાઈ !

•

કાવ્ય વિભાગ :-

'આચમન'ના કાવ્ય વિભાગમાં ચોવીસ કવિજનોની ૩૯ જેટલી કાવ્યકૃતિઓને સ્થાન આપવામાં આવ્યું છે. એમનો પરિચય આપવો જોઈતો હતો. તે નથી આપેલો; પરિણામે એમની ભૌગોલિક, ડાયસ્પોરિક કે સાહિત્યિક નિસબત જાણી શકાઈ નથી. સંપાદનની આ ત્રૂટિને હવે પછીની આવૃત્તિમાં સુધારી લેવી જોઈશે. ઉપરાંત, ચોવીસ કવિઓ પૈકીના પંદરની બબ્બે કૃતિઓ લેવામાં આવી છે તેની પાછળનાં કારણો આમુખમાં સ્પષ્ટ કરવાં જોઈતાં હતાં. વાસ્તવમાં એ રીતની પસંદગી ટાળીને, અન્ય સર્જકોને સ્થાન આપવું, 'આચમન' પાછળના ઉદ્દેશો જોતાં, વધુ યોગ્ય ગણાય.

કાવ્ય પ્રકાર અને વિષય વસ્તુ - થીમ - ની દૃષ્ટિએ જોઈએ તો અચ્છાંદસ રચનાઓની સંખ્યા ૨૦ જેટલી છે, ગઝલ પ્રકારની છ રચનાઓ છે, બાકીની ૯ અન્ય પ્રકારની છે. એક નોંધપાત્ર બાબત એ છે કે ૧૫ જેટલાં ગેય કાવ્યો છે જે સંચયને વધુ યોગ્ય બનાવે છે. કાવ્ય પદાર્થની દૃષ્ટિએ નીચે પ્રમાણેનું વૈવિધ્ય જળવાવા પામ્યું છે :

ચિંતન પ્રધાન કાવ્યો : ૧૬; પ્રકૃતિ કાવ્યો : ૬; સાંસ્કૃતિક આંચકા અને પરિવર્તનલક્ષી કાવ્યો : ૭; માદરે વતનનાં કાવ્યો : ૫; અપનાવેલ વતનનાં કાવ્યો : ૨ અને ધર્મને સ્પર્શતાં કાવ્યો : ૩.

અલબત્ત, સંખ્યાની દૃષ્ટિએ ચઢઊતર બતાવતી આ પસંદગી પાછળ સંપાદકોએ શી દૃષ્ટિ રાખી છે તેનો કોઈ નિર્દેશ આમુખમાં કરવામાં આવ્યો નથી. એમાં તો પ્રધાનસૂર એ છે કે ડાયસ્પૉરાના જે સર્જકો વિદેશમાં વસી રહ્યા છે, તેમનામાં 'જાગતા ઐતિહાસિક અને ઐતિહાસિક અનુભવો, એની વ્યથા અને પીડાનું આકલન અને નવા સમાજ સંસ્કૃતિ ઓગળવાની મથામણામાંથી જે પ્રગટે છે' એવું ડાયસ્પોરિક સાહિત્ય પીરસવાનો ઉપક્રમ રાખેલ છે. એ ઉમેરે છે કે 'સર્જકે પોતાના વસવાટી દેશની સંસ્કૃતિ, પરંપરા અને ભાષાના પ્રભાવ તળે' આ સાહિત્ય સર્જેલું હોય છે. સાથે સાથે એક કેવિયેટ પણ ઉમેરવામાં આવી છે કે : 'વસવાટી દેશમાં સાહિત્યસર્જન માટે જે નિરાંત, વાચન એવી વાંચ્યા પછી કેળવાયેલી સમજણ જોઈએ તે અહીંના યાંત્રિક (રાધર ફાસ્ટ) જીવનચક્રમાં હાથવગી નથી. પરિણામે ઉત્તમ સાહિત્ય આવતું નથી.' એની સાથે સાથે વિનય કવિનું આ અવલોકન પણ મૂકવામાં આવ્યું છે : 'આવા સાહિત્યમાં સાહિત્યિક ગુણવત્તા કેટલી હોય છે એ જોવાવું જોઈએ.' મધુ રાયનું એ મંતવ્ય પણ ઉદ્ધૃત કરવામાં આવ્યું છે કે : 'સર્જનાત્મક સાહિત્યના વિકાસ માટેના યોગ્ય વાતાવરણનો અભાવ હોવાથી, દેશમાં માતબર સર્જન થતું જોવા મળતું નથી.'

જો કે આ બધી મર્યાદાઓ હોવા છતાં આપણે એ સાહિત્ય બદલ ક્ષમાપ્રાર્થી થવાની જરૂર નથી. દરેક સાહિત્યને જે તે સંદર્ભના પરિપેક્ષ્યમાં જ જોવું જોઈએ, મૂલવવું જોઈએ.

એક આંખે ઊડીને વળગે એવી હકીકત એ છે કે વસવાટી દેશના ફૂરસદના અકાળવાળા માહોલમાં ગુજરાતી ડાયસ્પોરાના સર્જકોની ૩૯ પૈકીની ૧૬ જેટલી કૃતિઓ તો આત્મચિંતન પ્રધાન છે. એ આંતરિક ઊહાપોહ, મંથન અને વલોણામાંથી નીપજતી કલાત્મક ફસલ કવિ ઈકબાલની આ કલામના હાર્દ સાથે કેવી સુસંગત હોઈ શકે છે એ 'આચમન'નાં પૃષ્ઠો ૧૨૩થી ૧૮૮ની આસ્વાદ યાત્રા કરવાથી અનુભવી શકાય છે.

જો બાત દિલસે નિકલતી હૈ, વો અસર રખતી હૈ
ઊસે પર નહીં, લેકિન, વો તાકતે પરવાઝ રાખતી હૈ.

'આદિલ', 'અદમ', અશરફ ડબાવાલા, 'કૃષ્ણાદિત્ય', ચંદ્રકાંત શાહ, દીપક બારડોલીકર પન્ના નાયક, પંચમ શુક્લ, ફારૂક, ઘાંચી વગેરેનાં કલ્પનો, પ્રતીકો, ખ્યાલો અને ખ્વાબોની ઊંચાઈ, ઊંડાણ, વ્યાપ અને વેધકતા પચાવતાં અને માણતાં ભાવક દ્વારા અનુભવાતું સાર્વત્રિક ઉન્નયન બેમિસાલ લાગે છે.

ખુદીથી બેખુદી તરફ જઈ, આત્મમુક્તિ ઝંખતા 'આદિલ'નો તલસાટ જૂઓ :

આ દિશાઓ ને સમયની આરપાર
ખુદથી છૂટી જાઉં તો વ્યાપી શકું (પૃ. ૧૨૯)

અને એવી જ ભીતરી ખ્વાહિશને વ્યક્ત કરે છે ચંદ્રકાંત શાહ :

ખુદને સર કરવાને ખુદની સામે જંગે ચડવું રોજ
(પૃ.૧૩૮)

અકળ અસ્તિત્વની અસ્પષ્ટ સરહદો વટાવવાની મથામણ વ્યક્ત કરતા એમના પ્રતીકાત્મક કાવ્યમાં પંચમ શુક્લ ભાવકને ક્યાં ખેંચી જાય છે, કેવો વિહ્વળ બનાવી મૂકે છે?

કાળા અક્ષરની બાંધીને બુકાનીઓ બેજાન;
લૂ વીંઝાતી રેતે શેકે વાણીની પહેચાન,
રૂંવે રૂંવે આગ સીંચતી આતપમાં ગુલતાન !
સાંઢણીયું નિર્જન રણને ગામ. (પૃ. ૧૬૫)

એ ગૂઢ અસ્તિત્વના બે છેડાની વચ્ચેની રહસ્યમય ખીણના સૌંદર્ય વડે ભીની બનેલી સુવાસમાં પ્રગટતી પ્રિયજનની હાજરીને ફારૂક ઘાંચી દ્વારા અપાયેલી અંજલિ નિહાળો :

તમારી હયાતી
અને બિનહયાતીની વચ્ચેના અવકાશથી
કોરાયે જાય છે
અસ્તિત્વ !

ગગનથી ટપકતાં ફોરાં જેવું
હળવું હળવું તમારૂં અસ્તિત્વ !
ને એમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ
સંકોરે છે
એ પ્રેમાળ વદન ..... [પૃ. ૧૬૯]

અહીં દિલ્હીના દીવાને-ખાસ પર શાહજહાંએ કોતરાવેલો આ કલામ યાદ આવી જાય છે :

ગર બર રૂહે ઝમીં બેહિસ્ત અસ્ત,
હમીંદસ્તો, હમીંદસ્તો, હમીં દસ્ત.

શાહ અને શાયર બંને દિવ્ય પ્રેમના છડીદાર હોવાનો સમાન અધિકાર ધરાવી શકે છે, શરત કે બંનેમાં એનું દિવાનપણું હોય. એ દિવાનામણું દિલના દર્દમાંથી ઊભા થતા ખળભળાટની નીપજ હોય છે. આ માટે 'ગાલિબે' કવિજનોને એ દિલની માવજત માટે સલાહ આપી છે કે :

લાઝિમ હૈ કિ દિલ કે પાસ રહે પાસબાં અકલ,
લેકિન કભી કભી ઉસે ભી તનહા છોડ દેં

'આચમન'માંના કવિજનોએ, ડાયસ્પોરિક જીવનની વિટંબણાઓની વચ્ચે, એમની દિલરૂપી અમાનતની પરવરિશ કર્યાનું પ્રમાણ તે તેઓની કૃતિઓ નથી શું? અશરફ ડબાવાલાએ એમની કૃતિ SCHIZOPHRENIAમાં 'ગાલિબ'ની લગોલગ દિલ અને ડહાપણના દ્વૈતની કટુ વાસ્તવિકતાને પડકારી દિલનો સહારો લેવાનું હિંમતભર્યું પગલું લીધું છે ને?

પણ મારે હજી ઓલાં ફૂલ ચીતરવાનાં બાકી છે.
ઈ પહેલાં મરવું નથી.

ઈ ફૂલો ચીતરીને પછી
મારા પેટ પર
ડહાપણની ઘંટીનું પડ બાંધી
હું ભૂસકો મારીશ
realityના દરિયામાં. [પૃ. ૧૨૫]

પાંચ-પાંચ બૌધ્ધિક પીડાઓથી પીસાતો આત્મા દિલની દવાથી જ દર્દ-મુક્ત થઈ શકે એ ગુજરાતી ડાયસ્પોરાના પ્રતિનિધિ એવા અશરફ ડબાવાલાની શ્રધ્ધા અસ્થાને નથી જ. એ દિલની દવા રહેલી છે એની સંવેદનશીલતામાં, એની અનુકંપામાં, એની સ્નેહાર્દતામાં, એની ન્યોછાવરીમાં અને નિરંતર સતાવતી રહે એવી તિતિક્ષામાં. આ બધાં વાનાં ગુજરાતી ડાયસ્પૉરા સમાજ કરતો આવ્યો છે. એ વાનાંએ જ ભેગાં મળીને ઘડ્યાં છે એનું વ્યક્તિત્વ, એની આગવી ઓળખ, અને એની અસ્મિતા એનું કવિ વ્યક્તિત્વ પણ એની જ નીપજ છે.

કવયિત્રી પન્ના નાયકે એમનાં કાવ્ય 'કોઈની બુધ્ધિના પાંજરામાં' એમની સંકલ્પપૂર્વકની તિતિક્ષા અને યુયુત્સાને આપેલી વાચા એમની આર્દ્ર સંવેદનશીલતાની ગવાહી આપે છે :

પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય
પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય
મનની માલિક હું, મારે તે બીક શી?

ગુજરાતી ડાયસ્પોરા, પુરુષ અને સ્ત્રી બંને, વિદેશની ધરતી પર આ ટંકાર કરે એમાં જ એની ભીતરી આત્મશ્રધ્ધા અને આત્મરૂપાંતર પામવાની ખ્વાહિશ રહેલી છે. કાવ્યના માધ્યમ દ્વારા એની થતી અભિવ્યક્તિ એના ડાયસ્પોરિક જીવનની અર્થપૂર્ણતા સૂચવે છે, એમ કહેવું રહ્યું.

ડાયસ્પૉરા કવિઓની, ફક્ત થોડીક જ નમૂનારૂપ કૃતિઓમાંની, એમની મિજાજ પામવા માટેની સાધના, તળ ગુજરાતની ભૂમિના કવિજનોની એ પ્રકારની સાધનાને કેટલી બધી વાતો મળતી આવે છે? અન્યોન્યને એ સાધના દ્વારા પૂરક બને તો વિશ્વ ગુજરાતી સાહિત્ય કેવું સોહી ઊઠે એની કલ્પના કરવી રહી.

'આચમન'માંનાં છ પ્રકૃતિ-કાવ્યો પૈકી વસંત પર જ ત્રણ છે; એ ગુજરાતી ડાયસ્પૉરિક પ્રકૃતિમાંથી પ્રોત્સાહન મેળવી આનંદ અનુભવવા માટેની ખ્વાહિશ સૂચવે છે. એમાંય ઠંડા મુલકોની ખુદની જ પ્રજા જ્યારે ઠંડીથી બેજાર બનતી હોય, અને વસંતની ઉષ્મા હોંશ હોંશે પીતી હોય, ત્યારે ગરમ ગુજરાતમાંથી આ દેશોમાં આવી વસનારા ડાયસ્પૉરા-જનોને તો વસંત કેટલી બધી શીતળ-હૂંફાળી લાગે એ કલ્પવું જ રહ્યું !

કવયિત્રી નિરંજના દેસાઈ તેથી જ કુતૂહલપૂર્વક આગંતુક વસંતને વધાવતાં કહે છે :

વસંત જગાડી કોણે આ પાનખરે ?
ક્યાંથી આ ઝણકાર સૂણાય,
જીવનના ધબકારે ! [પૃ. ૧૪૭]

અને બીજાં કવયિત્રી ધીરજબહેન શુક્લ તો લાંબી શિયાળાની ઋતુના ઠંડાગાર અનુભવોની ઘટમાળને અંતે વસંતનું ધીરે ડગલે થતું આગમન જાણે તદ્દન અનપેક્ષિત ઘટના ન હોય એમ માની એમની આશ્ચર્યની અનુભૂતિ વર્ણવતાં કહે છે :

મેં તો જોઈ જોઈને જાણી નઈ
વસંત આગણિયે આવી ગઈ.
અંતર વનમાં આંબો મોર્યો [પૃ. ૧૪૬]

બંને કવયિત્રીઓને મન વસંતનાં સ્થૂળ દર્શન થતાં, એની સૂક્ષ્મ અનુભૂતિ કેટલી બધી રોમાંચક લાગે છે તે કાવ્યોમાંના શબ્દે શબ્દે સાંભળી શકાય છે. એ કાવ્યોની ગેયતાનો પ્રતાપ છે.

'વસંત ક્યાંથી આવી ગઈ?' કાવ્યમાં ફારૂક ઘાંચી એમનો વસંત-પ્રેમ કેટલો ઉત્કટ છે, અને માટે જ એ એમના હૃદયનો ચિરંજીવી ભાવ જ બની રહે, એ માટે ગાઈ ઊઠે છે :

કોણ જાણે
વસંત ક્યાંથી આવી ગઈ,
વનરાઈમાં !

અને એમ આશ્ચર્ય વ્યક્ત કરતાં કરતાં વનરાઈને સજીવારોપણ કરી વિનવે છે :

આવકારનો ટહૂકો કરી લે, વનરાઈ
કહે
વસંત ચાલી જા;
આવીને વસી રહે ! (પૃ. ૧૭૧)

પ્રકૃતિનો પ્રેમરસ પીવામાં કેવી મજા રહેલી છે એ જાણવું હોય તો દીપક બારડોલીકરને એ રસના નશામાં ગાતા અને નાચતા જોવા રહ્યા, માણવા રહ્યા. એમને એમ કરવામાં નથી નડતી એમની બુઝુર્ગ વય કે નથી નડતી એમની દૈહિક અક્ષમતા. સાંભળો :

ઢબૂક્યાં ઢોલ ચોરે, (કે) અમે ગુલમોર પીધો,
મગન, મસ્તીના તોરે, (કે) અમે ગુલમોર પીધો
(પૃ.૧૪૩)

રખે એમ માનીએ કે ઠંડા મુલકમાં આવીને વસેલ ગુજરાતી ડાયસ્પોરાના કવિને મુલક ઠંડી ઋતુ અને તેની આગવી સુંદરતાની બૂઝ નથી, કદર નથી, કે મહોબ્બત નથી.

અમેરિકા નિવાસી 'કૃષ્ણાદિત્યે' બૉસ્ટનના ધુમ્મસનો કેવો મહિમા ગાયો છે?

સપ્ત અશ્વ સૂરજના દોડ્યા
રજ ઊડી સોનેરી ધુમ્મસ.

જોઉં પરિચિત ચહેરા ત્યાં તો
ઘેરી વળે યાદોનું ધુમ્મસ. [પૃ. ૧૩૨]

છે ને ધુમ્મસને પણ એની આગવી ચેતના ! એ ધુમ્મસની બહેનપણી તે પાનખર. કવિ ડાહ્યાભાઈ પટેલે એમના કાવ્ય 'ઇંગ્લેંડની ઑટમ … થાય વસંત'માં એ બહેનોને સોળે શણગારે સજાવવાનો કીમિયો શોધી કાઢ્યો છે. એ છે 'સજની', અને એનો હૂંફાળો સાથ. કવિ એમનું તડપતું હૈયું ઠાલવે છે આ પંક્તિઓ દ્વારા :

આજ સલૂણી તું અહીં આવે
જો યૌવન-પ્રેમામૃત લાવે,
તો મધુ પકવ સુરંગી ફળોથી
લચી ઊઠે ઑટમ જાદુથી [પૃ. ૧૪૨]

ઑટમ જેવી સૂકી ઋતુને લાવણ્યમયી બનાવી દેવાની સંજીવની ધરાવતી સલૂણ વાસંતી તિલસ્મીને ઉર્દૂના વિખ્યાત શાયર 'ફિરાક' ગોરખપુરીએ નવાજતાં ગાયું છે :

મૈં અજનબી ન રહા, હયાત સે, મમાત સે,
સદા સુહાગ હૈ જિંદગી, મેરા જહાં સદા બહાર

ગુજરાતી ડાયસ્પોરા સમાજની, આ નિરંતર આત્મનવીનીકરણ કરતી, સદા બહર પ્રકૃતિને સલામ. એ પ્રકૃતિએ તો એમને યજમાન દેશમાં માનભર્યું સ્થાન મેળવી આપ્યું છે.

એ યજમાન દેશ એમનું બીજું વતન છે, બીજું ઘર [home] છે. એનાં સુખ-દુ:ખનો એ સરખો ભાગીદાર છે. એવી દુ:ખની ભાગીદારીની લાગણી દીપક બારડોલીકરે એમના કાવ્ય 'મોસ સાઈડ'માં વ્યક્ત કરી છે. પેલી શ્યામવર્ણી જમૈકન બાઈ, એની શેરી અને શેરીના લોકોની શરમજનક બદનસીબીને, આ શબ્દોમાં વર્ણવે છે; કદાચ હીબકાં ખાતી વર્ણવે છે :

કદાચ ઠલવાઈ ગયો છે
શહેરનો સંઘો સડેલો અંધકાર
આ શયતાનપાડાની શેરી શેરીમાં.
તમે તો શરીફ માણસ છો
ચાલો, પાછા વળો. [પૃ. ૧૪૪]

કવિએ, ભારત તેમ જ પાકિસ્તાનની આવી જ ઝૂંપડપટ્ટીઓની અંધારી 'બસ્તી'ઓ જાતે જોઈ હોઈ, 'મોસ સાઈડ'ની કથની એમના પ્રત્યેક શબ્દને શરમ અને વેદના નીતરતો બનાવીને, અદ્દ્ભુત વેધકતાથી કહી છે. એની કાળજુ કાપતી અનુભૂતિમાં રાહત મળી રહે એ કૃતિ છે પોપટલાલ પંચાલ રચિત 'આ લંડન છે'.

લંડન પરનું આ તો એક રોમાંચક ઊર્મિકાવ્ય છે. અંગ્રેજ કવિ William Wordsworthનું આવું જ રોમાંચ અનુભવાવતું Lyric છે 'From the Westminster Bridge'. બંને કવિઓ લંડન શહેરના ઉત્કટ ચાહકો, આશિકો. બંનેની આશિકી બિન શર્ત અને બેલાશક. કેટકેટલાય લોકોએ લંડનની બેશૂમાર બદબોઈ કરી હશે, પણ કવિ તો છે મક્કમ એમની ચાહતમાં.

મારે મન તો
બે જ મજાની વાર્તા છે.
લંડન મારું લાખેણું
ને હું લંડનનો આશિક
એવો ભાવભર્યો દિલનંદન છે.
વંદન છે લંડન તુજને
મુજ કોટિ કોટિ વંદન છે !
હું તારો તું મારું વહાલું
દુર્લભ દવલું લંડન છે ! [પૃ. ૧૬૪]

દિલ દેવું, સર્વથા દેવું, એ કદાચ ગુજરાતી ડાયસ્પૉરાની એક નોંધપાત્ર ખાસિયત હશે. તેથી જ તે દુનિયાના એક સો જેટલા દેશોમાં વસતો ગુજરાતી ડાયસ્પૉરા વર્ગ સ્થાનિક મુખ્ય પ્રવાહમાં આસાનીથી ભળેલો જોવા મળે છે, આ છે ગુજરાતીતાની એક અનોખી તાસીર.

અને છતાં પોતાની માતૃભૂમિ, તળ ગુજરાત કે ભારત દેશ, સાથેનો નાભિનાળ સંબંધ એ જાળવી જાણે છે. તેથી જ, તે એ જન્મભૂમિનાં સુખ-દુ:ખ સાથે સમાન અનુભૂતિ કરી જાણે છે. એની શાન, એ પોતાની શાન સમજે છે; એની શરમ, એ પોતાની શરમ પણ જાણે છે. 'આચમન'માં એ ભાવનાને સ્પર્શતાં પાંચ કાવ્યો છે. 'પુનરુત્થાન' - 'અદમ' ટંકારવીકૃત, (૨) 'સ્લમડૉગ' -અહમદ 'ગુલ' રચિત, (૩) 'અમે ગુજરાતીઓ' - 'ખય્યામ'ની કૃતિ (૪) 'અધૂરો લેટર' - પુરુષોત્તમ મિસ્ત્રીની રચના (૫) 'ત્રણ ત્રણ ગાંધી માર્યા' - પોપટલાલ પંચાલનું સર્જન.

'અદમ' તો એક મૃદુ દિલ કવિ છે. ગુજરાત તેમ જ ભારતના કેટલાક ભાગોમાં, ૨૧મી સદીના પહેલા જ દશકામાં, આચરાયેલી કોમી હિંસા, દલિતો પરના જુલ્મો, સ્ત્રીઓ પરના અત્યાચાર અને ગરીબો, વંચિતો, આદિવાસીઓ તેમ જ જુદી ભાષા બોલતા વર્ગોનું કરવામાં આવી રહેલું દમન - એ બધી માનવ અધિકારોનો ધરાર ભંગ કરતી ઈરાદાપૂર્વકની ગુનાહિત પ્રવૃત્તિ છે. કમભાગ્યે, ગુજરાત જેવા કેટલાક કિસ્સાઓમાં તો, રાજ્યની હરકત, વહીવટીતંત્ર, પોલિસદળ વગેરે ખુદ એ ગુનાઓમાં સીધી રીતે સંડોવાયેલા જોવા મળેલ છે. છતાં, પીડિતોનાં દુ:ખ-દર્દની ન તો ફરિયાદ બરાબર સંભળાય છે; ન તો એમને પૂરતો ન્યાય કે રાહત અપાય છે. 'અદમ'ના શબ્દોમાં તો એ બધાનો આધાર તો ફક્ત ઈશ્વર જ બાકી રહ્યો છે. બાકી સાચા ન્યાય માટે કોઈ આશા કિરણ દેખાતું નથી.

મારો, કાપો કરતું ટોળું આવ્યું
ઈસાઈ બાળકને સળગાવ્યું
--------------------, ત્યાં
ઈસુ સાદ સંભળાય :
મારો હાથ છે તારા માથે
હું સર્વકાળ છું તારી સાથે. [પૃ. ૧૨૪]

'અદમ'ની આકૃતિએ તો ડાયસ્પોરા સમાજને દેશના પીડિતોની પીડાના નીવારણ માટે વ્યવસ્થિત ઝુંબેશ હાથ ધરવા પ્રેરવો જોઈએ. "ઓપિનિયન" જેવા વિચારપત્રે આ ધર્મકાર્ય ઉપાડેલું છે જ. અન્ય વ્યક્તિઓ, કર્મશીલો અને સંસ્થાઓએ પણ એ માટે વધુ સક્રિય થવું જોઈએ. એ આજના સમયનો તકાજો છે.

કવિ 'ગુલ'ની રચના 'સ્લમડૉગ' આપણા દેશની ગરીબીની હઠીલી સમસ્યાને સ્પર્શે છે. 'સ્લમડૉગ મિલિયૉનેર' નામક ફિલ્મ દ્વારા તો જાણે કે ગરીબી એક વેચાઉ ચીજવસ્તુ હોય એવો ઉપક્રમ સર્જાયો છે. જરૂર છે ગરીબીનાં જૂગ-જૂનાં કારણોનું વિશ્લેષણ કરી, એ ગરીબીના ઝડપી વિદારણની. સંવેદનશીલ વ્યક્તિનાં દિલ સોંસરવી ઉતરી જાય એવી બાની પ્રયોજીને કવિએ ડાયસ્પોરા સમાજને આ પ્રશ્ને ઢંઢોળવા પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

છ છ દાયકાઓથી
મારા ભાગ્યના ઘડવૈયાઓ,
ચૂપ કેમ છો? કંઈ તો બોલો :
કોણે અપાવ્યું મને,
આ બિરુદ ? [પૃ. ૧૨૭-૮]

અને જો આપણે, વિશેષ કરીને ગુજરાતી ડાયસ્પૉરા સમાજ, આ અને આવી દેશની અન્ય સમસ્યાઓના તાકીદના ઉકેલ માટે નેતૃત્વ નહીં લઈએ, તો પેલા નક્સલવાદ, માઓવાદ, ત્રાસવાદ, જાતિગત હિંસા, કોમી નરસંહાર જેવા વિધ્વંસક માર્ગે વળતાં વાર નહીં લાગે. પાકિસ્તાની શાયર ફૈઝ અહમદ ફૈઝ એનું જ એલાન કરે છે, સાંભળો :

અય જુલ્મ કે માતો લબ ખોલો,
ચૂપ રહને વાલો, ચૂપ કબ તક;
ઊઠો લિયે ઈન હાથોં કો,
રન સે બુલાવે આયે હૈં.

બીજાં ત્રણ કાવ્યો 'અમે ગુજરાતીઓ', 'અધૂરો લેટર' અને 'ત્રણ ત્રણ ગાંધી માર્યા' આપણા દેશવાસીઓનાં આશા, સ્વાભિમાન, આત્મશ્રધ્ધા અને વિધાયક અભિગમમાંથી ચલિત થઈ નિરાશા, મિથ્યાભિમાન, આત્મપ્રતારણા અને નિષેધાત્મક, આત્મઘાતક અને હીન અભિગમ પ્રતિની અવગતિ સૂચવે છે.

કવિ 'ખય્યામ' કેવા આશાવાદી, હકારાત્મક અભિગમ ધરાવતા કવિ છે? વાંચો એમની પંક્તિઓ :

અમે ગુજરાતીઓ નામને રોશન કરી લઈશું;
બની બુલબુલ પ્રણયનાં ગીતનું ગુંજન કરી લઈશું
બની બેલી દુ:ખી દીનના, જીવન પાવન કરી લઈશું.

[પૃ. ૧૩૪]

કેવી ઉમદા નેમ ? તળ ગુજરાતની દરેક શાળાનું બાળક આ ગીત દરરોજ ગાય એ જોગવાઈ થઈ શકે? ડાયસ્પોરાનો પ્રત્યેક સભ્ય ઈચ્છે છે અને પ્રભુને પાર્થે છે કે કાવ્યમાં કવિની તમામ ખ્વાહિશો પૂરી થાય! પણ ગંદા રાજકારણથી ખદબદતા ગુજરાતના પરિસ્થિતિ કાંઈ ઓર છે. ત્યાં છેતરપીંડી છે, ગળાકાપ સત્તા સ્પર્ધા છે નગ્ન, ખુદપરસ્તી એના

પૂરાવા રૂપે બીજી બે રચનાઓ :'અધૂરા લેટર' અને 'ત્રણ ત્રણ ગાંધી માર્યા' પર્યાપ્ત છે.

'અધૂરો લેટર' તળ ગુજરાતના વાસ્તવિક જીવનની કરુણ અધૂરપો તરફ ધ્યાન દોરે છે. એક તરફ નાનકડા અગ્ર વર્ગ, ભદ્ર વર્ગની ભૌતિક સધ્ધરતા માટેની આંધળી દોટ છે. બીજી તરફ ગરીબી, વંચિતતા, અન્યાય, શોષણ, હિંસા અને નફરતનો માહોલ છે. એમાં, અંગ્રેજી ભાષામાં જ ઉધ્ધારની ચાવી હોવાના મૃગજળ તરફની દોડનું છેતરામણું ગતકડું છે. આ છે આત્મવંચનાની ભયંકર રમત ! બરાબર, યોગ્ય પળે જ પેલી બાળકી ચિલ્લાઈ ઊઠે છે :

ઓ ગૉડ ! ફરી ગઈ લાઈટ
આઈ ડૉન્ટ સી. રાઈટ ! [પૃ. ૧૫૪]

બધે અંધકાર છે કશું દેખાતું નથી. આ કાવ્ય દ્વારા કવિએ ખરા સમયે આફતની ઘંટડી વગાડી છે. અને બરાબર એ જ ટાંકણે કવિ પોપટલાલ પંચાલ પ્રવેશે છે, પડદો ઊંચકાઈ ચૂક્યો છે; તળ ગુજરાતની અને ભારતની નકરી વાસ્તવિકતા એની બધી કુરુપતા સાથે હાજરાહજૂર થઈ ચૂકી છે : એક નહીં, ત્રણ ત્રણ ગાંધીના ખૂનની વાસ્તવિકતા.

અમે કહો કેવા નરબંકા
ત્રણ ત્રણ ગાંધી માર્યા !
અમે રહ્યા એવા નરબંકા
અમે કદી ના ઝૂક્યા,
ભઈલા,
અમે ધર્મ ના ચૂક્યા ! [પૃ. ૧૫૫-૯]

આભાર પોપટલાલભાઈનો ! આભાર એમના સહયોગી ડાયસ્પોરાનો ! તળભૂમિના દંભી, પ્રપંચી, કોટા-કબાળીબાજ, હાડોહાડ સ્વાર્થી, બેઈમાન નેતાઓ અને એમનાં કાળાં કારનામાંઓના ભાગીદારોની આજ દિન સુધીની આમ પ્રજા સાથે તેમણે આચરેલી દગાબાજીની સિલસિલાબંધ તવારીખ છતી કરવા બદલ આભાર. પરંતુ એટલાથી ન અટકતાં, ડાયસ્પોરા સ્વદેશ પ્રત્યેનું એમનું ઋણ અદા કરવા એક લાંબી-ચાલે એવી ઝુંબેશ હાથ ધરે, જેથી પેલા 'નરબંકા' નસિહત પામે, અને રાજ્ય અને દેશની આમ જનતા ગાંધીની કલ્પનાનું રામરાજ્ય પામે. આ માટે ડાયસ્પૉરાના પક્ષે જોઈશે શ્રધ્ધા, પારદર્શી શ્રધ્ધા, અટલ શ્રધ્ધા આ ઉમદા મિશનમાં. એવી શ્રધ્ધા કેળવવા ટાગોરે કવિને કરેલ હાકલ યાદ રાખવા જેવી છે. આ રહી એ શાશ્વતી હાકલ :

ઊઠ, ઊભો થા, કવિ !
હોય જો પ્રાણ, દઈ દે દાન.
દુઃખ અતિ, વ્યથા અતિ, કાષ્ટભર્યો સંસાર,
શૂન્ય અતિ, ક્ષુદ્ર અતિ, બધ્ધ અંધકાર.
જોઈએ અન્ન, જોઈએ પ્રાણ, જોઈએ મુક્ત વાયુ,
જોઈએ પ્રકાશ, જોઈએ , જોઈએ પરમાયુ,
જોઈએ સાહસભરી વીરોચિત છાતી.
ઘોર દૈન્યમાં, હે કવિ !
એક દા તું સ્વર્ગ થકી,
લઈ આવ શ્રધ્ધાની મૂ----ર------તિ.

'આચમન'માંના બધા જ કવિઓએ, એમની રચનાઓ દ્વારા, ટાગોરના આ અમર લલકારને, પોતપોતાની હેસિયત મુજબ, પ્રતિસાદ આપ્યો છે જ, એ સરાહનીય છે. એ શ્રધ્ધા જ એમના હૈયામાં, તેમ જ ડાયસ્પોરાના હૈયામાં જે હામ પૂરતી રહી છે, તેના સહારે તેઓ વસવાટી ભૂમિમાં એમના સાંસ્કૃતિક પરિવર્તન[cultural change]ના પડકારને પહોંચી વળી રહ્યા જોવા મળે છે. તેમની આ પ્રક્રિયાને વાચા આપતી સાત કાવ્યકૃતિઓ છે.

તે પૈકીની એક ગઝલ દ્વારા સર્જક 'અદમ' ટંકારવીએ બહુ હળવી, પણ માર્મિક ભાષામાં, એ પ્રકિયાનું જીવંત નિરૂપણ કર્યું છે :

એક મણિબહેન થઈ ગયાં મૅરી
એક હરિભાઈ જે થયા હૅરી

ખટમીઠો ટેઈસ્ટ હવે ક્યાં છે 'અદમ'
બોર જેવું અહીં નથી ચૅરી.

આ મુલક રોજ કાનમાં કહે છે :
ઈટ એન્ડ ડ્રિન્ક એન્ડ બી મૅરી. [પૃ.૧૨૩]

ગુજરાતી ડાયસ્પોરાએ એના બાહ્ય પરિવર્તન ઉપરાંત એની ભીતરમાં આ નવું દર્શન કેટલું આત્મસાત્ કર્યું છે, એ તો સમય જ કહેશે.

પન્ના નાયકની રચના 'સમાધાન' માનવવર્તનના ઘડતરના પાયામાં રહેલ અનુકૂલન, અને સમન્વયનાં ચાલક બળોના પ્રભાવનો ક્રમિક ઈતિહાસ એમની પ્રાણવાન ભાષા અને વેગીલ પ્રવાહિતા ધરાવતી શૈલીમાં આપી દે છે. એ સંકેતે છે કે આ પ્રક્રિયા અપરિહાર્ય છે અને તેથી એને આરોપી લેતાં ઈકરાર કરે છે કે :

અમેરિકા આવ્યે
અડધી જિંદગી વીતી ગઈ છે,
મારું દૂર રહેવું કોઠે પડી ગયું છે
મારે માટે
ભારત ખૂબ દૂર થઈ ગયું છે.

મેં ય હવે ટેવ પાડી છે
બિનભારતીય પોશાક પહેરી
અમેરિકન મિત્રો સાથે
ક્રિસમસ ઉજવવાની. [પૃ. ૧૪૯-૧૫૧]

કેવો ટાળ્યો ટળે નહીં એવો બાહ્ય તેમ જ ભીતરી સાંસ્કૃતિક બદલાવ ![cultural change] અલબત્ત, આ પ્રક્રિયા એના સાંસ્કૃતિક આઘાત [cultural shock] અને આંચકાઓથી મુક્ત નથી. એ સહન કરવા એ પ્રક્રિયાનો અનિવાર્ય ભાગ છે. ત્રણ કાવ્યકૃતિઓ 'ગઝલ' - 'મહેક' ટંકારવી રચિત, અને 'રિટાયર્ડ એશિયન' તથા 'ભૂલી ગયો' બંને 'સૂફી' મનુબરી રચિત પરિવર્તન જનિત વેદનાને, ગંભીર તેમ જ હળવી બંને રીતે, વ્યક્ત કરી ભાવકની સહાનુભૂતિ મેળવી લે છે. 'મહેક'ની શિકાયત છે કે :

લાગે છે બ્હારથી બધું સુખમય અહીં, 'મહેક'
જો ડોકિયું કરો તો છે અંદર દુઃખી દુઃખી. (૧૭૭)

આ ગેય કાવ્ય હોઈ, મમળાવતાં ગાવાથી એમાંનું દર્દ ઘૂંટાઈને ઘેરું બને છે.

'સૂફી' હળવી શૈલીનો વિનોદી કસબી છે. એમની સ્વભાવગત ગ્રામીણતા અને સરળતા સાંસ્કૃતિક પરિવર્તનના આઘાતને જીરવવાની સહનશક્તિ આપે છે, એ એમના ચાહકોનો અનુભવ છે, સાંભળો, એમની દ્વિધા જે હર કોઈ ડાયસ્પોરિક જનનો સાર્વત્રિક તજરુબો છે :

કોણ મારું છે જગતમાં તે પરખાતું નથી
હું રહું અહીંયાં કે જાઉં દેશ સમજાતું નથી
[પૃ. ૧૭૯]

છે ને હેમલેટે અનુભવેલી દ્વિધા ? એનો ઉપાય દેશ પાછા જવામાં નથી એ બરાબર સમજે છે.

આભાના તારા ગણાવે એવા ઠગ છે દેશમાં
[પૃ. ૧૮૦]

ઈમિગ્રેશનના કહેવાતા એજન્ટો અને કાઉન્સિલરોનાં કારનામાંથી 'સૂફી' બરાબરના પરિચિત લાગે છે. એટલે તો, વસવાટી દેશમાં મન મનાવીને રહેવાનું નક્કી કરવું અને એ માટે ભૂતકાળ ભૂલી જવો પડે કે પોતાની અસલિયતને પણ પડતી મૂકવી પડે તો કાંઈ વાંધો નહીં, પછી ભલેને કોઈ મ્હેણાં ટોણાં માર્યા કરે. 'સૂફી'એ સાંસ્કૃતિક પરિવર્તનને કેવા હળવા ફૂલ હૈયાથી સ્વીકારવાનું વ્યવહારુ ડહાપણ દાખવવાની તરફદારી કરી છે ?

બ્રેડ ચાખીને તું સૂકો રોટલો ભૂલી ગયો.
ઈંગ્લૅન્ડની મૅડમના ટૂંકી વાળ જોઈને 'સૂફી'
તું હવે તો બોલવાનું ચોટલો ભૂલી ગયો.
[પૃ. ૧૮૧]

જો કે સાંસ્કિૃતક પરિવર્તન અને આંચકાના કેટલાક ઘા બહુ સૂક્ષ્મ હોય છે, અને તેથી તે વધુ પીડકારક, વધુ લાંબો સમય કણસાવ્યે જાય એવા અને કેટલાક કિસ્સાઓમાં વધુ ઘાતક નીવડતા હોય છે. બે ડાયસ્પોરિક કાવ્ય રચનાઓ એ વ્યક્ત કરે છે. એક છે શૈલજા પટેલ રચિત 'ગુજરાતીનું સ્વપ્ન' અને બીજી છે ભદ્રા વડગામા અનુદિત રચના 'શું હવે દુશ્મન બની ગઈ છું?' બંનેની સ્ત્રી સહજ તીવ્ર સંવેદનશીલતા અને લાગણીની ઉત્કટતા એમની કૃતિઓના શબ્દે-શબ્દે નીગળતી અનુભવી શકાય છે.

શૈલજા પટેલ સાંસ્કૃતિક બદલાવનાં વિવિધ પાસાં છતાં કરે છે. એમાં રહેલ છે જાતિ(Race)ના પ્રશ્નો, રહેણીકરણીની આંટીઘૂટીઓ, સ્વભાષા અને પરભાષા વચ્ચેનાં આંતર પ્રવાહો, જીવનશૈલીની તરાહો, અરે સમગ્ર જીવનનાં નૈતિક, સામાજિક, નાગરિકી અને સંવેગોને સ્પર્શતાં મૂલ્યો. એ તે કેવી અટપટી, સંકુલ એવી પ્રક્રિયા! જ્યારે એ એક ગોરી બાળકીને છ વર્ષની ડાયસ્પૉરાની બાળકીને આનું કહેતાં સાંભળે છે કે : 'હે કાળુડી, અમને એક ઈંડિયન ગીત સંભળાવ', ત્યાં તેનું અંતર ઊકળી ઊઠે છે. નગ્ન વંશવાદ ઓકતી ગાળો : 'Dirty black bastard,' અને 'Fucking Paki bitch'

સાંભળીને એને ધરતીમાં સમાઈ જવાની ઈચ્છા થઈ જાય છે, એ સ્વાભાવિક છે. અને એવા માહોલમાં જીવવા માટે પોતાની જ ભાષાને છેહ દેવો પડે છે ત્યારે તેને થતો વિષાદ કેવો જાન - લેતાં હોય છે, એ નીચેનાં વેણ કહી જાય છે :

માતાની જીભ

હું અંદર ને અંદર તેનું ખૂન કરું છું [પૃ. ૧૮૫]

'મારી ગુજરાતી તો ભાંગી તૂટી ગઈ, ... મારું અંગ્રેજી પણ લંગડું છે.' આ તો વ્યક્તિનું મનોવૈજ્ઞાનિક મોત જ છે ને ? ડાયસ્પોરાની જે વ્યક્તિઓ આ શાંત, છૂપા મૃત્યુનો ભોગ થતી હશે એના પરિણામે સર્જાતી માનવીય હોનારત કેવી દર્દનાક હશે?

ભદ્રા વડગામાની અનુદિત કૃતિ આવા કરુણ સાંસ્કૃતિક અંજામમાં રહેલી ગંભીરતાને છતી કરે છે. જ્યારે સ્વપ્નામાં એ બાળકોને 'માખણ જેવી ચોખ્ખી' ગુજરાતી બોલતાં સાંભળે છે, ત્યારે અંગ્રેજીના દોર-દમામભર્યા ચલણને કારણે ગુજરાતી ન બોલવાની પોતાની મજબૂરીને કારણે, ઘેરો લઘુતાભાવ અનુભવે છે. એ જ્યારે જૂએ છે કે ગોરાઓને એમની અંગ્રેજી ભાષાનું ગૂમાન એટલું બધું છે કે તેઓ છડેચોક દાવો કરે છે કે 'તેમના ઠંડાગાર તીક્ષ્ણ શબ્દો જ માત્ર સચ્ચાઈ રચે છે,' ત્યારે પોતાનું સઘળું આત્મ-સન્માનનું બળ એકઠું કરીને એ સંકલ્પ કરે છે કે :

જે શબ્દો હું રડી શકું, ચિત્કારી શકું જેમનો સ્વાદ માણી શકું.
આ ભાષા
હું
પાછી અપનાવું છું. [પૃ. ૧૮૮]

આ અટલ સંકલ્પની સાથે સાથે એ એક પાયાનો પ્રશ્ન પૂછે છે જે ભાષાનાં ચલણ, પરિવર્તન અને આયુષ્યને સ્પર્શે છે જેનો જવાબ દુનિયાના નૃવંશશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓએ શોધવો રહ્યો. આ રહ્યો એ પ્રશ્ન :

જ્યારે આપણે ભાષા ખોઈએ છીએ
ત્યારે શું આપણી સંસ્કૃતિ મૃત્યુ પામે છે? [પૃ. ૧૮૭]

આ તો એક ગહન, અસ્તિત્વમૂલક પ્રશ્ન [existential question] છે. એક ડાયસ્પોરિક કવિ દ્વારા પૂછાયેલો આ પ્રશ્ન ખુદ ડાયસ્પોરાના અસ્તિત્વનું મૂલ્ય નિર્દેશ છે.

કેટલીક વાર અસ્તિત્વને લગતા પ્રશ્નોના ઉપરની તલાશ દૈવી હસ્તક્ષેપની અપેક્ષા રાખતી હોય છે. ગુજરાતી ડાયસ્પોરાની ચેતના [consciousness]નો આ માન્યતા એક ભાગ છે. એનો મહિમા 'આચમન'માંની ત્રણ કાવ્યરચનાઓ દ્વારા ગવાયો છે. એ પૈકી બે છે પ્રદ્યુમ્ન તન્નાની રચનાઓ, 'હિસાબ' અને 'ઠાઠ'. ત્રીજી છે ધીરજબહેન શુક્લની રચના 'મોરનું પીછું'. યોગાનુયોગ, ત્રણેય ગોપીસ્પૃહિત કૃષ્ણતરસ રેલાવતી ગામઠી ભાષાએ મઢાયેલી ગેય રચનાઓ છે.

શરારતખોર ગોપીઓ, સહેજે સંકોચ વિના કૃષ્ણને સંભળાવી દે છે : 'જાવ જાવ, જાદવજી જૂઠા' અને વધુમાં સુણાવીને પરખાવી પણ દે છે કે :

આજ લગી ચૂકવ્યાં તે અરધાં માધવ
રહ્યાં અરધાં તે નથ્થ હવે દેવાં
ભવે ભવે આવજો વૈકુંઠથી અહીં વ્રજે
લેણાં બાકીનાં બધાં લેવા. [પૃ. ૧૬૬]

અને વધારામાં જાણે કે એમને પડકારતી હોય એમ ટોણો મારી કહે છે :

હલમલતી હેલ્ય લઈ મથરા પોગો તો રાજ
જાણીએ તમારો ખરો ઠાઠ. [પૃ. ૧૬૮]

છે ને ગોપીઓની હિંમત ! એના મૂળમાં રહેલો છે એમનો અનર્ગળ, નિર્મળ, નિર્વ્યાજ પ્રેમ એ પ્રેમ જ બંને વચ્ચેના દ્વૈતનું રાસાયણિક સંયોજન કરે છે જેનો મહિમા મીરાંએ આ રીતે ગાયો છે :

લાલી મેરે લાલ કી,
જિત દેખો, તિત લાલ;
લાલી દેખન મૈં ચલી,
તો મૈં ભી હો ગઈ લાલ.

વળી, ધીરજબહેન શુક્લે તો આવું દૈવી અદ્વૈત મોરપીંછમાં સ્થાપિત કરી બતાવ્યું છે ! સાંભળો એમનું ગીત :

ખોળતી એમાં ... ખોળતી એમાં ... ખોળતી એમાં
વાળ વાંકડો, નાજૂક નાનો, કામળી કાળી રંગનો ધાગો.
નિરખ્યું એમાં ... નિરખ્યું એમાં ... નિરખ્યું એમાં
રાધાજીનું મુખડું મીઠું ... ભાવ વિભારે નમતું દીઠું [પૃ. ૧૪૫]

ધર્મનું તત્ત્વ અને સત્વ એનાં યંત્રવત્ કર્મકાંડોમાં નથી હોતું. એ હોય છે સ્વાપર્ણની ભાવનામાં, પ્રેમની ભાવનામાં, કરુણાની ભાવનામાં. આ ગુણો વડે જ ગુજરાતી ડાયસ્પોરા જ્યાં જ્યાં વસે છે, ત્યાં ત્યાં આવકાર પામ્યો છે, અપનાવાયો છે. 'આચમન'માંના અન્ય કવિઓએ પણ પ્રેમપંથનાં ગુણગાન ગાયાં છે, પ્રેમાર્દ્ર માનવસંબંધોનો પુરસ્કાર કર્યો છે, અને એ પંથે પળતા રહેવાની ઝંખના રાખ્યા કરી છે. જેમ કે,

'કદમ' ટંકારવી એમની કૃતિ 'માનવ'માં કહે છે :

માણસ તેને માણસ કહીશું લાગણી જેને માણસની
બાકી બીજો શું છે તફાવત માનવમાં ને દાનવમાં? [પૃ. ૧૩૧]

એ રીતે જયન્તીલાલ ઠાકર 'જય મંગલ' - 'આશિક' 'સૂરજની સંગમાં' પ્રેમપંથ માટેની ન્યોછાવરી આ શબ્દોમાં ગાયા છે :

વાણો વણાય એવા જીવનને સહેજમાં
વેરી દીધું છે પ્રેમ-પાથમાં
(કે) નીકળ્યા'તા સૂરજની સંગ. [પૃ-૧૪૧]

કવિ ભાનુશંકર ઓધવજી વ્યાસે એમના ગહન કવનમાં પ્રેમની ભાવનાને કેવી સૂક્ષ્મ રીતે પ્રમાણી છે? એ સમજીએ :

શરદપૂનમ કે અમાસ હો, યા ચાસ ભરેલાં આભ,
પ્રણયની ભીની ભીની ભોમ, અવર કોરામોરા સંવાદ !

[પૃ. ૧૭૫]

અને પ્રેમ, કરુણા, અનુકંપા અને માનવીનાં મૂલ્યોને હ્રાસ થતાં, નફરત, ધિક્કાર અને હિંસાનો દોર થતાં, સર્જાનારી સાંસ્કૃતિક હોનારત સામે લાલબત્તી ધરી, યોગેશ પટેલે એમની કૃતિ 'ખાંભી'માં કાળવાણી ઉચ્ચારી છે કે :

કહે છે કે લોહીની નદીઓ વહેશે

ટપકતાં લોહીમાં પછી હાથ બોળી
ખાંભી પર તેઓ લખશે :
'અહીં કાળી ચામડી રહેતી હતી'
માણસનું શું થયું
તેના વાવડ
શબ્દોના વાવાઝોડામાં
ક્યાંય ભૂંસાઈ જશે. [પૃ. ૧૮૩]

ગુજરાતી ડાયસ્પોરાને કદાચ એ યાદ હશે કે ૧૯૮૪માં દિલ્હીમાં આચરાયેલા શીખોના નરસંહારમાં, ૧૯૯૨માં બાબરી મસ્જિદને જમીનદોસ્ત કરી દેશભરમાં કરાવાયેલાં કોમી દંગલોમાં અને ૨૦૦૨માં ગુજરાતમાં, રાજ્યના સમર્થન અને સહાયથી, કરાયેલા મુસ્લિમોના નરસંહારમાં ભૂંસાઈ ગયેલાં અસંખ્ય નિર્દોષ માનવજીવોની તો ખાંભી ય ચણાઈ નથી; એવા નફરતના માહોલનું મારણ, કાનૂન અને ન્યાયતંત્ર તો કરવામાં ધરાર નિષ્ફળ નીવડ્યાં છે; ત્યારે પ્રેમપંથનું ગાંધીપ્રબોધ્યું ઑસડિયું ખપ આવશે એ સંદેશ ડાયસ્પૉરા કવિઓ આપે છે. એ કેટલા બધા આશ્વાસનની ઘટના છે ! આશા છે કે ગુજરાત ડાયસ્પૉરાના ચિંતકો, કવિઓ, લેખકો, બૌદ્ધિકો, કર્મશીલો અને એના સર્વે અદના માનવીઓ ફક્ત એમના વસવાટી મુલકોને જ નહીં, બલકે તળ ગુજરાત અને ભારતને, અને હિંસા તથા નફરતથી ખદબદતા અનેક દેશોને તેમનો પ્રેમપંથનો સંદેશ હર કોઈ શક્ય રીતે, વણથંભ્યા આપતા રહેશે.

•

નિબંધ વિભાગ :-

'આચમન'નું ત્રીજું ઘટક તે એનો નિબંધ વિભાગ, જે પૃષ્ઠ ૧૮૯થી લઈને પૃષ્ઠ ૨૫૯ ના ૭૦ પાનાંમાં પથરાયેલો છે. એમાં આઠ કૃતિઓ છે. જો કે, એ બધી નિબંધ સ્વરૂપની ન હોઈ, આ વિભાગને 'પ્રકીર્ણ' જેવા વિશેષણીય શબ્દ વડે ઓળખાવવું વધારે ઉચિત રહે. નિબંધ એક વિવેચનાત્મક સ્વરૂપ

[expository]નો પ્રકાર છે. એની મધુ રાયે પૃ. ૨૩૩ પરે, બહુ યોગ્ય રીતે જ, જિકર કરી છે.

આ દૃષ્ટિએ નિબંધની વ્યાખ્યામાં આવી શકે એવી કૃતિઓ છે જે આ રહી. (૧) જગદીશ હવે લિખિત 'ભાષા, સમાજમૂલક ભાષાશિક્ષણ અને બ્રિટનના ગુજરાતી સમાજનું દાયિત્વ' [પૃ. ૧૮૯ થી ૨૦૧]; (૨) દીપક બારડોલીકર લિખિત 'કરાંચીથી કેલિફોર્નિયા સુધી' [પૃ. ૨૧૧ થી ૨૧૯]; (૩) પરિસીમા બીજવાડિયા લિખિત 'પરદેશમાં વસતી વ્યક્તિ માટે બંને ભાષા જીવંત શીખવાનો કોઈ હેતુ ખરો ?' [પૃ. ૨૨૦ થી ૨૨૪].

ઉપરના ત્રણેય નિબંધો ભાષાના એક યા બીજા પરિણામને સ્પર્શે છે, અને તેને પોતાની રીતે ચર્ચીને સુરેખ રીતે વિકસાવે છે. જો કે, ભાષાને જ કેન્દ્રમાં રાખી, બીજાં બે સાહિત્ય સ્વરૂપો દ્વારા, ગુજરાતી ભાષાને સ્પર્શતી બે સમસ્યાઓ, ખૂબીપૂર્વક ચર્ચવામાં આવી છે. એક છે વ્યાખ્યાન, અને તે પણ કેન્દ્રવર્તી ચાવીરૂપ વ્યાખ્યાન [keynote address] દ્વારા મધુ રાયે 'ઇનવર્ટેડ કારપેટ યાને ઊંધી જાજમ'માં ચર્ચેલ ભાષાંતરની વિભાવના. બીજું સાહિત્યસ્વરૂપ અજમાવવામાં આવ્યું છે તે છે સંવાદ, જે "ઓપિનિયન"માંથી લેવામાં આવ્યું છે. એનું શીર્ષક સંવાદને ઉત્તેજક બનાવે એવું છે. 'કોણ કહે છે ગુજરાતી ભાષા મરવા પડી છે? અરે, એ તો જીવતી રહે છે, અંગ્રેજી વચ્ચે'. આમ જોતાં આઠ કૃતિઓ પૈકી, પાંચની નિસબત ભાષા, વિશેષ કરીને ગુજરાતી ભાષા, અને તે પણ માતૃભાષા રૂપે ગુજરાતી ભાષા સાથે રહેલી છે. ગુજરાતી ડાયસ્પોરા અને તેમાં ય એનો સાહિત્યકારો જેવો બૌધ્ધિક વર્ગ, એના રોજ-બ-રોજના જીવન જ નહીં, પણ એના સમગ્ર અસ્તિત્વ અને અસ્મિતાના ભાવિ વિષે પણ, ભાષા પ્રત્યયન અને અભિવ્યક્તિની દૃષ્ટિએ, કેવી ચિંતા અને જાગ્રતિ ધરાવે છે એ જોઈ શકાય છે. આ છે એક જીવતી પ્રજાની ઓળખ, જે એક ગુજરાતી તરીકે સૌ કોઈને ઝેબ આપે એવી છે.

જગદીશ દવે ખુદ એક ખ્યાતનામ ભાષાશાસ્ત્રી હોવા ઉપરાંત ભાષાશિક્ષક અમે સંશોધક તરીકે જાણીતા છે. એમણે એમના નિબંધમાં ભાષાની એક સામાજિક ઘટક તરીકેની વિભાવના વિશુધ્ધાથી ચર્ચી, સ્પષ્ટ કરી છે અને તેમ કરીને ભાષાના સ્વરૂપ, ભાષાની વ્યક્તિ દ્વારા થતી સાધના ભાષાશિક્ષણની પ્રવિધિઓ, અભ્યાસક્રમ રચના, અધ્યયનની સામગ્રીઓ, શિક્ષકની તાલીમ અને સમાજના ઉત્તરદાયિત્વના વિવિધ મુદ્દાને, ફક્ત શસ્ત્રીય ઢબે જ નહીં, પણ વ્યવહારુ દૃષ્ટિએ, ચોટદાર દૃષ્ટાંતો દ્વારા, ચર્ચ્યા છે. એમણે કરેલાં નવ જેટલાં સૂચનો [પૃ-૨૦૦] ગમે તે દેશ-કાળના સંદર્ભમાં, ખૂબ વજૂદ અને વજન ધરાવે છે. એમણે નિબંધના અંતે કરેલી અપીલ ડાયસ્પૉરા ભૂમિમાં તેમ જ તળ ગુજરાતમાં સૌએ - શિક્ષણના નીતિના નિર્ધારકોએ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વાલી અને બૃહદ સમાજે, ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેવાની જરૂર છે. એ કહે છે, 'વકીલ હોય કે વેપારી, બસ કંડક્ટર હોય કે સેલ્સમૅન, શિક્ષક હોય કે નિવૃત્ત વાલી, જીવનના વિવિધ ક્ષેત્રે ખૂંપેલા ગુજરાતીને, પોતાનાં સંતાનો ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું સર્વોત્તમ શિક્ષણ આપવાની મહેચ્છા જાગે તે માટેની ઝુંબેશ મિશનરી ઢબે સમાજમાં પ્રગટે તેમ આજના આ સપરમા ટાણે ઈચ્છીએ.' આ તો સૌ કોઈ હિતધારકનું પોતાના તરફ તેમ જ પોતાના સમાજ તરફ, અને હવેના વૈશ્વીકીકરણના તરલ યુગમાંનો, વિશ્વ સમાજ તરફનું દાયિત્વ છે. એ દાયિત્વ, કેટલાંક અપાકર્ષણોને કારણે નજર અંદાજ કરવામાં આવે એની સારી ચેતવણી આપતાં જગદીશ દવેએ કહ્યું છે કે : 'લક્ષ્મીની ઉપાસનાની આંધળી દોટમાં સંસ્કૃતિ પૂજાની સરસ્વતીને આપણે વિસારે મૂકી દીધી છે. ભાવિ પ્રજાને જ્યારે એની જાણ થશે ત્યારે એ વડીલોને માફ નહીં કરે.' [પૃ-૧૯૯-૨૦૦]. એમની આ ચેતવણી તો ફક્ત ભાષાના શિક્ષણને નહીં, પરંતુ જીવનનાં અન્ય તમામ નિર્ણાયક ક્ષેત્રો જ્યાં કે બૃહદ્ શિક્ષણ, સાહિત્ય અને કલાનું સંવર્ધન, નાગરિકતાની સુટેવોનું ઘડતર અને આધ્યાત્મિક નૈતિક મૂલ્યોના જતનનાં ક્ષેત્રોને પણ લાગુ પડે છે. એમ નથી લાગતું કે ગુજરાતી સમાજ તળ ગૂજરાતનો તેમ જ ડાયસ્પૉરાનો એના અસ્તિત્વ તેમ જ વિકાસની યાત્રાના એક ખૂબ નાજુક અને નિર્ણાયક વળાંક પર આવીને ઊભો છે !

એવા વળાંક પર પોતે ઊભેલ છે એનો અહેસાસ કરાવતો પરિસીમા બીજવાડિયાનો નિબંધ વાંચવા જેવો, સમજવા જેવો અને અમલમાં મૂકવા જેવો છે. વર્તમાન દોર ચાલી રહ્યો છે સંકીર્ણ સ્વાર્થની ગણતરીનો જે ઝડપથી, ઓછા શ્રમે અને મહત્તમ લાભથી પ્રાપ્ત થઈ શકે એ મેળવી લેવું. હવે તો, એક જ બલિયસી ભાષા - અંગ્રેજી વડે દેશ અને દુનિયામાં આબાદ થવાના અભરખા લોકો પર ચઢી બેઠા છે એ ટાણે લેખિકા પેલી ખૂબ જાણીતી કહેવત : 'ગરથ ગાંઠે, ને વિદ્યા પાઠે'નો આધાર આપી, વ્યવહારુ તેમ જ સામાજિક દૃષ્ટિએ, બહુભાષીપણાની ભલામણ કરે છે અને સમજાવે છે કે : 'ઘણાં માતાપિતાને બીક લાગે છે કે માતૃભાષા બોલ્યા-વાંચ્યા કરવાથી બીજી પરદેશી ભાષા શીખવવામાં રૂકાવટ આવે છે; ને પરદેશમાં ભલે ને તમે માતૃભાષાના પંડિત હો, છતાં તે દેશની ભાવના વધારે જરૂર પડે. તેથી માતૃભાષાની માથાકૂટ છોડી દેવી.' (પૃ. ૨૨૨) આમ બે ભાષા શીખવાને વેઠ કે ઝંઝટ માનનારાતે લેખિકા સૂચવે છે તેમ પ્રશ્ન પૂછીએ કે : 'તમને એક કરતાં કે વધારે ભાષા આવડવાથી જીવનમાં કોઈ નુકશાન થયું છે ? બે ભાષા આવડવા છતાં ય વિચારવાનું તમને તમારી ભાષામાં સરળ નથી પડતું ? Concepts (ખ્યાલો) સમજવામાં માતૃભાષાની મદદ ઘણી હોય છે. એક વખત Concepts સમજાયા પછી ગમે તે ભાષામાં રજૂઆત થઈ શકે. આ રીતે જોતાં પણ નવી પેઢીને એકથી વધારે ભાષા શીખવા સમજ પ્રેરીને તેના માટેની સગવડ આપવાની ફરજ આગળની પેઢીની છે. પણ તે ખાસ બાપદાદાઓએ ગરથ આપ્યું તો હવે તે મારો વારો છે.'

કમભાગ્યે ધનદોલત, જમીનજાયદાદ જેવી ગરથ તો ઠીક, પરંતુ ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, કલા, ધર્મ, વગેરે જેવી ગરથ પ્રત્યે ગુજરાતી માણસ પ્રમાદ સેવતો જોવા મળે છે. એનું આવરણ ગુજરાતી સાહિત્ય જગતના એક હોનહાર સર્જક એવા બુઝુર્ગ દીપક બારડોલીકરને કેવી વેદના પહોંચાડે છે. સાંભળો દીપકને : 'અમારા દેશમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનું ભાવિ ઉજ્જ્વળ છે એવું વિધાન કરીને હું આપને ગુમરાહ કરવા ઈચ્છતો નથી. કહેવત છે કે કૂવામાં હોય, તો હવાડામાં આવે, પણ અમારે ત્યાં કૂવા જ સૂકાવા માંડ્યા છે. નિશાળોમાં ગુજરાતી શિક્ષણનો ક્રમ લોપાતો જઈ રહ્યો છે. ઘરોમાં પણ ગુજરાતીનો વાવર ઘટ્યો છે. પાઠ્યપુસ્તકો સુધ્ધાં મળી શકતાં નથી. શિક્ષકો પણ મુશ્કેલીથી મળે છે. સંજોગો વિપરીત છે. આવી સ્થિતિમાં ભાષાનો પ્રવાહ શી રીતે ભાવિના ગર્ભમાં જારી રહી શકશે અને સાહિત્યનો વિકાસ થશે એ સહેજે સમજમાં આવી શકે એવી વાત છે. ગમે તેમ પણ અત્યારે તો ગુજરાતી ભાષા અમારા, વનપ્રવેશ કરી ચૂકેલાઓના ખભે ચઢીને મહેફિલમાં મહાલ રહી છે.'

આવી ભાષાની અવગણનાની આબોહવામાં પાકિસ્તાનમાં, વિશેષ કરીને વાનપ્રસ્થમાં પહોંચી ચૂકેલ પેઢી દ્વારા ગુજરાતી ભાષાને જીવતી અને શક્ય એટલી આબાદ કરવા, કરવામાં આવી રહેલા સાહિત્યસર્જનનું દીપકે આપેલું બયાન સૌની હિંમત અફઝાઈશ કરે એવું પ્રાણવાન છે. અલબત્ત, ભાષાના ભાષકોનો પ્રમાદ તો એના વિકાસ માટે ઘાતક નીવડતો હોય છે જ. દીપક તેથી આગળ જઈને બીજા એક વધુ ઘાતક પરિબળ તો વિષાદપૂર્વક ઉલ્લેખ કરે છે. એ છે ડાયસ્પૉરા ગુજરાતી સાહિત્ય પ્રત્યેનું તળ ગુજરાતની ભાષા અને સાહિત્યક્ષેત્રની સંસ્થાઓનું ધરાર નકારાત્મક વલણ, નિષ્કાસન[exclusion]નું વલણ. આ વલણના સંદર્ભે દીપક આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની આ પંક્તિઓનું સ્મરણ કરાવે છે :

બારણું બંધ હુ જ્યારે
કરું છું, ચિત્તમાં રહ્યું
કોક ત્યાં બોલી ઊઠે છે :
'કોણ બહાર રહી ગયું?'

અને દુ:ખપૂર્વક ઉમેરે છે કે : 'બારણું બંધ કરતાં કવિચિત્તને તો બહાર રહી ગયેલાઓને ચિંતા થાય છે, અને તે તેમની સાથે સંપર્ક જોડવા વલખાં મારે છે, પરંતુ તળ ગુજરાતની આગેવાન સાહિત્યિક સંસ્થાઓને કદાચ બહાર રહી ગયેલાઓનો કોઈ અહેસાસ રહ્યો નથી.' [પૃષ્ઠ : ૨૧૩]

અલબત્ત, તળ ગુજરાતે અને તેની સંસ્થાઓએ ડાયસ્પોરિક ભાંડુંડાં તરફ વધુ વિધાયક, વધુ પ્રોત્સાહક, વધુ સહાયક વલણ દાખવવું એ પરિવારના

વડા તરીકે નૈતિક કર્તવ્ય રહેશે. ગુજરાતી ભાષા સંસ્કૃતિ અને અસ્મિતાનું ભલું એવા વલણ પર નિર્ભર રહેશે, એમ કહેવું અતિશયોક્તિ નથી.

'આચમન'માંની બીજી બે કૃતિઓ છે : મધુ રાયની 'ઈનવર્ટેડ કારપેટની, અને "ઓપિનિયન"માંથી લેવાયેલ સંવાદ 'કોણ કહે છે ...... ?'ની. મધુ રાયે એમનું વ્યાખ્યાન આપવા પાછળનો હેતુ આ શબ્દોમાં સ્પષ્ટ કર્યો છે : 'આ વક્તવ્યનું પ્રયોજન છે, ચર્ચા ઊભી કરવાનું. આ વિધાનનું નિમિત્ત છે બાજી માંડવાનું. સૌને તેરે તેર પાનાં વહેંચીને આપણે રમીએ, કોઈ દુકીથી એકો કાપે, કોઈ સત્તાનો હાથ લઈ જાય, આનંદ સાથે બેસીને સાહિત્યનાં પીયૂષ પીવાનો આનંદ.' (પૃ. ૨૩૪) 'અમદાવાદની લાલ પોળમાં, બાલા હનુમાનની દેરી પાસે, બહેરા વૈદ્યના ખાંચામાં જીવણ ઓઝાના વિલાયતી નળિયાવાળા એક માળિયામાં' જન્મેલ અમદાવાદી એના ભેરુઓ સાથે પોળના નાકે આવેલા ગીધાકાકાના ઘરના ઓટલે પાનાં રમી આનંદ લૂંટનારની સહજભાવે સ્ફૂરેલ આ ભાષા છે ને? કોઠાની ભાષાના માહિર એવા મધુ રાય જ આ ભાષાનો મહિમા કરી શકે. આ રહી એમની એ 'માતૃભાષા'ની વિભાવના : 'માતૃભાષા એટલે આપણા બાળપણની ભાષા. માતાના ઉદરમાંથી ઉંવા ઉંવા કરતાં પ્રાણવાયુનાં પ્રથમ ગ્રાસ કરતાં કરતાં અવચેતન મનથી જે શીખીએ તે ભાષા, આપણી ઈન્દ્રિયો જે જે અનુભવે તે તે આપણા મગજની બેંકમાં જમે કરીએ તે ભાષા. આપણો જન્મ કરાવતી દાયણના તંબોળી રંગના દાંત, માળિયાનાં નળિયામાંથી ચૂતો ભેજ, પોળની નીકોમાં દોડતા પાણીનો કોલાહલ અને આપણા પ્રથમ રુદનનો નિનાદ આપણા મનમાં જે ભાષા અંકિત થાય તે ભાષા ...... માતૃભાષા એટલે તે ભાષા. આપણી પ્રથમ ભાષા.' (પૃ. ૨૩૬) એક મનોવૈજ્ઞાનિક ભાષાશાસ્ત્રના જ્ઞાતા એની અટપટી શાસ્ત્રીય પરિભાષામાં જે વ્યાખ્યા આપે, તે કોશિયાની ભાષામાં મધુ રાયે કેટલી સરળતાથી અને વેધકતાથી રચી છે !

માતૃભાષાની આ વિભાવનાને વિસ્તારતાં, ઘણાં સીનિકો, સવાઈ સીનિકો અને સીનિકોની દુનિયાના સરદારોના ભ્રમનું નિરસન કરવા તેમણે કહ્યું છે કે : 'અહીં ઇંગ્લેંન્ડ કે અમેરિકામાં ઉછરતાં ગુજરાતી ટાબરોની અને ટોટિયાઓની માતાની ભાષા ગુજરાતી હશે; પરંતુ તેમની માતૃભાષા અંગ્રેજી છે, તેમને અંગ્રેજીમાં અનુભૂતિ થાય છે. તે લોકો અંગરેજી કે અમેરિકા આબોહવા, ખાણીપીણી અને રીતરસમ ને પ્રીતિ-કસમ ને વિધિનિયમથી પરિચિત છે.' [પૃ. ૨૩૭] આમ માતૃભાષા એ માનવબળની પાયાની સાંસ્કૃતિક સંપદા. ભાષાશાસ્ત્રીઓ અને નૃવંશસાસ્ત્રીઓના આજ દિન સુધીના અભ્યાસો અને પ્રયોગો દ્વારા લાધેલું સત્ય એ વાતનું પ્રતિપાદન કરે છે કે માનવીની ભાષાની ક્ષમતા તેની બીજી, ત્રીજી, ચોથી .... એમ અન્ય ભાષાની એની ક્ષમતા-અક્ષમતા નક્કી કરતી હોય છે. તેથી જ મધુ રાય ભાષા વિનિયોગને સ્પર્શતું આ તારણ આપે છે કે - 'મારું માનવું છે કે લખવા માટે નૈસર્ગિક માધ્યમ માતૃભાષા છે અને ભાષાંતર માટે પણ નૈસર્ગિક માધ્યમ માતૃભાષા છે અને ભાષાંતર માટે પણ નૈસર્ગિક માધ્યમ માતૃભાષા છે.' [પૃ. ૨૩૪]

માતૃભાષા [mother tongue] અને ઈતર ભાષા/ભાષાઓ[other tongue]ના પારસ્પરિક સંબંધોની સૈધ્ધાંતિક માંડણી કરી બતાવવાનું મધુ રાયનું પ્રયોજન સૌને વિચાર કરવાનું છે અને નાહકના એક યા બીજા પ્રકારના સીનિક થવામાંથી એમને બચાવવાનું છે. એમણે પૃ. ૨૩૩ પરે આપેલા એમના બાયોડેટામાં પોતે શિક્ષક પણ હતા કે કેમ તેનો ઉલ્લેખ નથી; જો કે સાહિત્યકાર એની રીતે એક પ્રકારનો લોકશિક્ષક અવશ્ય છે જ. એમણે, આ પૂરાવા રૂપે એમના વક્તવ્યનું સમાપન કરતાં કહ્યું છે કે : 'અગાઉ કહ્યું તેમ, આ વક્તવ્યનું પ્રયોજન આટલું જ છે; એક વાત વહેતી મૂકીને આપ સૌના વિચાર જાણવા. એક બહસનો આગાઝ, એટલે કે પ્રારંભ કરવો, અને અંજામ, યાને પરિણામ પ્રભુને સોંપી દેવું.' એમ કહીને એમ આ શેર ટાંક્યો છે :

યહ લો રોશન હુઈ શમા, લો આ ગયે પરવાને
આગાઝ તો અચ્છા હૈ, અંજામ ખુદા જાને.

સર્જનશીલ [creative] શિક્ષક આમ જ કરે; સૌને વિચારતા કરે, એમને ચર્ચા કરવા પ્રેરે, એમની હૈયાઉકલતને ઢંઢોળે. આ માટે શ્રોતા જાગ્રતમના હોવો જોઈએ. એણે સઘળ સંદર્ભોથી અવગત રહેવું પડે. એમ ન હોય, તો એ, નીચેના શેર નિર્દેશે છે એવો ગાફેલ, ગુમરાહ જ બની રહે :

સૂની હકાયતે હસ્તી, તો દરમિયાઁ સે સૂની,
ન ઈબ્તિદા કી ખબર હૈ, ન ઈન્તિહા માલૂમ.

જો કે 'કોણ કહે છે ગુજરાતી ભાષા મરવા પડી છે? અરે, એ તો જીવતી રહે છે અંગ્રેજી વચ્ચે'ના સંવાદકારો ન તો ગાફેલ છે, ન તો ગુમરાહ. એ જે કોઈ સંવાદ કરે છે, એ ભીતરમાંની ખાતરીથી અને બહારના દેખીતા ઉત્સાહથી કરે છે. ધાણી ફૂટે એમ ધડધડાટ અંગ્રેજી શબ્દો વડે મઢેલી ગુજરાતી [કે ગુજરાતી શબ્દો વડે લંગડાતી અંગ્રેજી] બોલે છે. એ સંવાદ કરે છે એક મુલાકાતી અને ઉચ્ચ વ્યવસાયી વ્યક્તિ એવા દાક્તર; મધ્યમવર્ગી માતા અને ગુજરાતી class ભરતી દીકરી; અને એવી જ મધ્યમવર્ગની બે ગૃહિણીઓ - શોભના અને નિશા. સંવાદમાંનાં બંને પાત્રોને પ્રત્યાયન કરવું છે, પોતાના વિચારો અન્ય સમજે એ રીતે પહોંચાડવા છે, અને એમ થતાં, એમણે સફળતાપૂર્વક પોતાનો સંદેશ પહોંચાડ્યો છે એમ માનીને, આત્મસંતોષ, અને તેમાંથી નીપજને આનંદ અનુભવવો છે. આ એક માનવ વ્યવહારનું જ લક્ષણ છે ને ? એને અખો પણ સમર્થન આપે છે ને ?

ભાષાને શું વળગે ભૂર,
જે રણમાં જીતે તે શૂર.

અને આવા પ્રત્યાયનથી પણ હેતુ સરતો હોય તો કટાક્ષમાં પણ, લેખક કહે છે એ ખાતરીલાયક લાગે છે ને? 'આવું સાંભળીને, ભાઈઓ અને બહેનો, ગુજરાતી મરવા પડી છે એવું અપશુકનિયાળ વચ્ચે બોલશો નહીં, જ્યાં સુધી આવા અંગ્રેજી વાક્યોમાં, ક્યાંક ક્યાંક પણ ગુજરાતી શબ્દો ડોકિયાં કરે જાય છે, ત્યાં સુધી તે જીવિત રહેવાની. આશા ગુમાવશો નહિ. તો take care અને see you later.' [પૃ. ૨૫૯]

આવું વર્ણસંકરી આદાન-પ્રદાન ઈંગ્લેડ, અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા વગેરે જેવા અંગ્રેજીભાષી વસવાટી મુલકોમાં થાય, તો એ, જે તે દેશના સાંસ્કૃતિક પર્યાવરણમાં, કઢંગુ નથી લાગતું; પરંતુ ખુદ તળ ગુજરાતમાં, તેનાં શહેર, ગામ અને ગામડાંમાં, લોકજીવનના અનેકાનેક ક્ષેત્રોમાં, ભલે પછી તે સરકારી કે કોર્પોરેટ ઓફિસો હોય, વેપાર, ઉદ્યોગ, બેન્ક, વીમો, વાહનવ્યવહાર ઈત્યાદિનાં ક્ષેત્રો હોય, ખુશી-ગમીના પ્રસંગો હોય, અરે, ગુજરાતીમાં પ્રગટ થતાં અખબારો, સામયિકો, પુસ્તકો અને ઈતર સાહિત્ય હોય, એ ક્ષેત્રોમાં એ રીતનું આદાન-પ્રદાન થતું હોય તો એ વધુ કઢંગુ લાગે છે. અલબત્ત, આવો અભિપ્રાય જે તે વ્યક્તિની ભાષા અને સંસ્કૃતિની સંવેદનશીલતાની માત્રા અને નજાકત પર આધાર રાખે છે.

પણ એમ થતાં, એ વાસ્તવિકતા ટળી શકતી નથી. એને તો સાંપ્રત સમાજે સ્વીકૃતિ આપી છે. અને ભાષા વિકાસ અને પરિવર્તનનાં ક્ષેત્રોએ લોકસ્વીકાર [acceptance] એક માન્ય સિધ્ધાંત છે જ. તો 'નવ કરશો કોઈ શોક - રસિકડાં, નવ કરશો કોઈ શોક.'નો અભિગમ રાખી, सर्व नाशे समुत्पने अर्धम् त्यजति पंडितः।નું સૂત્ર યાદ રાખવું રહ્યું. 'Take Care અને See you later.' એમ કરશો ને?

'આચમન'ની 'અવલોકન યાત્રા'નો અંત મીઠો મધુરો અને મનભાવના બન્યો છે. 'ઝંઝાને ઝપાટે' અને 'આકંઠપાન' જેવી સુરુચિપૂર્ણ, सत्यम्, शिवम्, सुंदरम्ની ભરપેટે આનંદની અનુભૂતિ કરાવતી, અનુક્રમે વાર્તા અને પ્રકૃતિની પ્રવાસ કથા, બંનેના શબ્દે શબ્દે, Shelleyની 'A Thing of Beauty and Joy for Ever'ની શ્રધ્ધાનો સાક્ષાત્કાર કરાવતી ખૂબ રોચક કૃતિઓ છે. બંને પંડિતયુગની લાલિત્યભરી ભાષા વડે રમણીય અને રણકતી રચનાઓ બનવા પામી છે. વાચકે એમનું વારંવાર રસપાન કરવા જેવું છે. એમ કરતાં, એને કોઈ પણ પ્રકારે થકાન તો અનુભવવાની થશે જ નહીં, પરંતુ પ્રત્યેક પુનઃવાચન એની આનંદ અનુભૂતિને શતધા ગુણિત કરશે. બંને સર્જકોની રસિલીશૈલી, ગાલિબની એવી જ અજનબી અદાની, યાદ આપે છે :

વૈસે તો હૈં દુનિયા મેં સુખનવર બહુત અચ્છે
લેકિન હૈ ગાલિબ કા, અંદાઝે બયાં ઔર !!

એ 'અંદાઝે બયાં' વાગોળતાં, જેમને 'આચમન' અર્પણ કરવામાં આવ્યું. એવા નામી 'સુખનવર', વિપુલ કલ્યાણીને 'આવ જો' કહી લઈએ. મધુ

રાયે વિપુલભાઈની એક ‘સુખનવર’ તરીકે કરેલી વિશિષ્ટ તારીફ યાદ રાખવા જેવી છે : ’વિપુલભાઈનું ગુજરાતી પંચકલ્યાણી ઘોડા જેવું પાણીદાર છે. મનોમન તેનું વર્નાક્યુલરમાં ટ્રાન્સલેશન કરીએ ત્યાં મહામંત્રીશ્રીનો મરમ માલમ થાય; અથવા ઊંધા અરથ થાય.’ [પૃ. ૨૩૩] એ બાનીમાં એમણે પ્રકાશ ન. શાહ [તંત્રી:”નિરીક્ષક”] સાથે ખેડેલી સહયાત્રાના વેગીલા અને જાનદાર વર્ણનમાં આફ્રિકાના ઈતિહાસની એક ખૂબ મહત્ત્વની કથા, ગાંધી દ્વારા આફ્રિકન પ્રજાની મુક્તિ માટેના આંદોલનને પ્રાપ્ત થયેલું દાર્શનિક તેમ જ વ્યાવહારિક નેતૃત્વની કથાનું કરેલું પ્રતિપાદન એમની સત્ય માટેની પ્રતિબધ્ધતાની ગવાહી આપે છે. પૃષ્ઠ ૨૫૦ પરેનું ફાતિમા મીર સાથેની મુલાકાતનું વર્ણન, અને તે જ ટાણે ઈલાબહેન ગાંધી દ્વારા કરાયેલ સમર્થન ‘ગાંધી રંગભેદી હતા અને તેમણે આફ્રિકી જનતા માટે કાંઈ લડત આપી જ નહોતી, તો કહેનારા કેટલાક ઈતિહાસબોધ વિહોણા હિન્દી લોકો છે.’ એ બંને સત્યના પ્રતિપાદનના દસ્તાવેજો તરીકેનું મૂલ્ય ધરાવે છે એમનું ‘હરખપદુડાનું હૈડાપાટું’. એ માત્ર કેસૂડાંની કલગી અને લાકડાની તલવાર સાથે નીકળેલી સસ્સારાણાની ફોજની, બાળકનાં મનોરંજન કરનારી કવાયત ન હતી. એ હતી સંશોધન યાત્રા, એવી પવિત્ર ભૂમિની યાત્રા કે જ્યાં ‘ગાંધી અપમાનબોધથી થડકતી આંખોમાંથી ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયો હતો; અને માત્ર ભારતનો જ નહિ વિશ્વની પીડિત, શોષિત, દમિત, પ્રજાઓના સંઘર્ષની જ્યોત જલી હતી.’ (પૃ. ૨૫૦) એ ભૂમિને શત શત વંદન.

શિપ્લી (યુ.કે.), ૧૬-૦૬-૨૦૧૦

[Paanch Haatdi, Bazaar,
KALOL - 382 721, Mehsana District, Gujarat, India]

(મુદ્રાંકન : શ્રુતિબહેન અમીન)

એતાનશ્રી ~

… તો તમે ક્યારે ય ‘છિન્નભિન્ન’ થશો નહીં !

• એક સત્તર વરસનો છોકરડો, ઈ.સ. ૧૯૬૮માં, હવા ખાવાના સ્થળે, આબુના નખી તળાવ કાંઠે, લટાર મારી રહ્યો હતો ત્યાં, લાગલા તેણે બૂમ પાડી : ‘અરે, આ તો ઉમાશંકર !!!’



‘સમગ્ર કવિતા’ વાંચતા શ્રી ઉમાશંકર જોશી

એ જૈફ માણસને આશ્ચર્ય થયું, પણ ગુસ્સામાં નહોતા. તે યુવાન ભણી એમણે દયાળુવૃત્તિ દર્શાવી. મોટાઈ દાખવી. પોતાની ઓળખ આપવાની એમને જરૂરત જ નહોતી લાગતી. આ યુવાનને આવું માયાળુપણે એકીટશે જોનારું મળ્યું જ નહોતું.

પડપૂછ કરતી તે હૂંફાળી વેધક આંખોને તાકતા તાકતા યુવાને કહી દીધું : ‘મેં મુંબઈમાં તમારી ‘અભિજ્ઞા’ વાંચી છે. તે ખૂબસુરત છે. તેમ છતાં, તેમાંની એક કવિતામાં તમે શું કહેવા માગો છો તે મને પમાતું નથી. … આઈન્સ્ટાઈન અને બુધ્ધ.’

‘વારુ, મારી સાથે આ વાહનમાં આવી જાઓ. સવારના ચાલવાના નિત્યક્રમમાંથી પરવારી હું સરકિટ હાઉસ ભણી જઈ રહ્યો છું. તમને રસ્તે ફોડ પાડીશ.’

સી.પી. સ્નૉની નવલકથાઓએ ક્યારનો ય વિજ્ઞાન વિરુદ્ધ માનવતાના વિરોધાભાસી વિભાગો વચ્ચે મને લટકાવી દીધો હતો. પરિણામે અધ્યાત્મના મહાન આચાર્ય અને મોટામસ્સ વિજ્ઞાની વચ્ચેના એક સરખા માર્ગ બાબત આ મહાન કવિની દૃષ્ટિ સાથે હું તાદાત્મ્ય સાધી શકતો જ નહતો.

ધીરજ ધરી, કાવ્યનો કેન્દ્રવર્તી ધ્વનિ મને એ સમજાવતા રહ્યા. કાવ્યની કંડિકાઓ વચ્ચે વચ્ચે ટાંકતા જાય અને એક એક કડીને નાજુકાઈથી સમજાવતા જાય. પેલા અધીરા અવિવેકી યુવાનના અવિકસિત મગજમાં બરાબર તે બેસતું જાય તેની એ પૂરી દરકાર પણ કરતા હતા.

ક્ષણના અનંત વિભાગ કરી, પ્રત્યેક ક્ષણઅંશે જગત
પલટતું દીઠું સતત
ને તથાગત ઉચ્ચર્યા : કાં કલેશ પામે લોક ? છે આ સર્વ ક્ષણિકમ્.

કલ્પ મન્વન્તર યુગો વર્ષો દિનો પ્રહરો ઘડી પલ વિપલ વા,
– સમય છે આ નાસ્તિ-શો : રે, સમય તો કેવળ પદાર્થવળાંક, ને

આસુરી, આ યુગયુગોથી ઉફાંદ કરતી અવનિતલની સૃષ્ટિ એ
ફૂદાની જ્યમ ચપટીક રાખ કરી દિયે જે, – દૃષ્ટિ એ

વિજ્ઞાનનું નિર્વાણ નૂતન આ
ખપશે જગતને ના.
ઈચ્છા-અનિચ્છાએ
તથાગત-દાખવ્યા વિજ્ઞાનના નિર્વાણને
ઝંખી રહ્યા વિણ મનુજનો આરો ન રે.

(ક્ષમા કરજો. ‘સમગ્ર કવિતા’નો ગ્રંથ સામે નથી અને સંદર્ભ માટે તેમાંથી કંડિકાઓ ઉધ્ધૃત કરી શકાઈ નથી. ઉમાશંકર વિશેની રજૂઆત અને કવિતા વાંચતાં વાંચતાં જ તત્કાળ આ લખાણ કરવા બેઠો છું.)

પરંતુ એમને સાંભળતું હતું કોણ ? આટલી સરસ મજાની આંખો; પ્રસન્ન સ્વસ્થ, જિજ્ઞાસુ, તાદાત્મ્ય સાધી શકાય તેવું શિક્ષણ અને સાથે સાથે કેળવાતાં જઈએ અને સાંભળતા જ રહીએ. અનંત અનાદિ કાળ પર્યન્ત તે અવાજને સાંચવી લેવાની મથામણ મને તે સમજણને પામવાને રોકતી હતી. વિદ્યાર્થી પાસે સહજપણે શ્રુતિપાઠની શિસ્ત આવશ્યક હોય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ માંહેનું એમનું વક્તવ્ય, ‘કવિનો શબ્દ’. આઠમા દશકા વેળા વિલે પાર્લે અધિવેશન ટાંકણે એમનું ટૂંકું રોકાણ. એમનું નામ રજૂ કરતાં ગુલાબદાસ બ્રોકરની આંખમાં હૂંફાળી ઝલક વર્તાતી હતી, તે સુભગ દૃશ્ય. - આ બધું તો એ પછીની જ યાદદાસ્ત છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં, તેના નિયામક વસંત ભટ્ટ સાહેબના કક્ષમાં બેસતાં જ મારામાં વીજળિક સંચાર થયેલો. કેમ કે ઉમાશંકર જોશી, એક દા, આ કક્ષમાં બેસતા અને યાદ માત્ર મને છેક 2009ની સાલમાં પણ હીલોળે ચડાવતી રહેલી.

માતાના સ્તર સુધી પહોંચી જાય તેવા ગુરુના ઉન્નત પ્રબોધન તથા લાડ લડાવતા સ્પર્શના એ રોમાંચનું કોઈ સ્થાન લઈ શકે તેમ છે જ નહીં. કાશ ! જો હું ૩૦ વરસ પહેલાં જન્મ્યો હોત, તો હું એમની પહેલી વારીનો વિદ્યાર્થી બની શક્યો હોત. કોઈક લૉકલ ટ્રૅનના તાલ અનુસારી ‘નિશીથ’ માંહેનું ‘નિશીથ હે ! નર્તક રુદ્રરમ્ય !’ સાંભળતો રહેત.

આ ‘છિન્નભિન્ન છું’ અછાંદસ કાવ્યમાં એ કવિતાનો તાલબદ્ધ લય લાવ્યા જ છે. જ્યારે પહેલાં ‘નિશીથ’માં ઉપજાતિ છંદ વાપરતાં તેમાંથી, આરોહ અવરોહ વિનાના સૂરમાંથી, મુક્ત થવાને સારુ એમણે મથામણ કરી હતી. કવિપ્રશ્નના બન્ને અંતિમો એમણે અનુભવ્યા છે.

આમ તો વૃત્ત વિના લખતાં કે તે સહિત લખતાં કવિ મનિષીઓ માટે છંદ તો શિસ્ત આણે છે. પણ છંદ શબ્દ જ જાણે કે બધી શિસ્તોને તોડી નવો જ સ્વચ્છંદ લય સ્થાપતો હોય છે.

ફક્ત ઉમાશંકર જ, કવિરેખ પ્રજાપતિ, તેના વગર અને તેની સંગોપે ખીલી ઊઠ્યા છે. ઉમાશંકર, ઉમા અને શંકર બંનેમાં ઉભયભાવી રહ્યા વગર, જગત: પિતરૌના ઉન્નત રૂપમાં ઉત્કૃષ્ટ સમન્વય સાધી શક્યા છે.

વિપુલભાઈ, મારી જન્મભૂમિ મુંબઈ આવ્યા કેડે તમે આ કવિતા ટાંકીને મને ન્યાલ કરી દીધો છે. અને આપણા આ ઉદ્દાત્ સાક્ષર અને સર્વોત્તમ અભ્યાસીના પ્રારંભિક સૃજનશીલ વર્ષો અહીં મુંબઈમાં જ વીતેલાં. આ બધું સાંભરી આવ્યું.

તમે જો ઉમાશંકર ને વાંચી શકતા હો, તો તેને સમજજો. એમના શબ્દો જોડાજોડ આંખને ખરવા દેજો. તમે ‘છિન્નભિન્ન’ થશો તેની ભીતિ તમને ક્યારે ય રહેશે નહીં !

- સતીશ જોશી

e.mail ; savaj256@yahoo.com

'વ્યથા અને વિકલ્પ'માંથી ય સામગ્રી લેવા સૂચન

• તમારી ઇ-મૈલ વાંચી આનંદ થયો. ઉમાશંકર જોશીની શતાબ્દી - ઉજવણી બદલ અભિનંદન. ગુજરાત તેમના અદ્વિતીય યોગદાન બદલ સદાયે ઋણી રહેશે. "ઓપિનિયન"નું હાર્દ્ય જનજાગૃતિ અને જન -કલ્યાણ હતું અને રહેશે ... ઉમાશંકર જોશીનાં દીકરી નંદિની જોશીની લેખમાળા -પુસ્તક 'વ્યથા અને વિકલ્પ' ઉપરના સંદર્ભમાં યોગ્ય સામગ્રી પૂરી પાડશે. તેમનાં લખાણને "ઓપિનિયન"માં પ્રકાશિત કરવાનું નમ્ર સૂચન છે.

મારા પ્રયત્ને "ઓપિનિયન" વાંચતો અને વંચાવતો રહીશ તે સહેજ.

- શૈલેષ મહેતા

e.mail : mehtasp25@gmail.com

• ઘણા સમય પછી, "ઓપિનિયન"નો અંક જોવા પામ્યો. આ ડિજિટલ અંક પાઠવવા માટે આભારી છું. આવતે મહિને મુંબઈ પરત થઈશ ત્યારે તેના પ્રકાશિત અંકો મેળવવાની તજવીજ કરીશ. કમ્પ્યૂટરમાં તે વાંચવાની મજા નથી આવતી. દરમિયાન, મારા અન્ય પરિચિતોને આ ડિજિટલ અંકનો ઇ.મૈલ મોકલીશ. તે દરેકને રૂચશે.

- કિરીટકુમાર વોરા

e.mail : kiritsm.vora@hotmail.com

• જુલાઈનો અંક મળ્યો. આભાર. દરેક અંક વાંચતાં હું ઊર્મિલ ને લાગણીશીલ બની જઉં છું તથા ભૂતકાળની કોઈક ઝંખનામાં લપેટાઈ જતો રહું છું. કેટલીક વાર તો આ બદલાઈ ગયેલા સમયને કારણે ઉદાસીન પણ બની જઉં છું. વલણો અને દૃષ્ટિબિંદુ પણ બદલી ગયાં છે.

- પ્રકાશ મોદી

e.mail : 4prakash@gmail.com

• "ઓપિનિયન"નો અંક દર મહિને મળે છે, તે મારું સદ્‌ભાગ્ય છે. આ વખતે તમે બૉનસમાં ઉમાશંકર જોશીની કવિતા ય આપી છે. તમારો આભાર માનવા માટે શબ્દો ય ઓછા પડે છે. ગુજરાતી સાહિત્ય તેમ જ ગુજરાતી સમાજ પ્રત્યેની તમારી આ નિ:સ્વાર્થ સેવાઓ માટે સહૃદય અભિનંદન સ્વીકારજો.

આર. જી. વ્યાસ

e.mail : Rg.Vyas@bilakhiaholdings.co.in

• બીજી વેબસાઈટ પર હતો અને નસીબ જોગે તમારી સાઈટનો પત્તો લાગ્યો. મારું ગુજરાતી બહુ સારું નથી, પરંતુ મને તેમાંના લેખો રસપ્રદ લાગ્યા. આથી મારાં મમ્મી માટે કેટલાક લેખો ઉતારી કાઢેલા.

અબીહાલ, અમારે ત્યાં ભારતથી મહેમાનો આવ્યાં છે. તેમણે આ સામયિક જોયું, વાંચ્યું અને રાજી થયાં. તેમને આ લેખો બાબત સારી છાપ રહી. હું તો વાંચી શકતો નથી, પરંતુ તેમના અભિપ્રાયથી કહીશ : આ કામ કરવા જેવું છે અને તેને ચાલુ જ રાખજો !

- ચન્દ્રકાન્ત માલદે

e.mail : chandrakant.malde@btinternet.com

• ઘણું સરસ. હું ખૂબ રાજી છું. કેમ કે ગુજરાતી સાહિત્યમાં ઉમાશંકર જોશીની દેણગી વિશે હું વિચાર્યા કરતો જ હતો. અહીં ભારતમાં આ રીતે કોઈ યાદ કરતું નથી. મને કહેવા દો, તમે ઉત્તમ કામ કરો છો. મારા એક દોસ્તને આ કવિતા મેં આપી. માનશો ? તે તેના પ્રેમમાં જ પડી ગયા છે ! કૂદાકૂદ કરતાં બોલતા હતા : 'ક્યા બાત ! મારે જે કંઈ કહેવું હતું તે આ કવિતામાં છે. હું નત મસ્તકે ઉમાશંકરભાઈને વંદું છું. અને જેમણે તમને આ કવિતા મોકલી આપી તેમને ય પણ.'

- ઈશ્વર પુરોહિત

e.mail : ishwarpurohit_anarde@yahoo.co.in

• તમારો ઇ.મૈલ અને સામયિક બંને મળ્યા છે. આભાર. ગુજરાતી સમાજ વચ્ચે ગુજરાતીને જાળવી રાખવાના વરસો જુના તમારા પ્રયાસોથી હું વિદિત છું. જગત ભરમાં હવે તેનો સ્વીકાર પણ છે. શુભ કામનાઓ.

- નવીન ઠકરાર

e.mail : navin.thakrar@gmail.com

• "ઓપિનિયન"ની ડિજિટલ નકલ મળી છે. આભાર. દેખાવ સરસ છે. કાર્ટૂનની ગોઠવણી સરસ થઈ છે.

- મહેન્દ્ર શાહ

e.mail : mahendraaruna1@gmail.com

• હા, અમે પણ ઉમાશંકર જોશીને પારાવાર સંભારીએ છે. ભારતના મુર્ધન્ય કવિઓમાંના એક. કેમ કરીને વિસરાય ? મને એમનાં કાવ્યો પ્રિય છે. એમનું લખાણ મને ગમતાં લખાણોમાંનું છે. મારી એક પ્રિય કવિતા છે : 'મારું જીવન તે મારી વાણી'. ગાંધીજી વિશેનું આ કાવ્ય છે. આ આદાપ્રદાન કરવા માટે આભાર.

- નિખિલ મહેતા

e.mail : itsgodsworld@yahoo.com

• મારે જણાવવું જોઈએ : ઉમાશંકરભાઈએ જે સ્થાન શોભાવેલાં એ સૌમાં, ૧૯૭૯-૮૧ દરમિયાન, 'વિશ્વભારતી'નું કુલપતિપદ સવિશેષ નોંધપાત્ર હતું. કદાચ તમારાથી આ શરતચૂક રહી ગયું હશે.

- અશોક મેઘાણી

e.mail : ashok@meghani.com

• દર મહિને "ઓપિનિયન" વાંચવું ગમે છે. લેખો વિચારપ્રદ અને રસપ્રદ હોય છે. હકીકતમાં તો હું અંકની આતુરતાપૂર્વક વાટ જોતો રહું છું. તમે ગુજરાતીની તેમ જ ગુજરાતી સાહિત્યની એક ઉમદા સેવા કરો છો. મારા જેવા જે અનેકો પરદેશ વસેલાં છે તેમને માટે તો ખાસ.

- હરીન્દ્ર વસાવડા

e.mail : harindrav@yahoo.com

• "ઓપિનિયન"નો જુલાઈ અંક મળ્યો. આભાર. ઉમાશંકર જોશીની કવિતા ગમી. એમના વિશેની ટૂંકી નોંધ વાંચવી પણ ગમી. રશિયા વિશેના જાત અનુભવોને કારણે તમે જે લખાણ આપો છો તે ય ગમે છે. રશિયા બાબત તમે વાચકને બીજી ઘણી વિગતમાહિતીઓ પણ આપો છો.

- જયંત જોશી

e.mail : jvrjoshi@yahoo.com

• સાહિત્ય બારાની કવિતા અને તેનું સાહિત્ય વાંચવી ખૂબ ગમી છે. મને મારી શાળાના દિવસો સાંભરી આવ્યા. મારાં શિક્ષકો ય સ્મરણે ચડ્યાં. ગુરુપૂર્ણિમાએ એમને વંદન હજો.

- કલ્પના ટેલર

e.mail : kbtailor@gmail.com

• જુલાઈ અંક મળ્યો. આભાર. ઉમાશંકર જોશીની કવિતા સ્પર્શી ગઈ. રશિયાની ઝાંખી કરાવતો તમારો લેખ વાંચવો ગમ્યો તેમ ૧૯મી સદીના ગુજરાતનું સત્વ દર્શાવતો દીપક મહેતાનો લેખ પણ ગમ્યો છે.

– ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

ચકાસીને ભૂલ સુધારજો

• આ અંકમાં ઉમાશંકર જોશી માટેનું લખાણ કર્યું છે, તેમાં એમની જન્મતારીખ બરાબર આપી નથી. તે ૧૨ નહીં પણ ૨૧ જુલાઈ જોઈએ. તે ચકાસીને ખરી તારીખ આપજો.

- તરલાબહેન શાહ

e.mail : tandbshah@gmail.com

તમે ખરાં જ છો. આ ભૂલ છે. ઉમાશંકર જોશીની જન્મતારીખ ૨૧ જુલાઈ ૧૯૧૧ જ છે. આ ક્ષતિ દર્શાવવા માટે તરલાબહેન શાહનો સહૃદય આભાર. તો બીજી પાસ, દરેક વાચક પ્રત્યે ક્ષમાભાવ દર્શાવી લઉં છું. (– તંત્રી)

તે લખાણ આ મુજબ હતું :

Divan Bahadur Shri Krishnalal Mohanlal Jhaveri writes in one of his pivotal books, 'Further Milestones in Gujarati Literature' [1956] : 'Gujarati poetry after the times of Dayaram has passed, roughly speaking, through three phases : an earlier one represented by Dalpatram and his school, a modern one represented by poets like Narsinhrao and his followers, and the third phase from 1930 onwards, heralded by Umashanakar and Sundaram. Narmadashanakar represents the period of transition ....' Umashankar Joshi, like Sundarm, 'sang of poverty-stricken millions in their first collections of poetry' ... 'The latest collections of these heralds of the new age, however, evince a touch of maturity, a balance and at times a desire to

transcend the temporal, the gross, the discordant and the ephemeral, and to sing of things eternal and beautiful.'

Umashankar Joshi (July 21, 1911 - December 19, 1988) was an eminent poet, scholar and writer. He received the Jnanpith Award in 1967 for his contribution to Indian, especially Gujarati literature. His works include Nishith - The God of Midnight, Gangotri, Vishwashanti- World Peace, Mahaprasthan- Great Departure, Abhijna - Recognition. He received these awards and honours : Jnanpith Award - 1967; Ranjitram Suvarna Chandrak - 1939; Narmad Suvarna Chandrak - 1947; Soviet Land Nehru Award - 1973. He held Positions as President - Gujarati Sahitya Parishad (1968); President - Sahitya Akademi (1978-1982) and Vice Chancellor - Gujarat University (1970). The Centenary Year of our great poet, albeit, a great human being, Umashankar Joshi commences now. We would therefore wish to dedicate this issue with one of his great poems [attached].

કોઈ પણ કવિને સારુ ઉમાશંકર જોશી દીવાદાંડી સમ ખડા છે

• "ઓપિનિયન" મેળવવું અને વાંચવું સદાય ય પસંદ છે. અમારા બાળવયમાં તેમ જ કિશોરાવસ્થામાં ઉમાશંકર જોશી કવિ તરીકે સતત છવાયેલા રહ્યા હતા. એમના 'વિશ્વશાંતિ'એ તો અમારા પગને જાણે કે પાંખ આપી દીધી હતી. અમારું ઉડ્ડાન અમાપ બની રહેલું. તે પછી તો જિંદગીભર હું તેમનો ચાહક બની રહ્યો છું.

એક વેળા, મારી વિદ્યાર્થી અવસ્થામાં, પાટણમાં અમારું સંગ્રહાલય હું એમને દેખાડી રહ્યો હતો. તે મારું સદ્દભાગ્ય જ હતું. જિંદગીભર સાહિત્યને ક્ષેત્રે તેમ જ જાહેર જીવનમાં વિવેક બૃહસ્પતિ રૂપે જ એ નીખર્યા છે. સંસ્કૃત અને અંગ્રેજી કાવ્યોને ઠીક ઠીક ઊંડે જઈ માણ્યાં છે અને જાણ્યાં છે તેથી કહીશ, કોઈ પણ કવિને સારુ, કોઈ પણ જગ્યાએ, દીવાદાંડી બની શકે તેવા એ છે. એમની શતાબ્દી આ રીતે મનાવવાનો તમારો નિર્ણય સરસ અને આવકાર્ય રહ્યો છે.

આપણા જૂના અને જાણીતા મિત્ર રતિભાઈ ચંદરિયાના 'ગુજરાતી લેક્સિકૉન'ના નેજા હેઠળ અમદાવાદમાં જાન્યુઆરી ૨૦૦૯ વેળા જે કાર્યક્રમ થયેલા, તેમાં ભદ્રાબહેન વડગામાને મળવાનું બનેલું. તેમણે ત્યારે મને જણાવેલું કે તેમનાં એક બહેન દિવંગત હર્ષદ બારોટને પરણ્યાં હતાં. મારી બાળ વયથી હું હર્ષદ બારોટને પહેચાનતો હતો. મારા મોટાભાઈના તે મિત્ર હતા. મારી વિદ્યાર્થી અવસ્થામાં મેં તેમની સાથે થોડોક વખત મુંબઈમાં ગાળેલો. તે દિવસોમાં તે મુંબઈમાં ફિલ્મ બનાવતા હતા. તેમની સાથેનાં મારે ય મીઠાં સંભારણાં છે.

આજકાલ હું મારા કેન્યા માંહેનાં તેમ જ ભારતમાંનાં સ્મરણો લખી રહ્યો છું. હું તેમના વિશે ય લખવા ઈચ્છું છું.

- નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ

e.mail : brahm_bhatt@sify.com

અમેરિકાના સાહિત્યજગતની ગતિવિધિ

• "ઓપિનિયન"નાં પાનાં ફેરવવાનો બહુ જ આનંદ મળે છે. દર વેળા દર પાને મને રસપ્રદ માહિતીવિગતો મળી જ રહે છે.

તમે રશિયાના પ્રવાસે ગયેલા તેનું શ્રેણીબદ્ધ તમે લખાણ કરો છો તે મારે માટે અગત્યનું છે. અમે સપ્ટેમ્બર માસ દરમિયાન ચીનનો પ્રવાસ કરવા ધારીએ છીએ. આ પહેલાં યુરોપ પ્રવાસ અંગે જેમ મેં લેખો કરેલા તેમ આ ફેરે ય કરવા વિચાર છે. તમારી પેઠે હપ્તાવાર લખાણ આપવાનું સહાયક બની શકશે.

મેં આ અંકમાં કેટલાંક નામો જોયાં છે. અભીહાલ અશોકરાવ વિદ્વાંસને ત્યાં નીલેશ રાણા, સૂચી વ્યાસ અને વિરાફ કાપડિયાને હળવા મળવાનું બન્યું. રામ ગઢવી, પન્ના નાયક, બાબુ સુથાર, કિશોર રાવલ પણ હાજર હતાં. કોઈ પણ કારણે મધુ રાય આવી નહોતા શક્યા. "ગુર્જરી"ના કિશોર દેસાઈએ બળવંત જાનીને મળવા માટેના એક મિલનનું આયોજન કરેલું. અને હા, જયંત જોશી પણ મારા સારા મિત્ર છે.

બળવંત જાની તમારા ખંડ માંહેના ડાયસ્પોરા બાબત બોલેલા. તેમણે કામોની વિષદ જાણકારી આપી. તમારા ડાયસ્પોરા વિશે જે પુસ્તક-પ્રકાશન થયાં છે તે વિશેની પણ કેટલાંક નામો રજૂ કરી તેમણે વિગતમાહિતી આપી હતી. તેમાં બળવંત નાયક એક હતા. તમારા લેખોની ખૂબી પણ તેમણે પેશ કરેલી. અમારી અહીંની 'ગુજરાતી લિટરરી ઍકેડમી ઑવ્ નૉર્થ અમેરિકા'ના નેજા હેઠળ અમેરિકામાંના ડાયસ્પોરા અંગે હવે તે સંશોધન પ્રકાશન કરવાના છે.

૩થી ૧૧ જુલાઈ વચ્ચે, અહીં અમારી 'ગુજરાતી લિટરરી ઍકેડમી'ના નેજા હેઠળ યોજાયેલી રામકથા અને જોડાજોડ સાહિત્ય મેહફિલની મારે હવે વાત કરવી છે. સુરેશ દલાલ, રઘુવીર ચૌધરી, નગીનદાસ સંઘવી, બળવંત જાની, સુમન શાહ, ચીનુ મોદી, અંકિત ત્રિવેદીની હાજરી કેન્દ્રસ્થાને રહી. મેં સ્વાભાવિક તે બાબતનું લખાણ કર્યું છે. વળી, પ્રસંગે ત્રણ પારિતોષિકો અર્પણ કરવાનું જાહેર થયું : નવીન મહેતા પુરસ્કૃત 'ચુનીલાલ વેલજી ચંદ્રક' આનંદરાવ લિંગાયતને એનાયત કરાયો. કેની દેસાઈ પુરસ્કૃત 'રમેશ પારેખ ઍવૉર્ડ' વિરાફ કાપડિયાને અપાયો. 'આદિલ સ્મૃતિ પારિતોષિક' ચીનુ મોદીને અપાયું.

આદિલ મન્સૂરીના પુત્ર સરફુએ, 'ફાધર્સ ડે' નિમિત્ત એક ખાસ સાહિત્યિક મિજલસ યોજેલી. તે ખૂબ સરસ અને આનંદદાયી કાર્યક્રમ હતો. તે વિશે ય અન્યત્ર લખ્યું છે.

મારો ત્રીજો વાર્તાસંગ્રહ 'જિંદગી એક સફર' ટૂંકમાં પ્રકાશિત થશે. તમારા મુલકમાં મિત્રો સુધી તેને પહોંચાડવા મને ત્યાં કોણ સહાયરૂપ બની શકે ? કોણ જાણે ? છે કોઈ હરિનો લાલ ?! વારુ, … અને હવે આગામી અંકની રાહ જોઈશ.

- પ્રવીણ સી. પટેલ 'શશી'

e.mail : pcpatelxshashi@aol.com

સામ્યવાદીઓ પ્રત્યે અણગમો ધરાવનારાઓને સારુ ધડો

• ૧૬ જુલાઈ ૨૦૧૦નું "નિરીક્ષક" આવ્યું અને "ઓપિનિયન"નો જુલાઈ અંક પણ આવ્યો. તમારો લેખ જોયો. આ ફેરે તમે રશિયાના કોઈક અજાણ્યા ખૂણે લઈ ગયા છો. હા, હું રશિયાના 'ઑર્થોડોક્સ ચર્ચ'ની વાત કરું છું ! પરંતુ તમને આશ્ચર્ય થતું નથી કે રશિયાના 'આ' સામ્યવાદીઓએ 'દેવળો'નું ય રક્ષણ કરેલું ! આપણે ત્યાં તો જુદો જ ચોકો છે … આપણા દાખલામાં તો બાબરીનો ધ્વંશ કરાયો, વલીની કબર નષ્ટ કરાઈ અને સોમનાથ પરે ય ઘા કરાયા ! વારુ, સામ્યવાદી પ્રત્યે અણગમો ધરાવતા ગુજરાતીઓને આમાંથી ધડો લેવા જેવો છે.

અને વળી કાત્યાબહેન માટે એકાદો શબ્દ ! ગોવામાં સૈકાઓથી સંત ફ્રાન્સિસ ઝેવિયર્સનું શબ જાળવી રખાયું છે, તેની તેમને શું જાણકારી સુદ્ધાં લાગતી નથી ?!

આવું બધું કહ્યા પછી પણ, આ જગતને સારુ, બીજી બધી વસ્તુઓ કરતાં, સવિશેષપણે નિશાળો, ઇસ્પિતાલો, બગીચાઓની જરૂરિયાત છે !

- સરૂપ ધ્રુવ

e.mail : saroop_dhruv@yahoo.co.in

સીમાડાથી પર નવા વિચારોને, નવા લેખકોને પ્રોત્સાહિત કર્યા છે

• "ઓપિનિયન"નું નવું સ્વરૂપ એની ગરિમાને ઔર તેજસ્વી બનાવી ચૂક્યું છે. "ઓપિનિયન"નાં સંકેલો અવસરે એક દહેશત હતી કે બ્રિટિશ ગુજરાતીનો પ્રભાવશાળી અવાજ ક્યાંક ખોવાઈ તો નહિ જાય ને? તમારી દૂરંદેશી, કુનેહ ને ધગશને કારણે "ઓપિનિયન"નો 'ઈ' અવાજ આજે જગતનાં વિજાણું માધ્યમમાં અહાલેક લગાવતો પડઘાય છે, એનો સબળ પુરાવો છે છેલ્લાં અંકોમાં જોવા મળેલા પ્રતિભાવોમાં. "ઓપિનિયન"ની આ સિદ્ધિ મુબારક !

સંકેલોના અવસર પર અન્ય મહાનુભાવો સાથે ચર્ચામાં મને ભાગ લેવા મળેલ એ હજુ વિસરાયું નથી ત્યાં તમે મારાં વક્તવ્યને પ્રસિદ્ધ કર્યું એ બદલ તમારો ઋણી છું. એથી ઉપરાંત, એ જ લેખ તળ ગુજરાતનાં વિખ્યાત વિચારપત્ર "નિરીક્ષક"માં સ્વીકારાય એ ઘટના તો "ઓપિનિયન"ની જ સફળતાની દ્યોતક છે. "ઓપિનિયને" હંમેશાં નવા વિચારોને, નવાં – નોખાં લેખકોને પ્રોત્સાહિત કર્યા છે, અને એ પણ કોઈ પણ પ્રકારના સીમાડા વગર, વળગણ વગર, સિવાય એક નરી નિષ્ઠા – ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સંસ્કારને જીવંત રાખવા. એથી જ તો "ઓપિનિયન" ખૂબ સાહજિકતાથી ઈન્ટરનેટી કલેવરમાં ગોઠવાઈ ગયું છે. મને લાગે છે કાગળ પર બાળપણમાં ઉછરેલું "ઓપિનિયન" સ્વસ્થતાથી, આત્મવિશ્વાસ અને ગૌરવથી ઈ-જવાનીમાં પ્રવેશ્યું છે. એનાથી "ઓપિનિયન"નાં ચાહકો વાંચકો પોરસાતા રહેશે એ નક્કી. મારી હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશો.

- ફારૂક ઘાંચી

e.mail : fdghanchi@hotmail.com

દુઃખ

• પ્રીતમ લખલાણી

બ્રહ્માએ ચિત્રગુપ્તને વહેલી સવારે બોલાવીને પૂછ્યું, 'ચિત્રગુપ્ત, તમારા ચોપડા મુજબ હવે આપણે કેટલા જીવોને તેમના કર્મ પ્રમાણે નવું જીવન બક્ષી, ફરી પાછા પૃથ્વીલોકમાં મોકલવાના છે?'

'પ્રભુ, ગઈકાલ સુધીમાં આપણે જેટલા જીવોને પૃથ્વીલોકમાં પાછા મોકલ્યા છે, તેના કરતાં હમણાં થોડો ક્વૉટા આપણે વધારવો પડશે. છેલ્લા કેટલાક મહિનાથી, તોફાન, વંટોળ, ધરતીકંપ, યુદ્ધો અને આતંકવાદને કારણે પશુપંખી અને મનુષ્યનું સારું એવું નખોદ વળી રહ્યું છે. ભલે આ બધું તેમના કર્મ પ્રમાણે થઈ રહ્યું હોય, છતાં આપણા માટે ચિંતાનો વિષય થઈ ગયો છે. ખરેખર ! હું તો આ પરિસ્થિતિથી કંટાળી ગયો છું. જો આવું જ થોડો વખત વધારે ચાલતું રહ્યું, તો હું છું એના કરતા પણ વધારે વૃદ્ધ થઈ જઈશ.'

'ચિત્રગુપ્ત, તમે શું કામ આટલી બધી ચિંતા કારણ વિના કરો છો. તમે એક કામ કરો. સ્વર્ગલોકની બહાર જે જીવો પૂર્ણ જન્મની રાહ જોતા ઊભા છે. તેમાં તમે મારો ઢંઢેરો પીટાવી લો કે આવતી કાલે સવારે ફક્ત બે કલાક માટે સ્વર્ગલોકના આઠે દરવાજા ખોલી નાખવામાં આવશે. 'જે વહેલો તે પહેલો', એ નિયમ મુજબ, જે કોઈ મારા મહેલની બહારના ભાગમાં, ફાળવેલા સમયમાં આવી પહોંચશે, તેમને ગયા જન્મના પાપ-પુણ્યની કોઈ તપાસ કર્યા વગર ફરી પાછા પૃથ્વીલોકમાં, પોતાની ઈચ્છા મુજબનું જીવન બક્ષી મોકલવવામાં આવશે.'

સૂર્ય ઊગતાની સાથે, બીજે દિવસે રોજના સમય મુજબ બ્રહ્માએ ચિત્રગુપ્તની સાથે પોતાના મહેલના ઝરૂખેથી એક નજર રાજમહેલ સામેના બાગમાં નાખી તો તેમની આંખ આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. પશુપંખી અને માનવોનાં ટોળેટોળાં ફરી પાછા પૃથ્વીલોકમાં જવા રાહ જોતાં ઊભાં હતાં.

'ચિત્રગુપ્ત, આપણે આ બધા જીવોને પૃથ્વી પર મોકલવાનું શરૂ કરી દઈએ. આજે રોજ કરતા વીસ-પચ્ચીસ ગણા જીવો ફરી જન્મવા આવી પહોંચ્યા છે. મને લાગે છે લગભગ આજે તો સાંજ પહેલા આપણે કામ પૂર્ણ કરી નહીં શકીએ. ચિત્રગુપ્ત, તમે એક પણ મિનિટ અકારણ બગાડ્યા સિવાય ટોળાં પ્રમાણે તમે તમારી કાર્યવાહી શરૂ કરી દો.'

બ્રહ્માજીની આજ્ઞા થતાં જ ચિત્રગુપ્તે એક પછી એક જીવોને તેમના નંબર પ્રમાણે બોલાવવાની શરૂઆત કરી દીધી. પ્રત્યેક ટોળામાંથી આવતા જીવની બસ એક જ ઈચ્છા હતી. હરેકને પૃથ્વી પર માણસ થઈને જન્મવું હતું. પશુપંખી અને માણસના ટોળાંમાંથી જે કોઈ બ્રહ્મા પાસે આવતા જાય એટલે ચિત્રગુપ્ત, ચોપડામાંથી તેમના ભૂતકાળનું પાનું ખોલી તેનાં કર્મ વિશેની સંપૂર્ણ વિગત બ્રહ્માજીને જણાવતા કહે, 'પ્રભુ આ જીવને તો હજી બળદ તરીકે જન્મ લેવાનો બાકી છે. પણ પ્રભુ, આજે લૉટરીમાં આ જીવ કર્મ પ્રમાણે બળદનું જીવન માંગવાને બદલે મનુષ્યનું જીવન માંગી રહ્યો છે.'

'ઠીક છે ચિત્રગુપ્ત, તમે તેના કર્મ પ્રમાણે નહીં, પણ આજે આપણે જાહેર કરેલ ઢંઢેરામાં, આપેલા વચન મુજબ, આ જીવને માણસનું જીવન બક્ષી દો. પરંતુ તમે એક બાબતનો ખ્યાલ રાખજો કે, પૃથ્વી પર આ જીવ ભલે કહેવાય મનુષ્ય પણ તે જીવન તો બળદ જેવું જીવે તે પ્રમાણે વ્યવસ્થા કરીને પછી જ તેને ધરતી પર મોકલજો.'

બ્રહ્માજીની આજ્ઞા મુજબ, ચિત્રગુપ્ત તમામ જીવોની ચોપડામાંથી સંપૂર્ણ વિગત તપાસી, તેમના પાપ પુણ્ય પ્રમાણે આ વખતે તેમને કઈ યોનિમાં જન્મ લેવાનો હતો તે જાણી બહારથી દેખાતા મનુષ્યને પૃથ્વી પર પોતાના કર્મ પ્રમાણે જીવન જીવવા મોકલવા માંડ્યા.

લગભગ સાંજ ઢળવા આવી. લગભગ આખો બાગ ખાલી થઈ ગયો. બસ સૌથી છેડે એક પંખી ફરી પૃથ્વીલોકમાં જવા, બ્રહ્માજીના આશીર્વાદની રાહ જોતું, બાગના એક વૃક્ષની ડાળે બેઠું નિરાંતે ટહુકતું હતું. બ્રહ્માજીએ તેને પોતાની પાસે બોલાવ્યું. 'અરે! પંખીરાજ, તમે કેમ સૌથી છેલ્લે ટહુકા વેરતા રહી ગયા છો? તમારે પણ માણસ થઈને આ ભવે પૃથ્વી પર પાછા ફરવાની ઈચ્છા હશે! ખરુંને; ખુશીથી, તમે પણ મારા વચન મુજબ આજે તમે મનુષ્ય અવતાર ધારણ કરીને જઈ શકો છો. ભાઈ ચિત્રગુપ્ત, તમે આ પંખીને માણસનું સર્ટીફિકેટ આપી દો, બસ પછી આપણે સાંજના ભોજન માટે રવાના થઈએ ....'

'પ્રભુ, તમોને ભૂખ લાગી હોય તો ખુશીથી જમવા જાઓ. હું તો આવતીકાલ લગી બાગમાં વૃક્ષની ડાળે ટહુકા વેરતો તમારા આગમનની રાહ જોઈશ.'

અરે! બાળક વચન મુજબ હું તને આજે તારી ઈચ્છા પ્રમાણે જન્મ આપ્યા વગર કેવી રીતે જમવા જઈ શકું, ચાલ જલદીથી મને જણાવી દે કે તારી ઈચ્છા શું છે?'

પ્રભુ, મારે પૃથ્વીલોકમાં અવશ્ય જવું છે પણ મનુષ્ય તરીકે નહીં !'

'તો પછી તારે કઈ યોનિમાં ફરી જન્મ લેવો છે?'

'પ્રભુ, મને આવતો જન્મ પણ પંખીનો જ આપો!'

'પંખીનો ? અરે! મૂર્ખ, સવારથી અહિંયા હું બેઠો છું. આજે લાખો કરોડો જીવને, તેમની ઈચ્છા મુજબ મનુષ્ય જીવન બક્ષ્યું છે. કોઈ જીવે ભૂલથી પણ ફરી પશુપંખીનું જીવન પાછું માંગ્યું નથી. પ્રત્યેક જીવને મનુષ્ય થઈને જન્મવું હતું. તું પહેલું પાત્ર છે કે ફરી પાછું મારી પાસે પંખીનું જીવન માંગી રહ્યું છે. હું તને તારી ઈચ્છા મુજબ પંખીનું જીવન ચોક્કસ આપીશ પણ તું મને તેનું રહસ્ય જણાવ કે તારે ફરી પાછું શા માટે પંખી થઈને જન્મવું છે?'

'પ્રભુ, આપની પાસે હું જીવન વિશેની ફિલોસોફીનું શું ચર્ચા કરું? આપ તો અંતર્યામી છો.'

'તું એ બધી વાત જવા દે. મને અને ચિત્રગુપ્તને તું જણાવ કે તારે શા માટે મનુષ્ય જીવનને બદલે પંખીનું જીવન જોઈએ છે?'

'પ્રભુ, મનુષ્ય જીવન અને પંખીના જીવનમાં બસ આટલો જ તફાવત છે. માણસ જીવન જીવવામાં બહુ કંજૂસ છે. પ્રત્યેક પળે સુખ દુઃખનો ગ્રાફ દોરતો રહે છે. સુખ અને દુઃખમાં કેટલો ફાયદો છે તે વિચારીને જીવનનું એકેક ડગલું ભરતો હોય છે. સુખમાં ખડખડાટ હસવાને બદલે જાણે કોઈ કંજૂસ માણસ એકેક પાઈ ગણી ગણીને વાપરતો હોય છે તે રીતે જીવનમાં હાસ્ય વાપરતો રહે છે. જ્યારે પંખી જીવનનો આ એક અનેરો લાહવો છે. જીવનની પ્રત્યેક ક્ષણ આનંદમય હોય છે. કોઈ પણ ઋતુ હોય, પછી ભલે વસંત હોય કે પાનખર. બસ અમારે તો આ બાબતમાં કોઈ ભેદ રાખવાનો હોતો નથી. જે કંઈ સમય ભાગ્યમાં મળે તેમાં લીલા ટહુકા વેરતા જીવવાનું. જેટલું લહેરથી વસંતમાં જીવવાનું એટલું જ પ્રેમથી પાનખરમાં, ક્યાં ય સુખદુઃખનો હૈયે ભાર નહીં.'

'વત્સ, તારી આ વાતથી તો આજ મારું બ્રહ્માંડ પણ ડોલી રહ્યું છે. જા પુત્ર, તને આ વખતે કોઈ ગાઢ જંગલમાં જન્મ આપવાને બદલે હું તને કોઈ ચક્રવતી રાજાના મહેલમાં સોનાના પિંજરામાં મોકલી આપું છું, પછી તારે આખી જિંદગી દાણાપાણી માટે રઝળવું નહીં પડે.'

'પ્રભુ, તમારે મને ખરેખર મારી ઈચ્છા મુજબ પંખીનું જીવન આપવું હોય તો, મહેરબાની કરીને સોનાના પિંજરે નહીં, પણ કોઈ જંગલમાં વૃક્ષોની ડાળે, ઝરણાં, પર્વતની ગોદમાં આપો. દાણાપાણી માટે જંગલમાં વૃક્ષોની ડાળે, નદી નાળે, વન વગડે અને ખેતર શેઢે ટહુકા વેરતા રઝળવાનો જે આનંદ છે તે ભલા, સોનાના પિંજરે ક્યાંથી હોય?'

ચિત્રગુપ્ત બોલ્યા, 'પ્રભુ, કાશ આજ આ વાત મારા મનમાં ઊતરી ગઈ હોત તો! પ્રભુ, બસ આ જન્મ બાદ આવતો જન્મ મને પંખીનો આપજો!'

બ્રહ્માજી હોઠમાં મલક્યા, 'ચિત્રગુપ્ત, નિયતી તો પ્રત્યેકના ભાગ્ય પ્રમાણે લેખ લખતી હોય છે. તે પ્રત્યેક જીવને સુખી જોવા ઈચ્છતી હોય છે. પણ જીવ ખુદ સામે ચાલીને દુઃખ માગી લે તો, બિચારી તે શું કરે?'

ચિત્રગુપ્તે નિઃસાસો નાંખ્યો, અરે પ્રભુ ! શું મે મારે જ હાથે પગ પર કુહાડો માર્યો ?'

[65 Falcon Drive, West Hestrietta,
NY 14586, U.S.A.]

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.08.2010]